
કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ - આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

વર્ષ ૬૧ · અંક ૧૦-૧૧ · આક્ટોબર-નવેમ્બર '૮૪ · સળંગ અંક ૭૩૦-૭૩૧ · તંત્રી : બિહારીલાલ ટાંક



હેરાત (અફઘાનિસ્તાન)ની જામી મસ્જિદના મુખ્ય પ્રવેશદ્વાર પરનું આકર્ષક શોભન અને તેની નીચે સુલતાન ગ્યાસુદ્દીન ઘોરી વિશેનાં પ્રશંસાવચનો



ભવસાગર પર મોઢ (ફોટો - પ્રમોદ ભિક્ષા)

આ અંકમાં ઇસ્લામી સુલેખનના એક વિશિષ્ટ પ્રકાર 'તુગરા' વિષે ટૂંકો પણ રસપ્રદ પરિચય આપ્યો છે. તેના અનુસંધાને ઇસ્લામી શોભન અને લેખનના એક ઉત્તમ ઉદાહરણ રૂપે આ અંકના પૂઠા ઉપર હેરાતની 'મસ્જિદે જમી'ના મુખ્ય પ્રવેશદ્વારનો થોડો અંશ દર્શાવ્યો છે. હેરાત અફઘાનિસ્તાનમાં આવેલું એક પ્રાચીન નગર છે. કેરાવા એ તેનું પ્રાચીન નામ. સિકંદરે તેના પર ચડાઈ કરેલી અને અહીં કિલ્લો બંધાવેલો. ટેકરી જેવા ઊંચા સ્થાને બંધાએલો આ કિલ્લો છેક મધ્યકાળ સુધી ખોરાસાનમાં એક મહત્ત્વનું સંરક્ષણસ્થાન ગણાતો હતો. ખોરાસાનમાં ગઝનવી શાસનકાળમાં સેલજુક નેતૃત્વમાં ભટકતી તુર્ક ટોળીઓ સામે સુલતાન મસુદ આ કિલ્લાનો ઉપયોગ કરતો. પણ સેલજુકોએ તે જીતી લઈ પોતાની તાકાત દર્શાવવા તેનો નાશ કરેલો. વખત જતાં આ સેલજુકો સામે પણ ઉત્તર તરફના તુર્કોનો ભય ઊભો થયો ત્યારે સેલજુકોએ તે કિલ્લો ફરી અને વધુ મજબૂતીથી ઊભો કર્યો. ઈ. ૧૧૭૫માં ઘોરીઓએ તેના પર જીત મેળવી અને ઇ. ૧૨૦૦માં સુલતાન ગ્યાસુદ્દીન ઘોરીએ હેરાતમાં આવેલી દસમી સદીની ભગ્ન જમી મસ્જિદનો પુનરુદ્ધાર કરાવ્યો. અગિયારમી સદીમાં પોતાની પવિત્રતા અને આધ્યાત્મિક શક્તિઓ માટે સુખ્યાત બાળસંત ખ્વાજા અબ્દુલા અન્સારીને કારણે હેરાતની આ મસ્જિદ સમગ્ર ખોરાસાનમાં ખ્યાતિ પામી હતી. ત્યારે ઈસ્લામ અને સૂફી તત્ત્વજ્ઞાનનું અહીં શિક્ષણ મળતું હતું. ગ્યાસુદ્દીને સંત ફખરુદ્દીન રાઝીના માનમાં આગમાં નાશ પામેલી આ મસ્જિદ ફરી ઊભી કરી. આ પછી ચંગીઝખાને તેનો નાશ કરેલો, ને તે પછી ફરી તેનો પુનરુદ્ધાર થએલો. આમ, ઇતિહાસના અનેક પલટાઓ ભોગવ્યા પછી ફરીફરીને ઊભી થતી રહેલી આ મસ્જિદમાં આજે ધર્મના અભ્યાસ અને મોટી સંખ્યામાં એક સાથે નમાઝ પડવા માટેના વિશાળ સ્થાન તરીકે જાણીતી છે. ઈરાનની વિશિષ્ટ ચળકતી રંગીન લાદીઓ જડીને અહીં કરેલું ભરચક શોભન કેટલું સમૃદ્ધ છે તે આ છબી જોતાં સમજાશે. આ શોભનની નીચે કરેલા સુલેખનમાં પણ ઝીણવટથી જોતાં ઉપરના ભાગે શોભનયુક્ત 'કૂફી' લિપિમાં અને નીચેના ભાગે વળાંકદાર મરોડમાં લખાણ જડેલું છે. આ છબી તથા આ અંકમાંના લેખને અનુરૂપ પુષ્ટિ આપવા 'કુમાર'ના ગુજરાતી નામાક્ષરોને પણ અમે અરબી મરોડ આપ્યો છે. પોતાના નામાક્ષરોમાં 'કુમાર' અવારનવાર આવા પ્રયોગો કરતું રહ્યું છે એ તો વાચકો જાણે જ છે. આપણી ભારતીય લિપિઓમાં લખાણના વિષયને અનુરૂપ તથા શોભનાત્મક ઘાટ-રૂપ આપવાના તુગરા વગેરે જેવા ચાતુરીયુક્ત પ્રયોગો માટે ઘણો અવકાશ છે, અને આ કલાચાતુરી ઉત્તેજન આપવા યોગ્ય પણ છે જ.

કુમાર

ઑક્ટો.-નવે. ૧૯૮૪

સળંગ અંક ૭૩૦-૭૩૧

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા - અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૧૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

મંદબુદ્ધિની માવજત

ઑગસ્ટના 'કુમાર'માં 'મંદબુદ્ધિની માવજત' વિશેનો લેખ રસપૂર્વક વાંચીને એક સ્વાનુભવ ટાંકવા લલચાઉં છું:

મારા સાળા રતુભાઈની ઉંમર હાલ પચાસેક વર્ષની હશે. પુત્રીને રેલ-માર્ગ પર ફેંકી દઈ એમનાં પત્નીએ ગૃહત્યાગ કર્યા પછી યૌવનકાળમાં એમને લાગેલા ભારે માનસિક આઘાતને પરિણામે એમનું મગજ સમતુલા ગુમાવી બેઠેલું.

નિરાધાર વૃદ્ધ માતાએ આક્રમક હદના પાગલપણા સુધી પહોંચેલા આ પુત્રને મરોલીને અમદાવાદની મેન્ટલ હૉસ્પિટલ તેમજ ઉંઝાના મીરા-દાતાર જેવાં અનેક સ્થળે અપાર કષ્ટ વેઠીને ઉપચાર કરાવેલા. એમના દેહાંત પછી આ રતુભાઈ મમતાભરી માવજત કરનાર માતાનું શિરછત્ર ગુમાવી બેઠા. વર્ષોના ઉપચાર વગેરેને પરિણામે હવે તેઓ ફક્ત 'મંદબુદ્ધિ' જ કહી શકાય એવા છે. એમને સંભાળવાની જવાબદારી સંજોગ અનુસાર એમનાં બેન એટલે કે મારા પત્નીએ ઉપાડી લીધી છે.

છેલ્લા થોડા ત્રાસજનક અનુભવ બાદ કરતાં બે-એક વર્ષના અનુભવ પછી એમના પ્રત્યે માયાળુ વર્તન અને એમની ખાણીપીણીની ખાસિયતો, પ્રસંગોપાત્ત એમનું મન બહેલાવવા કરાવેલાં યાત્રા-પ્રવાસ ઇત્યાદિના પરિણામે, આડોશી-પાડોશી તેમજ એમના ભૂતકાળથી પરિચિતો એમના વર્તમાન પરિવર્તનથી સુખદ આશ્ચર્ય અનુભવે છે.

મારા જાણવા મુજબ ચીનમાં માનસિક દર્દીઓ માટે અલગ હૉસ્પિટલો નથી, પરંતુ એમને કુટુંબની સાથે રાખીને જ સારવાર અપાય છે. પરિણામે પ્રેમની હૂંફનું ચમત્કારી રસાયણ માનવ-મન પર જાદુઈ શામક અસર નીપજાવે છે. નાનાં નિર્દોષ બાળકો પ્રત્યેનું પ્રેમાળ વલણ એમને સમાન ભૂમિકાએ રમતા કરી મૂકે છે. પ્રેમનો અભાવ માણસને તન અને મનથી ભાંગી નાખે છે, તો તેનો અભિષેક એના અંતરમાં ધરબાએલાં માનવીય કરુણાનાં ઝરણાંને ફરી વહેતાં કરી દે છે.

કુટુંબના કે સમાજના કોઈ પણ નાગરિક પ્રત્યે સ્વસ્થ માનવીએ પ્રેમપૂર્વકનો વર્તાવ રાખવો જોઇએ. એ જ ખરી માણસાઈ છે.

(સૈજપુર બોઘા) — ચીમનલાલ સોમપુરા

'કુમાર' અંક ૭૨૯માં આપેલું જાપાની ચિત્ર ગમ્યું. ચિત્રનું top (મથાળું) સમજતાં જરા વાર લાગી. અંકને આડો કરી જોતાં ચિત્ર માણવાની મજા પડી. top પ્રમાણે મથાળું બાંધ્યું હોત તો સારું હતું. કોઈ વાચક ઉતાવળે. પાનું ફેરવી જશે તો આ રીતે માણવાનું રહી જશે.

રંગીન ચિત્રો ક્યારથી આપશો? થોડાં પાનાં પણ વધી શકે તો સારું. જાહેર ખબરો પણ પૂરતી મળે છે.

'માર્ગ'ને હું 'કુમાર'નું સમકક્ષ ગણું છું. કલેવરમાં ભલે ખૂબ જ અંતર છે, પરંતુ રજૂઆત એક જ લેવલ પરની હોય છે. ક્યારેક 'કુમાર' વધુ સંપૂર્ણ લાગે છે. ગઈ કાલે માર્ગનો latest અંક જોતાં મારી માન્યતાને પૂર્તિ મળી. 'કુમાર અંક ૬૭૮ (જૂન ૧૯૮૦)નું મુખપૃષ્ઠ માર્ગના હમણાંનાં અંકનું મુખપૃષ્ઠ બન્યું છે. આ હકીકત છે એટલે જ હું 'કુમાર'ને 'માર્ગ'નું વડીલ ગણું છે.

'આનંદશર્મન્' 'કુમાર'નું આગવું અંગ બની ગયા છે. એમના ચરિત્ર-નિબંધો વાંચી આપણી આજુબાજુનાં રોજિંદાં પાત્રો – જે પહેલાં મામૂલી માણસો લાગતાં હતાં એ હવે એમનાં પાત્રો જેમ ઊંડાણભરી દષ્ટિથી જોઈ શકાય છે. રોજબરોજના પરિચિત શાકવાળા, ધોબી, ઝાડુવાળા, ફેરીવાળા, લારીવાળા વગેરે પાત્રોને આ દષ્ટિએ જોતાં એમના પ્રત્યે આત્મિયતા વધે છે...લેખકને ખૂબખૂબ અભિનંદન. પોતે અસલ નામથી ક્યારે પ્રકટ થશે? એ જવાબદારી તમારી છે.

'કુમાર'નાં પાનાં વધારવા ઉપર લખ્યું છે, પરંતુ હમણાં જે કાંઈ–જેટલું આવે છે એ Stuffed છે. અભિનંદન. તમારા યત્નો અને સૂઝ દેખાઈ આવે છે.

(સાયન-મુંબઈ-૨૨) —રમેશ બી. શાહ

*'માર્ગ' અને 'કુમાર'ને સમકક્ષ ગણવામાં આપનો 'કુમાર' પ્રત્યેનો પ્રેમ જ કારણભૂત છે. બાકી 'માર્ગ'ના જેવું આર્થિક પીઠબળ જો 'કુમાર'ને પણ હોય તો તેના જેવી સજાવટ 'કુમાર' માટે મુશ્કેલ નથી, અને તો દર અંકે રંગીન ચિત્રો પણ આપી શકાય, અને પાનાં પણ વધી શકે. આ માટે 'કુમાર'ના સંચાલકો જે મથામણ કરી રહ્યા છે તેના એક પરિણામ રૂપ જાહેરાત અમે કદાચ થોડા જ સમયમાં કરી શકીશું તેમ લાગે છે. આશા છે તેનો યોગ્ય પ્રતિઘોષ પણ સાંપડી રહેશે.

'આનંદશર્મન્' હાલ તો ગોપિત રહેવાની મઝા માણી રહ્યા છે. આપની જેમ અન્ય અનેક વાચકોએ પણ આ ચરિત્ર-નિબંધમાળાને આવકારી છે. તેમાં 'કુમાર' તો માત્ર નિમિત્ત છે. ખરો યશ લેખકને જ ઘટે છે. — સં.

...સપ્ટેમ્બરના અંકમાં શ્રી રૂબિન ડેવિડ લિખિત શ્રી ચુનીભાઈ કાપડિયાનો પરિચય વાંચ્યો...અભિનંદન. આ લેખમાંથી મને ખૂબ પ્રેરણા મળી છે. વલસાડ જિલ્લામાં ચીખલી પાસે મલવાડામાં અમારું ફાર્મ છે. અવારનવાર ત્યાં જઉં ત્યારે સૂકાં ફૂલો, ઘાસ, બિલાડીના ટોપ વગેરે એકઠાં કરું છું. વર્ષો પહેલાં તેનો ઉપયોગ કરીને લગભગ હજારેક જેટલાં અભિનંદન-પત્રો બનાવેલાં, પણ પછી ઘરની જંજાળમાં ઝાઝો વખત મળતો ન હોઈ એ પ્રવૃત્તિ બંધ પડી ગઈ હતી. ચુનીભાઈ વિષેનો લેખ વાંચતાં મડદાલ જેવું બની ગએલું મન અને હાથ ફરી પાછાં સળવળી ઊઠયાં... સાંભળ્યું છે કે આવાં ફૂલ-પાન ઉપર કોઈક કૅમિકલ લગાડી રાખતાં વર્ષો સુધી તેના મૂળ રંગ સચવાઈ રહે છે. આ વિષે માહિતી મેળવી આપી શકો તો આભારી થઈશ...'કુમાર'માંથી આ રીતે ખૂબ પ્રેરણા મળતી રહે છે. મારા મામા (સ્વ. શંકરદેવજી) એ જ મને 'કુમાર'નો પરિચય કરાવેલો અને છેલ્લાં પચ્ચીસ વર્ષથી હું 'કુમાર' મગાવું છું. એમાંથી પ્રેરણા પામી રોજિંદા જીવનમાં થતી અનુભૂતિઓ અછાંદસ કવિતા રૂપે કોઈ કોઈ વાર લખાઈ જાય છે. જો કે મામાજી કહેતા કે 'છંદમાં લખો, ખૂબ વાંચો, લખાણ પરિપકવ કરો.'

આવા પ્રેરક લેખો આપવા બદલ ફરીથી અભિનંદન અને આભાર.

(ગામદેવી-મુંબઇ) — મેધા પારેખ

ઇન્દિરા ગાંધી (અનુસંધાન પૃષ્ઠ ૨૧૧થી) એમને કદી ડગાવી શકી નહોતી. અનેક પ્રકારના વિરોધો છતાં એમણે પોતાનું લક્ષ સિદ્ધ કરવામાં કદી પાછી પાની કરી નહોતી, પરંતુ એની સામે છેવટ તો એમણે બહુધા વિજય જ પ્રાપ્ત કર્યો હતો. આંતરરાષ્ટ્રીય પ્રવાહોથી સતત પરિચિત એમણે પરદેશોમાં દેશનું અને પોતાનું જે ગૌરવ સ્થાપ્યું હતું એ એમની વ્યાપક અને બહુવિધ શક્તિનું દ્યોતક છે. ૧૯૬૬માં વડાપ્રધાનનું પદ સંભાળ્યા પછી કેવળ આપબળે જ એમણે પોતાનું વ્યક્તિત્વ ઉપસાવ્યું હતું. ક્ષુલ્લક આવેશોથી પ્રેરાઇને કે ગણતરીપૂર્વક, પણ જે રીતે એમની હત્યા થઈ એ એક પ્રજા તરીકે આપણા માટે શરમજનક જ છે. એમના આત્માને શાંતિ પ્રાર્થવા સાથે આપણે ઇચ્છીએ કે હવે પછી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અને દેશના સર્વાંગી વિકાસમાં આપણે આપણા ગૌરવને જાળવી શકીએ – ઓર ઊંચે લઈ જઈ શકીએ. □

શરદ-વધાઈ / રાજેન્દ્ર શાહ

- ગાન -

નવ પલ્લવને તામ્રોજ્જ્વલ અંચલ સોહત અમરાઈ,
હવા રુચિર શીતલ પૂરવની ટહુકત શરદ-વધાઈ.

નદી તણાં જલ નિર્મલ નીતર્યાં,
લઘુ લઘુ લહરથી પલપલ ઊછળ્યાં,
કલકલમાં સંકેત કહી વળ્યાં;
ચલ ચલ વચલે વ્હેણ, સખી, આતુર જો હંસ-પનાઈ.

દૂર દૂર જનપદ કોલાહલ,
અંતરિયાળ નભે નહિ બાદલ,
સૂર્ય ચંદ્ર પ્રતિયોગથી પાગલ
સૂર ભયો આસવ, શ્રવણે નહિ, હૃદયે રહે ઝિલાઈ.

કેવલ ધવલ સુધામય રજની,
નિરાવરણ શૃંગાર જ સજની,
ગગન સમી અવની અવ વજની;
પ્રીત ભરી તારી જેમ જ અભિસરણ કરંત કનાઈ.

મળે વિસામો ક્યારે! / શશિશિવમ્

• ગાન

ક્ષણક્ષણની રેતીના કણની મ્હેલાતોમાં વસતો;
ઝાકળના બિંદુમાં રંગધનુએ ઝૂલતાં હસતો.

દિવસ દોડતા જતા ને પાછળ પગલાં શોધ્યા કરતો;
રાતનું શ્યામલ મલમલવીંટ્યું રૂપ બાહુમાં ભરતો.

સૂરજનાં કિરણોના ધાગે પ્રોવાં તારકમોતી;
નયન ભરું તારા રાતે ને સૂર્ય ઊગ્યે રહું ગોતી.

પવન મહીં પગલાં ભરતો ને માથે પોટલું ભારે;
ક્યાં મૂકું ક્યાં થાક ઉતારું મળે વિસામો ક્યારે!

ફરફરતાં પર્ણોના ધીમા શ્વાસ વાયુમાં ગણતો;
ખર્યું અચાનક પાન, પાનનો કંપ શ્વાસમાં સુણતો.

શરદની પૂર્ણતા / ઉશનસ્

મંદાક્રાન્તા સૉનેટ

આવ્યા ત્યારે કંઈ કંઈ હતા ભાર લાવ્યા ભરીને
એ આષાઢી પ્રથમ દિનની પોઠ પીઠે પખાલી,
હાવાં જ્યારે ઘર તરફ પાછા વળે, – સાવ ખાલી!–
પોઠેપોઠો ઠલવી ગબડાવી જ ઊંધી કરીને;

આવ્યા ત્યારે ચુપકી ધરીને અંગુલિ નાક-મૂકી,
ચાલ્યા ભૂ-પે તૃણ મખમલી જાજમો પાથરીને
બિલ્લીપાજે, પથરઈ ગયા વર્ણ લીલો ધરીને,
નાળે, નીકે, સર-સરિ ગયા ઓઘને ઢાળી ઢૂંકી;

ખાલી? ના રે; કશીક ગરિમા-પૂર્ણતા પ્રેક્ષણીય;
પોતે ખાલી થઈ ભરી દીધો છે ધરા-ચાસચાસ;
ડૂંડેડૂંડે કણકણપૂર્યો દિવ્ય-દુગ્ધ-પ્રકાશ,
પૃથ્વીપાત્રે બમણું છલક્યું દૈ દીધું જે સ્વકીય;

દૈન્ય? દ્યૌને દીધ સુરધનુ, સ્વર્ણિમા ખેતરોને,
વર્ષાખોયાં વિષમ, સુષમો કાશ કૈં કોતરોને!

ઋણાનુબંધ / ધીરેન્દ્ર મહેતા

- ગાન -

ભલે ભલે ઝળઝળિયાંજી!
તમે આવિયાં, મળિયાજી.

તમે આવડાંક પણ માલીપા મણીકાઓનો ભાર,
અમને લાગે તમે અમારા ભવભવનો અવતાર;
તમ વિણ બોલો કાંઈ અમારો બીજો છે શણગાર?
ખમ્યાં? અમે ખળખળિયાજી,
ભલે ભલે ઝળઝળિયાંજી!

ઓળખિયાં તમને આછેરા પાંપણને અજવાસ,
દેખવું મેલી સઘળું બીજું દીધો તમને વાસ;
શ્વાસને એક જ સેલારે આપણ આવ્યા પાસ:
તમે હતાં, અમે ભળિયાજી,
ભલે ભલે ઝળઝળિયાંજી!

ત્રણ તાન્કા / કિસન સોસા

નેણાભિરામ
રંગ-ખુશ્બૂથી ભર્યો
પુષ્પનો જામ!
કોણ હશે એ સાકી?
નીરખું કાળી માટી!

અજ્ઞાત ભયે
ભાગતું જોયું ઝીણું
જન્તુ વિ-લયે
એ ક્ષણે થયું સ્હેજ
છે, ક્યાંક કોઈ છે જ!

તું-ભણી જવા
તું-માં નીકળી કીડી
તને પામવા:
કંઠે વેણુ આતુર
તું ક્યા કેટલે દૂર?



સ્વ. વડાંપ્રધાન શ્રીમતી

ઇન્દિરા ગાંધી

૧૯-૧૧-૧૯૧૭ * ૩૧-૧૦-૧૯૮૪

પંડિત નેહરુના અવસાન પછી વડાપ્રધાનપદે લાલબહાદુર શાસ્ત્રીજી આવ્યા ત્યારે ભારતીય રાજકારણમાં એક નવો યુગ આરંભાયાનું રાષ્ટ્રપતિએ કહેલું. દોઢેક વર્ષ પછી ભારતના રાજકીયક્ષેત્રે ફરી નવો વળાંક લીધો. ભારતના વડાપ્રધાનપદે સ્વ. શાસ્ત્રીજીની નિયુક્તિ એ જેમ દેશની આમ જનતાના એક સાચા પ્રતિનિધિની દેશની નિષ્પક્ષ લોકશાહીએ કરેલી કદર હતી તેમ એમના પછી ચૂંટાઈ આવેલાં નવાં વડાંપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીની નિયુક્ત એ આપણી લોકશાહીમાં સ્ત્રીઓના સમાન દરજ્જાના સ્વીકારની દ્યોતક હતી. એ પછી વચ્ચેનો થોડો ગાળો બાદ કરતાં શ્રીમતી ઈંદિરા ગાંધીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાસિલ કરવા સાથે જે આગવી પ્રતિભા ઉપસાવી તેના તો આપણે સૌ સાક્ષીઓ છીએ. ગઈ તા. ૩૧ ઑક્ટોબરે નવી દિલ્હીમાં એમના નિવાસસ્થાનની હદમાં જ, અને એમના જ વિશ્વાસુ સંરક્ષકોએ એમના પર ગોળીઓ છોડી જે રીતે હત્યા કરી તે ભારતની પ્રજાની ખુમારી પરનું એક કાયમી કલંક બની રહેશે. ગાંધીજીની હત્યા પછી દેશના રાજકીય ઇતિહાસમાં શ્રીમતી ઈંદિરા ગાંધીની આ હત્યાએ બતાવી આપ્યું છે કે આઝાદી મેળવ્યા પછીનાં ૩૮ વર્ષ બાદ પણ આપણે ક્યાં ઊભા છીએ. ડગલે ને પગલે ગાંધીજી અને અહિંસા તથા દેશની એકતાનો હવાલો આપવા સાથે આપણે સાધેલી ભૌતિક સિદ્ધિઓ અને પ્રગતિની વાતોમાં ભલે ઘણી બધી સાચી હશે, પણ આપણામાં હજી યે ક્યાંક કંઈક એવું જરૂર ખૂટે છે જેને કારણે આપણું મસ્તક શરમથી ઝૂકી પડે.

પોતાના શાસનકાળ દરમિયાન શ્રીમતી ઇંદિરાએ પોતાની પ્રતિભા દાખવવા સાથે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી તેનો ખયાલ એમની હત્યા બાદ અખબારો, રેડિયો અને ટીવી દ્વારા વ્યાપકપણે પામી શકાયો છે.








અલબત્ત, શાસનની એમની રીતિનીતિ અંગે અનેક મતભેદ હોઈ શકે, પરંતુ જે કુનેહ, વહીવટી પદ્ધતિ, પ્રજા સાથેના એમના વર્તાવ અને સાહસભરી નિર્ણયશક્તિ વગેરે દ્વારા એમણે જે સિદ્ધિઓ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી એ રાજકીયક્ષેત્રે અન્ય કોઈ પણ રાજદ્વારી પુરુષને આંટી જાય તેવી હતી. અવિકસિત અને વિકાસશીલ ત્રીજા જગતમાં એમના નેતૃત્વનું આગવું મહત્ત્વ એમણે પ્રસ્થાપિત કર્યું હતું. અણુ અને અવકાશ ક્ષેત્રે ભારતની વિશાળ સિદ્ધિઓનો યશ એમણે હાંસિલ કર્યો હતો. ભારત જેવી વિશાળ લોકશાહીના નેતા તરીકે એમણે પોતાની આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. અને એટલે જ આજે એમની અનુપસ્થિતિમાં દેશ હવે કેવો વળાંક લેશે એ પ્રશ્ન સૌને વિચારતા કરી મૂકે એ સ્વાભાવિક છે.

એમની પહેલાંના બંને વડાપ્રધાન—સ્વ. પં. જવાહરલાલ નેહરુ અને સ્વ.



△ ઉપર: માતા કમલા નેહરુની ગોદમાં બાળ ઇંદિરા. (જમણી બાજુ ઉપરથી) બાળપણમાં પિતા સાથે, ૧૯૨૪માં ગાંધીજીએ ૨૧ દિવસના ઉપવાસ પૂરા કર્યાના બે કલાક અગાઉ, અને પિતામહ પં. મોતીલાલજીના નેહરુપરિવારમાં.



બાળપણમાં



૧૯૫૩માં



ઝુરિખમાં હતાં ત્યારે






△ માતાપિતા સાથે 'વાનરસેના'ના ગણવેશમાં

માતાપિતા સાથે સીલોનની સફર વેળા ▷

લાલબહાદુર શાસ્ત્રી કરતાં તેઓ નાની વયે આ પદ પર પહોંચ્યાં હતાં. આ જ રીતે ઍની બેસંટ, સરોજિની નાયડુ અને નીલી સેનગુપ્તા પછી તેઓ કૉંગ્રેસના ચોથા સ્ત્રી-પ્રમુખ તરીકે ઈ. ૧૯૫૯ના ફેબ્રુઆરીમાં નાગપુર કૉંગ્રેસના પ્રમુખપદે આવ્યાં ત્યારે સુભાષચંદ્ર બોઝ અને પં. નેહરુ પછી નાની ઉમરનાં ત્રીજાં પ્રમુખ હતાં. ભારતના વડાપ્રધાનપદે તેઓ પોતાના બે મહાન પુરોગામીઓ પછી ત્રીજાં અને પ્રથમ સ્ત્રી-વડાપ્રધાન હતા.

ઇંદિરા પ્રિયદર્શિની એ એમનું પૂરું નામ. કૉંગ્રેસની કલકત્તા બેઠકમા પ્રથમ સ્ત્રી-પ્રમુખ તરીકે ઍની બેસંટ આવ્યાં એ જ વર્ષ ૧૯૧૭માં ૧૯ નવેમ્બરે એમનો જન્મ થએલો. એમનાં માતા-પિતા, કુટુંબકથા, અને દેશની આઝાદી માટેની ઉગ્ર રાજકીય ચળવળોના વાતાવરણમાં વીતેલા એમના બાળપણ વગેરેની વિગતો તો હવે ટીવી વગેરે દ્વારા બહુ જાણીતી બની ગઇ છે. માતાપિતાના વારંવારના જેલવાસને લીધે એમનો બાલ્યકાળ









મથાળે ડાબી બાજુ : શ્રી ફિરોઝ ગાંધી સાથે લગ્ન સમયે. ડાબી બાજુ : પ્રથમ પુત્ર સાથે અને (ઉપર તથા જમણી બાજુ) . વડા પ્રધાનનું પદ સંભાળ્યાના અરસામાં.

કંઈક જુદી જ રીતે વીત્યો. અભ્યાસ અર્થે સ્વિટ્ઝરલૅન્ડ, ઑક્સફર્ડ અને શાંતિનિકેતનમાં એમને રહેવું પડેલું. દેશસેવાનો વારસો તો બહુ ઓછાંને મળે એવો અને એ રીતે એમને મળ્યો હતો.

બાર વર્ષનાં હતાં ત્યારે અસહકારની લડતમાં એમણે 'વાનર સેના'નું નેતૃત્વ સંભાળ્યું. પણ સમાજકલ્યાણની પ્રવૃત્તિ એમને વિશેષ પ્રિય હતી, જેનો ખરો આરંભ તો પૂનામાં એમના અભ્યાસકાળ દરમિયાન હરિજનો વચ્ચે રહીને એમણે કરેલાં કાર્યોથી થયો. ત્યારે એમણે હાથવણાટનું કામ સુધ્ધાં કરેલું. વિદ્યાર્થી અવસ્થામાં એમણે દેશમાં તેમજ પરદેશમાં ઘણી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. ઈ. ૧૯૩૮માં તેઓ કૉંગ્રેસમાં જોડાયા અને તેમાં સક્રિય ભાગ લેવા લાગ્યાં. ૧૯૪૨માં શ્રી ફિરોઝ ગાંધી સાથે એમનું લગ્ન થયું, અને એ જ વર્ષે

આઝાદીની ચળવળ ઊપડતાં એમને જેલવાસ ભોગવવો પડયો. ૧૯૪૭માં ગાંધીજીની સાથે રહીને દિલ્હીના તોફાનગ્રસ્ત વિસ્તારોમાં એમણે શાંતિકાર્ય પણ કર્યું. ૧૯૫૫માં તેઓ કૉંગ્રેસની કારોબારીમાં ચૂંટાયાં અને ત્યારથી સેન્ટ્રલ એડયુકેશન બૉર્ડનાં સભ્ય બન્યાં. કૉંગ્રેસના મહિલા વિભાગનું પ્રમુખપદ પણ એમણે લીધું.

આ બધી ગળાડૂબ પ્રવૃત્તિઓ ઉપરાંત, દેશસેવાની કાયમી ગડમથલમાં પડેલા અને પછી દેશનું સુકાન સંભાળી રહેલા પિતાની સારસંભાળ અને એમના ગૃહનો બધો ભાર પણ એમણે જ ઉપાડી લીધો હતો. સાથોસાથ સ્ત્રીઓ અને બાળકોને લગતી વિવિધ પ્રવૃત્તિઓમાં પણ તેઓ ઊંડો અને સક્રિય રસ લેતાં. અપંગ અને અનાથ બાળકોને કંઈ ને કંઈ હુન્નરઉદ્યોગ શીખવીને સ્વાવલંબી ને સ્વમાનથી રોજી મેળવી લેવા જેટલી તૈયારી કરાવી આપનાર દિલ્હીની 'બાલ-સહયોગ' નામની પ્રવૃત્તિ એ એમની જ મહેનતનું ફળ છે. અલ્લાહાબાદમાં સ્ત્રીઓ અને બાળકોને આશીર્વાદ સમી સંસ્થા 'કમલા નેહરુ વિદ્યાલય' પણ એમણે જ સ્થાપેલું છે. આ બધી સંસ્થાઓ અને દેશભરમાં પથરાએલાં બાલભવન-કેન્દ્રોનાં તેઓ પ્રમુખ હતા. બાળકલ્યાણ માટેની ભારતીય સમિતિનાં અધ્યક્ષ અને આંતરરાષ્ટ્રીય બાળકલ્યાણ સંસ્થાઓનાં તેઓ ઉપાધ્યક્ષ પણ હતાં.

મધ્યવર્તી સમાજ-કલ્યાણ મંડળ સાથે અને અખિલ ભારત હસ્તોદ્યોગ મંડળનાં કાર્યો સાથે પણ તેઓ ગાઢ રીતે સંકળાએલાં હતાં. અનેક સખાવતી અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે પણ તેઓ જોડાએલાં હતાં. સ્વરાજ-ભવન ટ્રસ્ટ, ચિલ્ડ્રન્સ નૅશનલ ઇન્સ્ટિટયૂટ અને કમલા નેહરુ મેમોરીઅલ હૉસ્પિટલના વહીવટમાં પણ તેઓ ગાઢ રીતે સંકળાએલાં હતાં. રાષ્ટ્રીય એકીકરણ સમિતિનાં અધ્યક્ષ હોવા ઉપરાંત, યુનેસ્કો નિયામક મંડળનાં પણ તેઓ સભ્ય રહી ચૂકયાં હતાં. ચીની આક્રમણ વખતે દેશને માટે લડતા જવાનોના કલ્યાણ અને વિવિધ સેવાઓ માટે પણ એમણે કામ કરેલું. કેન્દ્રીય નાગરિક સમિતિનાં અધ્યક્ષ તરીકે એમણે રાષ્ટ્રીય સરક્ષણ પ્રયાસોને ખૂબ વેગ આપ્યો હતો. શાસ્ત્રીજીના પ્રધાનમંડળમાં તેઓએ માહિતી અને પ્રસારણ ખાતું પણ સંભાળ્યું હતું.

પક્ષીનિરીક્ષણ, પર્વતારોહણ, વાચન, તરવું અને શિયાળુ રમતગમતોની પ્રવૃત્તિઓમાં પણ એમને રસ હતો. જો કે અનેકવિધ જવાબદારીઓ સંભાળવા માંડયાં પછી આ માટે એમને ભાગ્યે જ અવકાશ રહેતો, અને એનો વસવસો પણ કયારેક તેઓ પ્રકટ કરતાં. હિંદી, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષા પર એમને સારો કાબૂ હતો. જર્મન અને તામિલ પણ તેઓ સમજી શકતાં.

બચપણથી જ કૉંગ્રેસની સઘળી બાબતોથી તેઓ પરિચિત હોવા ઉપરાંત, કૉંગ્રેસના મુખ્યમુખ્ય કાર્યકરો સાથે એમને ઘનિષ્ઠ પરિચય હોઈ કૉંગ્રેસના સમગ્ર સંગઠનના તેઓ અચ્છા જ્ઞાતા હતાં. અને કૉંગ્રેસના ભાગલા પછી તો તેઓ તેનાં – કૉંગ્રેસ (આઈ)નાં લગભગ સર્વેસર્વા બની રહેલાં. પિતાની સાથે એમણે દેશવિદેશના પ્રવાસો ખેડી દુનિયાના ઘણાખરા દેશો અને પોતપોતાનાં ધ્યેય માટેની તેઓની પદ્ધતિ એમણે નજરે જોએલી હતી. વડાંપ્રધાન બન્યા પહેલાં યે આફ્રિકાના સંખ્યાબંધ દેશોના શુભેચ્છા-પ્રવાસો એમણે કર્યા હતા. આથી જગતના રાજકારણ સાથે સંકળાએલી લગભગ દરેક મુખ્ય વ્યક્તિઓનો તો એમને વડાંપ્રધાનનું પદ ધારણ કર્યા પહેલાંથી જ પરિચય હતો. અને એથી દેશનું સુકાનીપદ સંભાળવાની જવાબદારી અતિ મોટી હોવા છતાં એમણે આસાનીથી એ નિભાવી હતી, એટલું જ નહિ, આંતરરાષ્ટ્રીય પટ પર એથી ભારતનું એક આગવું સ્થાન સ્થાપિત કર્યું હતું.

પં. નેહરુના જેવું જ ખમીર અને મોહક વ્યક્તિત્વ એમનું પણ હતું. અસાધારણ ધૈર્ય, સાહસપૂર્ણ નિર્ણયશક્તિ અને મગરૂરી સાથે મહત્ત્વાકાંક્ષા એ એમના વ્યક્તિત્વનાં આગળ પડતાં પાસાં હતાં. વડાપ્રધાનપદે આવ્યાં ત્યારે એ અત્યંત જવાબદારીભર્યા સ્થાન માટેની એમની દક્ષતા અંગે સેવાએલી શંકાને એમણે પોતાની રાજકીય કુનેહ વડે નિર્મૂળ કરી દીધી હતી એટલું જ નહિ, પણ પોતાની આ કારકિર્દીમાં કેટલાંક એવાં શિખરો સર કરી બતાવ્યાં હતાં જેની ઊંચાઈ આજે પણ ઘણા પીઢ રાજદ્વારીઓને દિઙ્મૂઢ કરી દે છે. આઘાત-પ્રત્યાઘાતો આપતી એમની અકળ રાજનીતિ ભલભલા રાજકીય ખેલાડીઓને મ્હાત કરી દેવા જેટલી સમર્થ હતી. ઈ. ૧૯૬૯માં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અડીખમ ગણાતી કૉંગ્રેસને એમણે આપેલી ધોબીપછાડ તથા ઈ. ૧૯૭૧માં પૂર્વ-પશ્ચિમ પાકિસ્તાનના આંતરયુદ્ધમાં એમણે અખત્યાર કરેલી ભારતીય રાજનીતિમાં એમની અદ્દભુત ગૂંજાએશ પ્રકટ થઈ હતી. ૧૯૭૫માં દેશ પર લાદેલી અને એમની કારકિર્દીમાં અત્યંત વિવાદાસ્પદ બનેલી કટોકટીની સ્થિતિ, અને એને પરિણામે ૧૯૭૭ની ચૂંટણીમાં એમને મળેલો પરાજય તથા તે પછી ૧૯૮૦માં એમણે ફરી હાંસિલ કરેલી સત્તા દરમિયાન એમની એક અનોખી તાસીર પ્રકટ થઈ હતી. આ પછીની રાજકીય કારકિર્દીમાં નવો જ વળાંક દેખાયો. એમના નાના પુત્ર શ્રી સંજય ગાંધીના રાજકીય પ્રવેશે તેમાં નવો રંગ પૂર્યો અને એના આકસ્મિક અપમૃત્યુ પછી મોટા પુત્ર શ્રી રાજીવ ગાંધીને રાજકારણમાં પ્રવેશ કરાવી એમણે દેશના સમગ્ર રાજકારણને જે ઝોક આપ્યો તે પરિવારલક્ષી જણાવા લાગ્યો એટલું જ નહિ, દેશના પીઢ રાજકારણીઓને પણ એમણે ગૂંગળામણ અને અકળામણભરી સ્થિતિમા લાવી દીધા હતા.

આમ, એમના વડાપ્રધાનપદ દરમિયાન રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીયક્ષેત્રે અનેક પ્રશ્નો ઊભા થતા જ રહેલા. પરંતુ એ બધા સામે ઝઝૂમવામાં એમણે જે બુદ્ધિચાતુરી અને કુનેહ દાખવ્યાં એ અદ્વિતીય છે. કોઈ પણ પ્રકારની મૂંઝવણ (અનુ. પૃ. ૨૭૫)

પ્રો. જયંત નારળીકરની મૂળ મરાઠી વાર્તાનો અનુવાદ

પુનરાગમન

અનુવાદક: ભરત પાઠક

જેમજેમ માણસજાત યંત્રવિદ્યામાં પ્રગતિ સાધતી જશે તેમતેમ તેના જીવનમાં યાંત્રિકપણું વધવાની શક્યતા છે. એવા પ્રકારનું અતિપ્રગત જીવન કોઇક વિચારવંત મનુષ્યને કંટાળાજનક નહિ લાગે? ઘણા વૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓએ આવી ચિંતા વ્યક્ત કરી છે. આદિ કાળની પૃથ્વી ઉપર આ પ્રકારની અતિપ્રગત માનવ-વસાહતના અસ્તિત્વની શક્યતાની કલ્પના અનેક વિજ્ઞાનકથા-લેખકોએ આલેખી છે. પૃથ્વી ઉપર મનુષ્ય-જીવન ટકી શકે તેવી પરિસ્થિતિ કરોડો વર્ષો જૂની હોવા છતાં આદિમ માનવીને આવરી લેતો આપણો જ્ઞાત ઇતિહાસ તેટલો જૂનો નથી. ખરેખર તો આ મનુષ્યજાત, આપણે જાણીએ છીએ તે કરતાં પણ અત્યંત જૂની હશે અને પુરાકાળમાં અતિપ્રગત અવસ્થાએ પહોંચી હશે. ત્યાર બાદ હિમયુગ જેવી પ્રચંડ નૈસર્ગિક વિપત્તિ સામે ઝઝૂમતાં ઝઝૂમતાં લગભગ નામ:શેષ થઈ હશે તેવી કલ્પના નકારી શકાય તેમ નથી. —પ્રો. જયંત નારળીકર

સૂર્યોદય થતાં જ શરૂ થએલા મંજુલ પાર્શ્વસંગીતથી કરટક જાગ્યો. યંત્રસજ્જ બાથરૂમમાં બધો પ્રાતર્વિધિ આટોપીને તે ટેબલ પર નાસ્તો કરવા આવ્યો. તે સાથે જ ટેબલની સપાટી વચ્ચેથી બે ભાગમાં વહેંચાઈ ગઈ અને તેમાંથી એક ટ્રે બહાર :આવી. તેમાં નાસ્તાની દરેક વસ્તુ યોગ્ય ઉષ્ણતામાને તૈયાર પીરસાએલી હતી. કરટકે આ યાંત્રિક રીતે તૈયાર થએલો નાસ્તો ખાવાનો આરંભ કર્યો. ત્યાં તો તેની સામેનો ટી.વી. સેટ આપોઆપ ચાલુ થયો. જગતના સમાચારોનો કાર્યક્રમ હતો.

નિશ્ચિત ઢાંચાના સમાચારો... આજકાલનાં યાંત્રિક જીવનમાં ફેરફાર હોય જ શી રીતે? જે ગઈ કાલે બનેલું, તેવું જ આજે બનશે અને તેવું જ આવતી કાલે, પરમ દિવસે... આવતા વર્ષે પણ તે જ! શા માટે હોવો જોઇએ આ સમાચારોનો કાર્યક્રમ? કરટકના મનમાં વિચાર આવ્યો. પરંતુ આ કાર્યક્રમ પણ બંધ કેવી રીતે થવાનો? કારણ કે એ બંધ થાય એનો અર્થ એ કે ટી.વી. કાર્યક્રમમાં એક મહત્ત્વનો ફેરફાર થયો એવું નહિ? પરંતુ જ્યાં ફેરફાર થવાનું કોઈ કારણ નથી ત્યાં એ બનવાનું કેવી રીતે?

તેને પોતાનો આજનો આખો કાર્યક્રમ નજર સામે દેખાતો હતો. નાસ્તો પત્યા પછી તે કામ પર જવાનો, એટલે કે એક ઓરડીમાંથી બીજી ઓરડીમાં! ત્યાં તેનો મદદનીશ (મદદનીશ કે માલિક?) તેની વાટ જ જોતો હશે. આ મદદનીશ એટલે એક નાનું શું કમ્પ્યુટર. કરટક અંદર આવતાં જ તે પોતાના ટી.વી. પર્દા પર તેનાં સ્વાગત વાક્યો ઝબકાવશે. યાંત્રિક સ્વાગત! કરટક ખુરશી પર બેસતાં જ પર્દા પર તેના કામ અંગેની વિગતો આવવાની. તેના આધારે નિર્ણય લેવાનું કામ કરટકે કરવાનું. પણ તેનું નિર્ણય-સ્વાતંત્ર્ય મર્યાદિત હતું—કમ્પ્યુટરે અગાઉથી નક્કી કરેલા ભિન્નભિન્ન વૈકલ્પિક ઉત્તરોમાંથી તેણે ફક્ત એક પસંદ કરવાનો! એ મર્યાદાનો ભંગ કરે તો સઘળી ગોઠવણ જ ફસકી પડે.

કરટકને આ આલેખિત જીવનનો ખૂબ જ કંટાળો આવ્યો હતો. અલબત્ત, કંટાળો ટાળવાના કાર્યક્રમો પણ હતા જ—નિશ્ચિત ઢબે, નિશ્ચિત ઠેકાણે, નિશ્ચિત રમતો રમવી, નિશ્ચિત સહેલગાહોમાં ભાગ લેવો. નિશ્ચિત 'મનોરંજન' કાર્યક્રમો જોવા, ઇત્યાદિ ઈત્યાદિ... તેને પોતાના વનવાસી બાંધવોની ઈર્ષા આવતી હતી.

સેંકડો વર્ષ પહેલાં પોતાના પૂર્વજો સુધ્ધાં પેલા લોકોની જેવા જ જંગલી હતા. જંગલ તો બધી તરફ હતું ને! પણ પૂર્વજોએ 'પ્રગતિ'ની વાટ પકડેલી અને જંગલમાંથી માર્ગ કાઢેલો. જુદાજુદા તબક્કા વટાવીને ક્રમેક્રમે પોતે અહીં સુધી પહોંચ્યા. મહત્ત્વના દરેક તબક્કે પોતાની અને વનવાસીઓની વચ્ચેનું અંતર વધતું જ ગયું. પોતાના પૂર્વજો તેઓની દયા ખાતા હતા. પોતે આટલે સુધી પહોંચ્યા અને પેલા બિચારા હતા ત્યાંના ત્યાં રહી ગયા.

પણ હવે કોની દયા ખાવાની? તેઓની કે આપણી પોતાની? હજુ તેઓ રાની પશુઓની જેમ રહે છે. શરીર ઢાંકવા નામ પૂરતાં કપડાં છે. ભોજન એટલે પ્રાણીઓને ભૂંજીને (અથવા કાચાં જ) ખાવાં તે. ઠંડી અથવા ગરમીનો મુકાબલો કરવા માટે એક માત્ર સાધન તે ગુફા. પરંતુ બિચારા અલ્પાયુષી હોવા છતાં સ્વૈરવિહારી છે અને આનંદમાં રહે છે. આપણી સંસ્કૃતિનું તેમને કદી આકર્ષણ થયું નથી. અને આપણે? યંત્રોને યોજીને સુખસગવડો ઊભી કરી; કુદરત અને વાતાવરણ પર કાબૂ મેળવ્યો, આયુષ્યમર્યાદા વધારી. પણ એ બધું કરવા જતાં પેલાં યંત્રોને શરણે જઇને જીવનની વિવિધતા, મનુષ્યોની સ્વૈરવિહારી વૃત્તિ, વિચાર કરવાની ક્ષમતા, એ બધું ગુમાવી બેઠા. કરટકને પોતાનું આરામપૂર્ણ પરંતુ કંટાળાજનક અને લાંબુંલચક આયુષ્ય આગળ વધારી મૂકેલું લાગતું હતું. તેમાં ખાસ વિશેષ કશું જ બનવાનું ન હતું.

પી...ઈ...ઈ...પ પિપ... પી.ઈ..ઈ..ઈ..પ પિપ... પી..ઈ..ઈ..પ

કરટકે ચમકીને પોતાના કાંડા-ઘડિયાળ ભણી જોયું. તેમાંથી ઈમર્જન્સી સંદેશો આવતો હતો અને તેનું ધ્યાન ખેંચવા માટે ડિસ્ક ઉપર વારાફરતી લાલ અને લીલા પ્રકાશના ઝબકારા થતા હતા. કોઈ પણ જોખમની પરિસ્થિતિ નિર્માણ થાય ત્યારે પ્રજામાંથી નિયુક્ત થએલા. સ્વયંસેવકોને પ્રથમ જાણ કરવાનો આ પૂર્વસંકેત હતો. એ મળતાંની સાથે જ તેણે માહિતીના કેન્દ્રસ્થાનક સાથે સંપર્ક સાધવાનો, પછી આગળ શું કરવાનું તે આદેશ આપવામાં આવશે. કેન્દ્રે નક્કી કર્યું હોય ત્યાં સુધી બધા સ્વયંસેવકોએ ગુપ્તતાના નિયમો જાળવવાના.

કરટક આવો જ એક સ્વયંસેવક હતો. કેટલાંય વર્ષો તેણે આ 'ડ્રિલ'માં ભાગ લીધો હતો. બીજા સ્વયંસેવકો કોણ એ તેને ખબર ન હતી અને તેણે કોઇને પૂછ્યું પણ ન હતું. એ પણ ગુપ્તતાનો જ અંશ હતો. વખતોવખત તેઓની કસોટી લેવા માટે જ ડ્રિલ થતી હતી. શરૂશરૂમાં તો જીવનના એકધારાપણાંનો ભંગ કરનારી આ ડ્રિલ કરટકને ગમતી; પણ આગળ જતાં તો તેમાં પણ એકધારાપણું દાખલ થયું. કારણ કે વિજ્ઞાન અને ટેક્નોલૉજીની મદદથી સઘળી અપેક્ષિત આપત્તિઓ ટાળી દેવાઈ હતી. અને અનપેક્ષિત એવું તો કદી કશું બન્યું જ ન હતું.

કરટકે કમ્પ્યુટર વડે કેન્દ્ર સાથે સંપર્ક સાધ્યો.

એક શાનદાર અવકાશયાન સૂર્યમાળાની બહારથી આવ્યું અને ઝપાટાભેર સૂર્ય તરફ ચાલ્યું. પ્લૂટો, નેપ્ચ્યૂન, શનિ અને ગુરુ એટલા ગ્રહોની ભ્રમણકક્ષા એક પછી એક ઓળંગ્યા બાદ તે યાનનો વેગ મંદ

પડ્યો અને છેવટે તે મંગળની ફરતા આંટા મારવા લાગ્યું. સામાન્ય રીતે તેમાં પચીસ-ત્રીસ માણસો માઈ શક્યા હોત. પરંતુ ખરેખર તેમાં કોઈ દેખાતું નહોતું. સમ ખાવાપૂરતાં નિર્જીવ યંત્રો તો ભરપૂર હતાં; પરંતુ તે પણ બંધ પડ્યાં જેવાં જ હતાં. ફક્ત પૂર્વનિયોજિત કાર્યક્રમ મુજબ યાન મંગળ ફરતાં ચક્કર માર્યા કરતું હતું.

ત્રણેક વર્ષ વીત્યા બાદ તે અવકાશયાનમાં એકાએક હલચલ શરૂ થઈ. કેટલાંક યંત્રો જાગ્રત થઈને તેમાંથી જુદાજુદા પ્રકારના પ્રકાશ-કિરણો બહાર આવવાં લાગ્યાં. આ સઘળી હલચલને પરિણામે બે પટારાનાં ઢાંકણાં આપોઆપ ઊંચાં થયાં અને તેમાં બે માનવદેહ દેખાવા લાગ્યા.

યંત્રોની હલચલ ચાલુ રહી અને બન્ને માનવદેહ ઉપર તેની અસરો કળાવા લાગી: થીજીને પથ્થર થઈ ગએલા દેહોમાં આસ્તેઆસ્તે ગરમીનો સંચાર શરૂ થયો અને છેવટે તેઓ 'જાગ્યા.'

પડ્યા-પડ્યા જ તે બન્ને આમતેમ જોવા લાગ્યા, પણ હજુ તેઓના ચહેરા પર જડતા છવાએલી હતી. એ ઊણપ અલબત્ત લાંબો કાળ ટકી નહિ. બન્નેના માથા ઉપર ઇલેક્ટ્રૉડ જેવાં એકએક યંત્ર આવીને ચોંટી ગયાં અને એક કમ્પ્યુટર દ્વારા તેમનાં ભેજાંમાં માહિતી સંઘરવાની કામગીરી શરૂ થઈ.

'તું કરટક છે. દીર્ઘ નિદ્રામાંથી જાગ્રત થયો છે. તારા મગજમાંની સઘળી સ્મરણશક્તિ હવે જાગ્રત કરવામાં આવી છે. તે અનુસાર વિચાર કરવો શરૂ કર.' પહેલી વ્યક્તિને સંદેશો પહોંચ્યો અને તે ઊઠીને બેઠી થઈ. તેના મગજમાં તરવરાટ થતો હતો, ચહેરા પર બુદ્ધિમત્તા ઝળકતી હતી. તેણે પડોશની વ્યક્તિ ભણી જોયું. તે પણ ઊભી થઈને આસપાસનું નિરીક્ષણ કરતી હતી.

'કોણ દમનક? તું અહીં કેવી રીતે?'

કરટકે એવું પૂછતાં જ દમનકે પણ તેને એ જ પ્રશ્ન પૂછ્યો. તેઓ એકબીજાને જવાબ આપે તે પહેલાં કમ્પ્યુટરમાંથી અવાજ આવ્યો.

'કરટક અને દમનક! તમે પોતપોતાની સ્મરણશક્તિ દોડાવશો એટલે આ પ્રશ્નોના જવાબ જડશે. પરંતુ હજુ કદાચ તમારી સ્મરણશક્તિ સંપૂર્ણપણે જાગ્રત થઈ નહિ હોય એટલે હું થોડો ખુલાસો કરું.

'તમે બેઉ નાનપણથી મિત્રો છો. તમારી વસાહતમાં તમે એકબીજાની પડોશમાં ઊછર્યાં; અને સાથે જ ભણ્યા છો. પરંતુ તમારા સ્વભાવ સાવ જુદાજુદા છે. એટલે જ આ 'ઈમર્જન્સી મિશન' માટે તમારી જોડીમાં નિમણૂક કરવામાં આવી છે.'

ઈમર્જન્સી મિશન! કરટકને આછુંઆછું યાદ આવવા લાગ્યું. તે દિવસે ડ્રિલ કરતી વખતે પોતાને બોલાવવામાં આવ્યો હતો. પણ તે સાચેસાચી ઈમર્જન્સી હતી? શાના માટેની? અને દમનક અહીં કેમ? તે પણ ત્યારે સ્વયંસેવક હતો!

'યાદ કરો', કમ્પ્યુટર આગળ બોલ્યું, 'પૃથ્વી પર મોટી આપત્તિ આવવાની હતી. આપણી વસાહતને નુકસાન થવાનું હતું. કયાંની આપત્તિ હતી એ?'

'હિમયુગ!' દમનક એકાએક યાદ આવતાં બોલી ઊઠ્યો. કરટકને પણ યાદ આવ્યું.

'બરાબર!' કમ્પ્યુટરમાંથી અવાજ આવ્યો. 'મોટો પ્રચંડ હિમયુગ હતો એ! આપણી ટૅક્નોલૉજી તેની સામે ટકી શકી ન હોત. પરંતુ હિમયુગ આવશે તે નિશ્ચિત જાણ્યું એટલે પૃથ્વી છોડી દેવાનું આપણે માટે જરૂરી હતું.'

કરટકને હવે બધું યાદ આવ્યું. હિમયુગ આવશે તેવી આગાહી ક્યારની થઈ ચૂકી હતી; પરંતુ તે સાવ નજીક આવી પહોંચે ત્યારે જ પૃથ્વી ખાલી કરવી એવું ઠરાવી રાખ્યું હતું. એ મુજબ મોટાં વિશાળ અંતરીક્ષયાનોમાં બેસાડીબેસાડીને વસાહતોમાંના બધા લોકોને અંતરીક્ષમાં મોકલી દેવામાં આવ્યા. સૂર્યમાળા બહાર પ્લુટોની પેલી તરફ, અને છતાં સૂર્યના ગુરુત્વાકર્ષણની હદમાં તે યાનોને ભ્રમણકક્ષામાં મૂકી દીધાં. અને એ બધી કામગીરી આટોપી લીધા પછી નાનાંનાનાં યાનોમાં બેસીને સ્વયંસેવકોએ પૃથ્વી છોડી. તેમને એક અન્ય જવાબદારી પણ હતી—બધાંને પૃથ્વી પર સુખરૂપ પાછાં આણવાની.

'પૃથ્વીથી દૂર આપણે કેટલાં વર્ષ રહ્યા?' તેણે કમ્પ્યુટરને પ્રશ્ન પૂછ્યો.

'પચાસ હજાર વર્ષ!' કમ્પ્યુટરે જ જવાબ આપ્યો, 'હિમાચ્છાદિત પૃથ્વી ફરી ક્યારે વસવાટ કરવા જેવી બનશે તેની આપણા વૈજ્ઞાનિકો જાડી અટકળ કરી શકતા હતા. પચાસ હજાર વર્ષ પછી પૃથ્વીનું નજીકથી અવલોકન કરી જોવા માટે તેઓએ સ્વયંસેવકોની એક ટુકડીમાં તમારી નિમણૂંક કરી હતી.'

'અને પેલા વનવાસી લોકોનું શું થએલું?' કરટકે વચમાં જ પૂછ્યું.

'તેઓનું રક્ષણ કરવા પૂરતો સમય આપણી પાસે ન હતો. વળી, તે લોકોને આપણી સાથે લઈ જવા માટે પૂરતાં અંતરીક્ષયાન પણ ન હતાં.'

'સારું જ થયું તે લોકોની બદી ટળી તે! હવે આખી પૃથ્વી આપણી એકલાની જ!' દમનક આનંદથી બોલી ઊઠ્યો. તેના અવાજમાં પેલા લોકો માટેની તુચ્છતા રણકતી હતી. પણ કરટકને આ ન ગમ્યું. હિમયુગના અણધાર્યા સંકટનો સામનો તે બિચારાઓએ કેવી રીતે કર્યો હશે?

'તો ચાલો આ યાન પૃથ્વી પર ઉતારીએ.' અધીરો દમનક આગળ બોલી ઊઠ્યો.

'જરા ધીરજ ધર, દમનક!' કમ્પ્યુટર સ્વસ્થતાથી બોલ્યું, 'પહેલાં તમે બેઉ જઈને પૃથ્વી કેવી છે તે જોઈ આવો. પરિસ્થિતિ જો અનુકૂળ હશે તો જ પછી યાન ઉતારવામાં આવશે.'

'તો અમારો કાર્યક્રમ હવે કેવી રીતનો કરવાનો છે?' કરટકે પૂછ્યું.

'મારા મત મુજબ આ યાન પહેલાં તો ચંદ્ર સુધી લઈ જવું ત્યાંથી હું તમને બેઉને પૃથ્વી ઉપર મોકલીશ. તમને મોકલવા માટે વિભક્તિકરણની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવશે. એમાં એવું કરવામાં આવે છે કે મોકલનાર માણસને તેના અણુઘટકોમાં વિભાજિત કરીને તે સઘળા અણુઓને લગભગ પ્રકાશના વેગથી ઇચ્છિત જગ્યાએ ફેંકવામાં આવે છે. એ જગ્યાએ પહોંચે એટલે સઘળા અણુઘટકોનું પાછું એકીકરણ કરવામાં આવે છે. વળતો પ્રવાસ પણ આ જ પદ્ધતિએ થશે. આ યાનમાં આપણી પાસેનાં યંત્રો પૃથ્વીથી ચંદ્ર જેટલા જ અંતરે માણસને આવી રીતે મોકલવા-લાવવાની શક્તિ ધરાવે છે. એથી વધારે અંતરે નહિ.

'તમે બેઉ પ્રદૂષિત વાતાવરણ સામે રક્ષણ આપનાર પોશાકો પહેરી લો. તેના ઉપર તમને અદૃશ્ય બનાવનાર આવરણ ચડાવી દો. કારણ કે પૃથ્વી ઉપરની પરિસ્થિતિ કેવી હશે તે કાંઈ કહેવાય નહિ. સ્વબચાવ માટેનાં યોગ્ય શસ્ત્રો સાથે લઈ લો. મારો સંપર્ક કરવા માટે સ્કેનરની જરૂર પડશે. તે ઉપરાંત, મારી સાથે માહિતીની આપ-લે કરવા માટેનાં યંત્રો પણ તમારી સાથે રાખો.

'પૃથ્વી પર પહોંચ્યા પછી ત્યાંની પરિસ્થિતિનું અવલોકન કરજો. આપણી વસાહતને પાછા ફરવા જેવી અનુકૂળ પરિસ્થિતિ હશે તો બીજા સ્વયંસેવકોને બોલાવવામાં આવશે. પૃથ્વી છોડતાં પહેલાં આપણે કેટલીક ખાસખાસ જગ્યાઓએ દાટી રાખેલાં સાધનો બહાર કાઢવાં પડશે. તે કેવી રીતે શોધી કાઢવાં અને જરૂર પડયે કેવી રીતે

દુરસ્ત કરવાનાં તેની સઘળી માહિતી મારી પાસે છે. પરંતુ પહેલાં તમે પૃથ્વીનો એક ફેરો કરીને પાછા આવો. બાકીનું બધું પછીથી કરવામાં આવશે.'

કમ્પ્યુટરે તેઓને તૈયાર થવાનો આદેશ આપ્યો.

તેઓ તૈયાર થવા લાગ્યા અને તેમનું યાન મંગળને છોડીને ચંદ્રભણી રવાના થયું. થોડી જ વારમાં પૃથ્વી અને ચંદ્ર દેખાવા લાગ્યાં. બહારથી અંદર આવતા હોવાથી તેમને દેખાતી પૃથ્વીની સપાટી સૂર્યથી ઊલટી દિશામાં, અને એટલે અંધારામાં હતી.

કરટક અને દમનક વિભક્તીકરણ-સ્થાનક પર જઇને બિરાજ્યા કરટકે પૃથ્વીભણી સહજભાવે નજર કરી અને આશ્ચર્યથી બોલી ઊઠયો.

'દમનક, જો ! પૃથ્વી પર દીવા દેખાય છે.'

'કૉમ્પ્યુટર, હું કરટક બોલું છું. અમે બન્ને પૃથ્વી પર સુખરૂપ પહોંચી ગયા છીએ.

'બોલ કરટક, પૃથ્વી પર પાછા ફર્યા પછી પહેલી નજરે તારો શો અભિપ્રાય છે?'

'તેં અમને મોકલ્યા છે તે જગ્યા અત્યંત ગિરદીવાળી છે. ચારે બાજુ માણસો જ માણસો છે. આ ઠેકાણે કેટલાય મોટા રસ્તાઓ એકઠા થાય છે. એટલે ગાડીઓની ભીડાભીડ છે. રસ્તા ઉપર, મકાનો ઉપર, બધે જ ઠેકાણે ઝાકઝમાળ રોશની કરેલી દેખાય છે. આ ગાડી-ઓના અવાજો, તેમાંથી નીકળતા ગૅસ, રોશનીની આ રીત – બધું આ લોકોની અવિકસિત દશા છતી કરી દે છે. મને લાગે છે કે વિકાસની દિશામાં આ લોકો આપણા કરતાં કેટલાય સૈકાઓ પાછળ છે.'

'અને દમનક, તારે શું કહેવાનું છે?'

'મારો પણ એ જ મત છે. આપણા કરતાં આ લોકો પુષ્કળ પછાત રહેલા લાગે છે. રસ્તાઓ ઉપર આટલી બધી ગિરદી કરવાનું કારણ શું? અને આ મોટાંમોટાં ચિત્રો અને બદલાતા અક્ષરો, અને રસ્તામાં ચાલતાંચાલતાં કંઈક ને કંઈક ખાતાં જવું – બધું મને તો સાવ બાલીશ લાગે છે. પણ તેમની ભાષા કઈ છે કાંઈ સમજાતું નથી—એ ખબર હોત તો સારું થાત.'

દમનકે પોતાના પોશાક સાથે જોડાએલા સ્કેનરને ચારે દિશામાં ફેરવીને કમ્પ્યુટરને એ ભરચક ચોકનાં અનેક સ્થળનાં 'દર્શન' કરાવ્યાં. સ્કેનરમાં ઝીલાતાં દશ્યો આંદોલન સ્વરૂપમાં કમ્પ્યુટરના મગજમાં પહોંચીને બધી માહિતી પહોંચાડતાં હતાં.

બે મિનિટમાં જ કમ્પ્યુટરમાંથી પ્રતિભાવ મળ્યો, 'એક ઠેકાણે અક્ષરોથી ભરેલી કેટલીયે સપાટીઓ દેખાઈ, મને એ જગ્યાનું નજીકથી દર્શન કરાવો.'

દમનકે પુસ્તકોની એક દુકાન તરફ સ્કેનર ફેરવ્યું. સ્કેનરની મદદથી દુકાનમાંની વાચનસામગ્રીમાંથી કેટલીયે વસ્તુની માહિતી કમ્પ્યુટરને મોકલી. સ્કેનર સામે ધરીને એક ચોપડીનાં પાનાં ઝપાટાબંધ 'દેખાડી' દેવાય એટલે તેની અંદરની સઘળી માહિતી કમ્પ્યુટરના 'ભેજા'માં ગોઠવાઈ જાય. એવી રીતે સોએક જેટલાં પુસ્તકો 'સમજી' લીધા પછી કમ્પ્યુટર બોલ્યું :

'મને આ લોકોની ભાષા સમજાઈ ગઈ છે અને હવે થોડાક જ સમયમાં હું તે ભાષા તમારાં મગજમાં ભરીશ. પરંતુ તે પહેલાં, અત્યાર સુધી મને સમજાએલી માહિતીમાંથી થોડી તમને કહી દઉં.'

કરટક અને દમનક ધ્યાન દઈ સાંભળવા લાગ્યા.

'પૃથ્વી ઉપર માનવો વસે છે અને તેઓ ભિન્નભિન્ન દેશોમાં વસે છે. પૃથ્વીપટના જુદાજુદા ભાગોમાં વસનારા માનવો જેમજેમ જુદાજુદા સમૂહોમાં વહેંચાતા ગયા તેમતેમ દેશ નામની ચીજ અસ્તિત્વમાં આવતી ગઈ છે. એક 'દેશ'ના લોકો પોતે તૈયાર કરેલા નિયમો મુજબ રહે છે અને એવા નિયમ કેવી રીતે ઘડવા અને આચરણમાં મૂકવા તે બાબત પોતે સ્વતંત્ર હોવા જોઇએ એવો આગ્રહ ધરાવે છે. દેશ-દેશ વચ્ચે ભાઈબંધી હોય છે અથવા દુશ્મનાવટ હોય છે. આ સંબંધોની પાછળ જ્યારે સ્વાર્થ એ મુખ્ય હેતુ હોય છે ત્યારે એમના પરસ્પર વ્યવહારો મોટેભાગે તર્કશાસ્ત્રથી વેગળા રહી જાય છે.

'કેટલીયે વાર સાવ તર્કવિસંગત કારણસર ઝગડા ઊભા કરીને બે દેશ પોતાનું જ નુકસાન નોતરે છે. કારણ કે બધા જ દેશો પાસે સ્વ-રક્ષણ માટે પોતપોતાના ગજા પ્રમાણે શસ્ત્રાસ્ત્રોના સરંજામ ખડકેલા છે. લડાઈ થાય ત્યારે આ શસ્ત્રસરંજામની મદદથી પુષ્કળ પ્રમાણમાં પ્રાણહાનિ અને ઈતર વિનાશ થતો હોય છે.

'કેટલાક સૈકાઓ અગાઉ આપણા પૂર્વજો પણ આવી દશામાંથી પસાર થયા હતા. પણ આ લોકો આવ્યા છે ક્યાંથી?' કરટકે પૂછ્યું.

'મારું અનુમાન એવું છે કે હિમયુગના આગમાન કાળે આપણે પૃથ્વી છોડીને ગયા પછી ત્યાં જે વનવાસી બાંધવો રહેતા હતા તેમાંના જેઓ એ હિમયુગમાંથી બચી શક્યા હશે તેઓની વંશવૃદ્ધિ થઈ હશે અને પ્રગતિના માર્ગે ક્રમેક્રમે આગળ વધ્યા હશે. આપણે અત્યારે તેમને જ જોઈ રહ્યા છીએ.' કમ્પ્યુટરે કહ્યું.

'આપણી સમાંતર સ્થિતિએ પહોંચતાં આ લોકોને કેટલાં વર્ષ લાગશે?' કરટકે પૂછ્યું.

'અત્યારે જે માહિતી મારી પાસે છે તેના આધારે મારાથી કશી ચોક્કસ આગાહી થઈ શકે તેમ નથી. પોતાનાં શસ્ત્રોથી પોતાનો જ નાશ ન કરી નાખે, અને વિજ્ઞાન તથા ટેકનોલૉજી ડહાપણપૂર્વક વાપરે, અને પોતાની જનસંખ્યા નિયંત્રણમાં રાખી શકે તો પણ આ લોકોને આપણા જેટલી પ્રગતિ કરવા માટે ઓછામાં ઓછાં બસો વર્ષ લાગશે. જોકે વાસ્તવમાં આ લોકો એટલી તકેદારી રાખશે જ એવું નથી. અત્યારે તમે જ્યાં છો તે દેશ બધા દેશો કરતાં આગળ વધેલો ગણાય છે. તેનું નામ અમેરિકા છે. અહીં 'અંગ્રેજી' નામની ભાષા છે અને પૃથ્વી ઉપર અનેક ઠેકાણે એ ભાષા બોલાય છે. આ ભરચક જગ્યા છે તે 'ટાઇમ્સ સ્કેવર' તરીકે ઓળખાય છે. આખી દુનિયામાં આપણે જ સૌ કરતાં સુધરેલા, આપણું જ જીવનધોરણ સૌથી ઉત્તમ, આપણો દેશ બધા કરતાં વધારે સમૃદ્ધ એવું આ દેશના લોકોને અભિમાન છે. એમના માટે તમે વાપરેલાં 'અવિકસિત', 'પછાત', 'બાલીશ' વગેરે વિશેષણો સાંભળીને એ લોકોને તો ભારે આઘાત લાગશે.'

'તો હવે અમે શું કરીએ એવી તારી સૂચના છે?' દમનકે પૂછ્યું.

'પહેલાં હું તમને એમની ભાષા શીખવું છું. તે પછી તમે જુદેજુદે ઠેકાણે જઇને પૃથ્વી પરની મનુષ્યજાત અંગે શક્ય તેટલી માહિતી એકઠી કરો. તેના આધારે આગળ શું કરવાનું તે નક્કી કરવામાં આવશે. પૃથ્વી ઉપર મનુષ્યવસ્તી હશે તેવી અપેક્ષા ન હતી. આપણા વૈજ્ઞાનિકોએ એવું ભાખેલું હતું કે આપણે પૃથ્વી છોડયા પછી તુરત હિમયુગ શરૂ થશે અને પૃથ્વી મનુષ્યવિહોણી બની જશે. તેવી અવસ્થામાં જ તે આપણને પરત મળશે એ અપેક્ષા કંઈ સાચી ઠરી નહિ. હવે ઇંગ્લિશ શીખવા તૈયાર થઈ જાવ !' કમ્પ્યુટરે હુકમ કર્યો.

કરટક અને દમનકે ઇલેક્ટ્રૉડ જેવાં દેખાતાં યંત્રો પોતપોતાના માથા પર લગાડયાં. તે માટે ટાઇમ્સ સ્કવેર પાસે ૪૧ અને ૪૨ નંબરના રસ્તાઓને જોડતી એક અંધારી ગલી તેમણે પસંદ કરી. કેટલાંક અસામાજિક તત્ત્વોને બાદ કરતાં બીજા સામાન્ય લોકોની અહીં અવર-જવર ન હતી. 'મગિંગ'* માટે આ વિસ્તાર જાણીતો હતો. એક નિર્જન સ્થળે ભીંતને અઢેલીને કરટક અને દમનક બેઠા. અલબત્ત, પૃથ્વી ઉપરના લોકોને માટે તો તેઓ બંને અદશ્ય હતા.

---

* ગુંડાઓ હરી-ફરતા લોકોને બતાવે, મારપીટ કરી લૂંટી લે તેને 'મગિંગ' કહે છે.

અર્ધો કલાક તંદ્રામાં પસાર કરીને શુદ્ધિમાં આવ્યા પછી તેમણે પોતાના હૅલ્મેટ દૂર કર્યાં અને એકબીજા સામે જોયું.

'ગુડ ઈવનિંગ કરટક ! હાઉ આર યુ ?' દમનકે પૂછ્યું. કરટકે હસીને જવાબ દીધો, 'ગુડ ઈવનિંગ ! આઈ એમ ફાઈન, થેંક યુ !'

બંનેનું અંગ્રેજી અમુક અંશે યાંત્રિક હોવા છતાં શાસ્ત્રશુદ્ધ હતું. અંગ્રેજીના કોઈ પ્રોફેસરને પણ તેમના બોલવામાં ખામી જણાઈ ન હોત. તેઓએ ફરી વાર કમ્પ્યુટર સાથે સંપર્ક સાધ્યો.

'અમે હવે ક્યાં જઈએ તે કહે.' તેમણે અંગ્રેજીમાં પૂછ્યું. કમ્પ્યુટરે પણ અંગ્રેજીમાં જવાબ દીધો, 'તમે અમેરિકામાં છો એટલે ત્યાંની કેટલીક જગ્યાઓ કહું છું. ત્યાં જઈને મને માહિતી મોકલજો. માહિતીનું વિશ્લેષણ કરવાનું કામ મારું. તમે પહેલાં વૉશિંગ્ટન નામના ગામમાં જાઓ. તે આ દેશનું મુખ્ય શહેર છે. દેશની સર્વ સત્તા ત્યાં કેન્દ્રિત થએલી છે. કરટક, તું લાઇબ્રેરી ઑવ કૉંગ્રેસમાં જા. ત્યાં તને પુસ્તકોનો મોટો સંગ્રહ જોવા મળશે. સ્કેનર દ્વારા મને એમાંની માહિતી મોકલજે. દમનક, તું પેંટેગન અને સી.આઈ.એ. સંસ્થાઓમાં જા. આ દેશે અને દુનિયાના બીજા દેશોએ સંરક્ષણ માટે કરી રાખેલી તૈયારીઓની પુષ્કળ માહિતી ત્યાં એકત્રિત કરેલી તને મળશે. અદૃશ્યતાના આવરણ હેઠળ છો એટલે ક્યાંય પણ ઘૂસી જવામાં તમને બંનેને તકલીફ થવાની નથી. આટલી કામગીરી પૂરી થશે પછી તમને બીજે મોકલીશ.'

કમ્પ્યુટરની રજા લઈને બંને જણ પોતપોતાના માર્ગે પડ્યા.

વીક-એન્ડમાં લંડન, અઠવાડિયામાં યુરોપ અને મહિનાભરમાં જગતનો પ્રવાસ કરવાવાળા અમેરિકન ટૂરિસ્ટોને શરમાવે એવા વેગથી કરટક અને દમનકે પૃથ્વી ઉપર અનેક ઠેકાણે ચક્કર માર્યાં. મનુષ્ય-જીવનનું સૂક્ષ્મ અવલોકન કર્યું, કેટલીક પસંદ કરેલી વ્યક્તિઓની દિન-ચર્યા નજીકથી નિહાળી. આફ્રિકાનાં જંગલોથી માંડીને કૅલિફૉર્નિયાની અતિ પ્રગતિશીલ કહેવાતી વસાહતો સુધીનાં પૃથ્વીનાં વિવિધ પાસાં જોયાં. અને પછી આ પ્રવાસ આટોપીને ચંદ્રની પાસે આવેલા પોતાના અવકાશયાનમાં પાછા ફર્યા.

'સ્વાગતમ્ ! અને પોતાનું કામ ચોકસાઈપૂર્વક આટોપવા બદલ અભિનંદન !' કમ્પ્યુટર બોલ્યું. 'તમે મોકલેલી સઘળી માહિતીનું મેં વિશ્લેષણ કર્યું છે. મોટા ભાગની માહિતી નિરુપયોગી છે. જ્યારે બીજી કેટલીક એકના એક જ પ્રકારની છે. એટલે અત્યારે તો મેં જરૂરી છે તેટલી જ માહિતીનો સારાંશ તૈયાર કર્યો છે. એ હું પહેલાં તમારા મગજમાં ભરીશ. તેના પર વિચાર કરીને તથા તમે પોતે પ્રત્યક્ષ જે જોયું છે તેના આધારે તમારાં મંતવ્ય જણાવો. તમારે બંનેએ એક આખો દિવસ એકાંતમાં વિચાર કરીને પોતાનું મંતવ્ય તૈયાર કરી તેની નોંધ કરવાની છે. એકબીજા સાથે વિચાર-વિનિમય કરશો નહિ. તમારાં મંતવ્યો સાંભળ્યા પછી આપણે ચર્ચા કરીશું.'

ઠરાવ્યા મુજબ એક દિવસ વિતાવ્યા પછી બંને જણ પાછા કમ્પ્યુટર સમક્ષ આવીને બેઠા.

'દમનક, પહેલાં તારું મંતવ્ય સંભળાવ.' કમ્પ્યુટરે આજ્ઞા કરી. દમનકે ભીંત ઉપરનું એક બટન દબાવતાં જ તેનો અવાજ સંભળાયો :

'આપણે પૃથ્વી છોડી ત્યારે પૃથ્વી પરનાં અત્યારનાં મનુષ્યોના પૂર્વજો સંખ્યામાં થોડા હતા અને જંગલમાં વસતા હતા. તેઓ આપણા રસ્તે જતા ન હતા અને આપણે તેઓ સાથે સંબંધ રાખતા ન હતા. અલબત્ત, કંઈક અંશે આપણા પૂર્વજોએ તેઓને સુધારાની દિશા દેખાડવાના પ્રયત્નો કર્યા હતા, પરંતુ તે પ્રયત્નોનો વળતો પડઘો ન હતો. એટલે આપણે આપણો જુદારો કાયમ રાખ્યો.

'પરંતુ અત્યારે પરિસ્થિતિ જુદી છે. આપણી ગેરહાજરીમાં હિમયુગ પસાર કરી જનાર તે જંગલી ટોળાંઓની વંશવૃદ્ધિ થઈ છે અને હવે તો લગભગ સમગ્ર પૃથ્વી ઉપર તેઓ પથરાઈ ચૂક્યા છે. વળી, હજુ તેઓ આપણા જેટલા વિકસિત થયા નથી તેમ છતાં પહેલાંની જેવા જંગલી તો અલબત્ત નથી જ. એટલા માટે આપણે પૃથ્વી પર પાછા ફરીએ તો તેમના કારણે આપણી સમક્ષ અનેક સમસ્યાઓ ખડી થશે.

'એક તો એ કે આપણે તેમનાથી દૂર અને અલિપ્ત તો રહી નહિ શકીએ અને અગર તેમના સંપર્કમાં આવીશું તો શું થશે ? તેઓ ગમે તેટલા સુધરેલા હશે તો પણ આપણું જ્ઞાન પચાવવાની પાત્રતા તેમના-માં હજુ તો નથી. આપણું વર્તન તેઓને જુદું જ લાગશે. આપણી સમૃદ્ધિ તેઓની આંખમાં ખૂંચશે. વળી, આપણે પણ તેમના જેવા જ મનુષ્યો હોવાને લીધે આપણામાં અને તેમનામાં રહેલા આ તફાવતો તેઓને વધારે દેખાશે અને તેથી વધારે ખટકશે,

'બીજી સમસ્યા તો એ લોકોએ જ ઊભી કરેલી છે. તેઓના પૂર્વજો જંગલી હતા પરંતુ નિરુપદ્રવી હતા. પણ પ્રગતિના નામ હેઠળ તેઓના આ મૂર્ખ વંશજોએ કેટલાંય જોખમો નિર્માણ કર્યાં છે. અણુશક્તિનાં સાધનો હાથ ચડ્યાં પછી તો આ લોકો પોતાનો અને પૃથ્વીનો ક્યારે નાશ કરશે અને તે પણ કયા ક તુચ્છ કારણસર, તે કહી શકાય તેમ નથી. તે જ પ્રમાણે એક કાળે જે વિશુદ્ધ હતી તે કુદરતને પણ આ લોકોએ કેટલી બધી પ્રદૂષિત કરી મૂકી છે ?

'એટલે, આપણે જો પૃથ્વી પર પાછા ફરવાનું હોય તો પહેલાં તો ત્યાં રહેલી માણસજાતનો નાશ કરવો જોઈએ. આપણી પાસે છે તેટલી શસ્ત્રસામગ્રી વડે તે સહેલાઈથી થઈ શકે તેમ છે. આપણે ફક્ત એક જ દિવસમાં પૃથ્વી નિર્મનુષ્ય કરી શકીએ. તેમ કર્યા સિવાય આપણો આરો નથી એમ જ મારું મંતવ્ય છે.'

દમનકના બોલવાની રેકર્ડ પૂરી થયા પછી છવાએલી શાંતિનો ભંગ કરતાં કમ્પ્યુટર બોલ્યું, 'મેં તારા મંતવ્યને ધ્યાનમાં લીધું છે અને આપણે તેના પર ચર્ચા કરીશું. પણ હવે કરટકનો મત સંભળાએ.'

તરત જ કરટકનો સૌમ્ય અવાજ સંભળાવા લાગ્યો.

'પૃથ્વી ઉપરથી મનુષ્ય-વસ્તી જોઈને મારા મનમાં પહેલાં એક વિચાર આવે છે. આપણે લોકોએ હિમયુગના ભયથી પૃથ્વી છોડી હતી, પોતપોતાની રીતે દરેક જણ આત્મરક્ષણ માટે પ્રયત્ન કરતું હોય છે અને એ કુદરતી નિયમ અનુસાર જ આપણે પણ વર્ત્યા હતા—તેમાં અજુગતું કશું ન હતું. પણ આપણે પોતાને અતિવિકસિત કહેવરાવવા છતાં છેવટે તો નૈસર્ગિક આપત્તિ સામેથી ભાગી જ છૂટેલા ! અને તે પણ આપણા વનવાસી બાંધવોની પરવા કર્યા સિવાય. આમાં મને આપણી ભીરુતા અને સ્વાર્થવૃત્તિ દેખાય છે.

'હિમયુગમાં આપણા વનવાસી બંધુઓ ઘણી મોટી સંખ્યામાં ખલાસ થઈ ગયા હશે. પણ જે જીવી ગયા, તેઓ ગમે તે રીતે કરીને કુદરત સામે ઝઝૂમ્યા અને હયાત રહીને તેના પર વિજય મેળવ્યો. આ ઝઝૂમવામાંથી જ તેઓએ પ્રગતિનાં સોપાન ચઢવાં શરૂ કર્યાં અને આજે તેઓના વંશજોએ પોતાની હિંમતના જોરે આટલી પ્રગતિ કરી છે. આ વિદ્યા તેઓને આપણી પાસેથી મળી નથી. આપણે દેવા છતાં તેઓના પૂર્વજોએ કદી લીધી નથી. આ સંજોગોમાં પૃથ્વી પર રહેવાનો તથા ત્યાંની નૈસર્ગિક સંપત્તિ ભોગવવાનો તેઓને આપણા જેટલો જ, અને કદાચ આપણાથી વધારે અધિકાર છે. આપણને અન્યત્ર જવા માટેનાં ઠેકાણાં ખબર હોય તો આપણે પૃથ્વી પર પાછા ન જઈએ એમ મેં કહ્યું હોત. પણ આપણને ય તે પૃથ્વી પર જ આશરો લેવાનું ભાગ્યમાં છે. આપણી સંસ્કૃતિ માટેની જરૂરી સાધનસામગ્રી બધી ત્યાં જ છે.



અગ્નિ એશિયાના દેશોમાં પ્રસરેલી હિંદુ સંસ્કૃતિ, તે દેશોનું પ્રજાજીવન અને તેમના રસમોરિવાજનો વિગતે પરિચય આપતી માહિતીપ્રદ અને સચિત્ર વિસ્તૃત પ્રવાસકથા-'અગસ્ત્યને પગલે' (અંક ૪૦૨થી ૪૪૬)ના લેખક શ્રી નવનીત પારેખથી 'કુમાર'ના જૂના વાચકો સુપરિચિત છે. બચપણથી જ તેઓ હિમાલયના ગાઢ અનુરાગી હોઈ ત્યાંના લગભગ બધા જ પ્રદેશોમાં પણ તેઓ ઘૂમી વળ્યા છે. એમની આ નવી લેખ-માળામાં આપણે એમના એ પ્રવાસોનાં સંસ્મરણો સાથે હિમાલય ને તેમાં વસતી વિવિધ પ્રજાનો સરસ પરિચય પામીશું. ભ્રમણરસિયા હોવા ઉપરાંત તેઓ એક અચ્છા છબિકાર પણ હોઈ એમની આ લેખમાળા પણ માહિતીસભર ને સચિત્ર બનવા સાથે એટલી જ રસપ્રદ બની રહેશે.

નગાધિરાજ હિમાલય

(હિમાલયનાં સંસ્મરણો-૧)

△ નવનીત પારેખ △


હિમાલય વિષે મારામાં ક્યારે અનુરાગ ઉદ્ભવ્યો હશે તે કહેવું કઠિન છે. પૂર્વજન્મના કોઈ પ્રબળ સંસ્કારોને કારણે મારામાં નાનપણથી જ હિમાલય પ્રત્યે અપાર આસ્થા તેમજ પ્રેમ હતાં. હિમાલયનું નામ સાંભળતાં જ મારી આંખો ચમકી ઊઠતી અને મારામાં એક પ્રકારનો રોમાંચ વ્યાપી જતો.

કિશોર વયમાં જ મેં સંકલ્પ કરી લીધો હતો કે પ્રૌઢ ઉમરે હું બધી દુનિયાદારી છોડીને હિમાલયના કોઈક શાન્ત સ્થળે વસવાટ કરીશ અને મારું શેષ આયુષ્ય હિમાલયમાં ગાળીશ.

ઈશ-કૃપાએ મારો આ સંકલ્પ સિદ્ધ થયો અને આજે છેલ્લાં પચ્ચીસ વર્ષથી હું આલમોડા પાસે મારી 'ખાલી-ઍસ્ટેટ'માં સ્થાયી થયો છું.

પરંતુ હિમાલયમાં પ્રવેશ કરતાં પહેલાં આપણે આ નગાધિરાજ-ની ઓળખ કરી લઈએ.

પાંચ કરોડ વર્ષ અગાઉ આજ જ્યાં આ વિરાટ ગિરિમાળા ઊભી છે, ત્યાં એક વિશાળ મહાસાગર ઘૂઘવતો હતો. ભૂસ્તરશાસ્ત્રીઓએ આ સમુદ્રનું નામ રાખ્યું છે 'ટેથિસ'. આ મહાસાગરની ઉત્તરે તેમજ દક્ષિણે એકએક મોટો ભૂ-ખંડ હતો. કાળના ક્રમે આ બંને ભૂખંડો ખસતાખસતા એક બીજા સાથે અથડાયા અને તે ટક્કરને કારણે આ ઉત્તુંગ પર્વત-શૃંખલા ઊપસી આવી! આજે આપણે હિમાલયમાં ભ્રમણ કરવા જઈએ ત્યારે આપણે કલ્પના પણ ન કરી શકીએ કે એક કાળે અહીં મોટો મહાસાગર ફેલાએલો હશે, અને ત્યાં મનુષ્ય તથા પશુ પક્ષીને સ્થાને અનેક પ્રકારનાં જળચરો વિહરતાં હશે. આજે પણ હિમાલયમાં કેટલાંક સ્થળોએ આ વિવિધ જળજીવોનાં અવશેષ (fossils) મળી આવે છે. સન ૧૯૫૫માં જ્યારે હું નેપાલ અને તિબેટની સરહદ પાસે મુક્તિનાથ ગયો હતો ત્યારે ત્યાં મને આવા અનેક અવ-શેષો જોવા મળ્યા હતા. આપણા દેશમાં વૈષ્ણવો ભગવાન વિષ્ણુના પ્રતીક રૂપે જે શાલિગ્રામની પૂજા કરે છે તે અહીં ગંડકી નદીના પટમાં પુષ્કળ પ્રમાણમાં મળે છે. જમ્મૂ શહેરના રઘુનાથજીના મંદિરમાં તો આવા સેંકડો શાલિગ્રામ પ્રતિષ્ઠાપિત કરેલા છે.



હિમાલયની ઉત્તુંગ પર્વતમાળામાં સમગ્ર પૃથ્વી ઉપરના સૌથી ઊંચા એવરેસ્ટ શિખર સહિત અને ઉચ્ચોચ્ચ શિખરો જરૂર છે; પરંતુ આયુષ્યમાં આ પર્વતમાળા સૌથી યુવાન, એટલે કે વયમાં સૌથી નાની છે! અવની પરના બીજા પર્વતો હિમાલયની તુલનામાં તો વયોવૃદ્ધ ગણાય. અરે આપણા સહ્યાદ્રિ અને અરવલ્લી પહાડો પણ હિમાલય કરતાં ઘણા જૂના છે.

હિમાલયની પેલી પારથી આર્યો જ્યારે આપણા જંબુદ્વીપ (ભારત-વર્ષ)માં ઊતરી આવ્યા ત્યારે તેમની સાથે પોતાનો પર્વત-પ્રેમ પણ સાથે લઈ આવ્યા હશે. તેથી આપણાં શાસ્ત્રો-પુરાણોમાં હિમા-લય વિષે અસંખ્ય ઉલ્લેખ જોવા મળે છે. સ્કંદ-પુરાણ કહે છે કે, 'જેમ પ્રભાતનાં સૂર્ય-કિરણોથી ઝાકળ ઊડી જાય છે, તેમ હિમાલયના દર્શન માત્રથી મનુષ્યનાં બધાં પાપ દૂર થઈ જાય છે.'

ભગવાન શંકર પણ હિમાલયની પુત્રી પાર્વતીને પરણીને હિમા-

◁

તિબેટના પરમ શ્રેષ્ઠ ધર્મગુરુ દલાઈ લામા સાથે લેખક શ્રી નવનીત પારેખ. (મથાળે) દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ સહિત હિમાલયનું એક ભવ્ય દૃશ્ય. (છબિ: નવનીત પારેખ)

લયની પાર કૈલાસ પાસે વસી ગયા. મહાકવિ કાલિદાસે પોતાના કાવ્ય 'કુમારસંભવમ'માં આરંભમાં જ હિમાલયની સ્તુતિ કરતાં કહ્યું છે:

अस्त्युत्तरस्याम दिशि देवतात्मा हिमालयो नाम नगाधिराजः।
पूर्वापरो तोयनिधिऽवगाह्य स्थितः पृथिव्या इव मानदण्डः॥

મહાકવિ બાણ-ભટ્ટે 'કાદમ્બરી'માં જે અચ્છોદ સરોવરનું વર્ણન કર્યું છે તે કદાચ હિમાલયના માન-સરોવરને જોઇને તો નહિ કર્યું હોય?

હિમાલયની વિરાટ પર્વત-શૃંખલા પૂર્વથી પશ્ચિમ અર્ધ-ચંદ્રાકારે વિસ્તરી છે. તેની કુલ લંબાઈ લગભગ ૨૫૦૦ કિલોમીટર છે. હિમાલયની પૂર્વે બર્મા તથા વિએટનામના પર્વતો અને પશ્ચિમે કારાકોરમ તથા હિંદુકુશ પર્વતો ઊભા છે.

હિમાલયની પૂર્વ-પશ્ચિમ લંબાઇના પાંચ વિભાગ પાડી શકાય. પશ્ચિમથી પૂર્વ (૧) કાશ્મીર, (૨) હિમાચલ-પ્રદેશ, (૩) ગઢવાલ-કુમાઉં, (૪) નેપાલ-હિમાલય, અને (૫) પૂર્વ હિમાલય.

ભારતીય ઉપખંડના હવામાન પર હિમાલયનો પ્રચંડ પ્રભાવ રહ્યો છે. આ હિમાચ્છાદિત પર્વતોને કારણે ઉત્તર ભારતમાં શિયાળો ઘણો ઠંડો હોય છે અને ઉનાળા દરમિયાન વાતાવરણમાં સારા પ્રમાણમાં ભેજ રહે છે. ચોમાસામાં અરબી સમુદ્ર તથા હિંદી મહાસાગર પરથી આવતાં વાદળો હિમાલય સુધી આવીને અટકી જાય છે, અને તેમનું બધું જળ હિમાલયની દક્ષિણે ભારતમાં જ ઠલવાઇ જાય છે. આ કારણે ઉત્તર ભારતમાં સારો વરસાદ પડે છે, જ્યારે હિમાલયની ઉત્તરે તિબેટનો પ્રદેશ સાવ સૂકો રહી જાય છે. આ હિમ-શિખરોનો તથા તેમની હિમ-નદીઓનો બરફ ઉનાળામાં પીગળે છે. તેથી પાકિસ્તાનની તથા ઉત્તર ભારતની નદીઓમાં બારે માસ પાણી વહેતું રહે છે, હિમાલયના અખૂટ જળભંડારને કારણે જ પંજાબ તથા ગંગા-યમુનાનો પ્રદેશ ફળદ્રૂપ બન્યો છે.

દુનિયાનાં સૌથી ઊંચાં શિખરો હિમાલયમાં છે. પૃથ્વી પરનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ નેપાલ અને તિબેટની સરહદ પર આવ્યું છે. આ પ્રદેશને સોલો-ખુમ્બુ કહે છે. એવરેસ્ટ પર્વત-વૃંદમાં એવરેસ્ટ, લ્હોત્સે અને નુપત્સે એ ત્રણ મુખ્ય શિખરો છે. એવરેસ્ટ શિખર ૮,૮૪૮ મીટર ઊંચું છે. તેની ઉત્તરે તિબેટ તથા દક્ષિણે નેપાલ આવેલા છે. એવરેસ્ટનું નેપાલી નામ છે 'સાગર-માથા' તથા તિબેટી નામ છે 'ચોમો-લુંગ્મા. એવરેસ્ટની સામે જ પુમોરી નામનું એક શિખર છે. ઇ. ૧૯૫૩માં જ્યારે હું મારા સાથી સાથે એ પુમોરી શિખર ચઢવા ગએલો ત્યારે અમે ટોચ સુધી તો ન પહોંચી શક્યા, પરંતુ પુમોરી પર્વત પરથી અમને સમગ્ર એવરેસ્ટ પર્વત-વૃંદનું અતિ ભવ્ય દૃશ્ય જોવા મળેલું.

હિમાલયમાં બીજાં કેટલાંક શિખરો છે જે બહુ ઊંચાં નથી, પરંતુ ભારત, નેપાલ તથા તિબેટના લોકો માટે આ શિખરો પરમ પવિત્ર તથા પૂજનીય છે. આ શિખરો તે કૈલાસ, બદરીનાથ તથા કેદારનાથ. કૈલાસ પર્વત તિબેટમાં આવેલો છે અને તેની તળેટી પાસે 'માન-સરોવર' તથા 'રાક્ષસ-તાલ' નામનાં બે વિશાળ સરોવરો વિસ્તરેલાં છે.

મારા સદ્ભાગ્યે મને હિમાલયના આ બધા જ પ્રદેશોમાં ભ્રમણ કરવાની તક મળી. તિબેટ, નેપાલ, સિક્કીમ, ભૂતાન, અરૂણાચલ-પ્રદેશ, હિમાચલ-પ્રદેશ, કાશ્મીર, ગઢવાલ અને કુમાઉં ઇત્યાદિ પ્રદેશોમાં હું વિસ્તૃત પ્રવાસ કરી શક્યો. આજે તો હિમાલયના ઘણા વિસ્તારોમાં મોટરમાર્ગોની જાળ ફેલાઈ રહી છે. પરંતુ મારા મિત્રો સાથે હું જ્યારે હિમાલયમાં ભમતો હતો ત્યારે એ પ્રદેશ બાહ્ય જગતથી સાવ અલિપ્ત, અસ્પૃષ્ટ તથા અદૂષિત હતો. મારો ઘણોખરો પ્રવાસ તો પગપાળો જ હતો. પરંતુ પગપાળા પ્રવાસનો આનંદ અનેરો જ



કુમાઉં-હિમાલયમાં નંદાદેવી શિખર (૭૮૧૭મી.-૨૬૬૧૫ ફૂટ)


ભારતની ઉત્તરે પૂર્વ-પશ્ચિમ ધનુષ્યાકારે લગભગ ૨,૪૧૫ કિલોમીટર લાંબી અને ૧૫૦થી ૪૦૦ કિલોમીટર પહોળી હિમાલયની ઉત્તુંગ પર્વતમાળા પથરાએલી છે. મુખ્યત્વે તે ત્રણ હારમાં વહેંચાએલી છે. તેમાંની ઉત્તર તરફની પ્રથમ હાર સરાસર ૬,૦૯૬ મીટર ઊંચી હોઈ સદાય હિમથી આચ્છાદિત રહે છે. પ્રાચીન કાળમાં તે 'હિમાદ્રિ' નામે ઓળખાતી, આજે તે 'બૃહદ્ હિમાલય' કહેવાય છે. ગૌરીશંકર, એવરેસ્ટ, કાંચનજંઘા, ધવલગિરિ વગેરે જેવાં અનેક ગગનચુંબી શિખરો આ બૃહદ્ હિમાલયમાં જ આવેલાં છે.

બૃહદ્ હિમાલયની દક્ષિણે લગભગ ૨૪ કિ.મી. પહોળી અને ૩,૬૫૭ થી ૬,૦૯૬ મીટર ઊંચી 'મધ્ય હિમાલય' નામે ઓળખાતી પર્વતહાર પ્રાચીન કાળમાં 'હિમાચલ' નામે ઓળખાતી. આના ઉપર પણ હમેશાં બરફ છવાએલો રહે છે. આ બંને હારનો સમગ્ર પ્રદેશ અત્યંત દુર્ગમ છે. આ પછી દક્ષિણે 'બાહ્ય હિમાલય'ની ત્રીજી પર્વતહાર 'શિવાલિક' પર્વતમાળા તરીકે ઓળખાય છે. ૯૧૪થી ૧,૨૨૦ મીટર ઊંચો આ પહાડી વિસ્તાર પ્રથમ બે પર્વતશ્રેણીઓ જેટલો દુર્ગમ નથી. સિંધુની પશ્ચિમે 'હિંદુકુશ' અને પૂર્વમાં અગ્નિ દિશામાં વળાંક લઈ બ્રહ્મદેશમાં પ્રસરેલી પર્વતશ્રેણી-'પટકાઇ' પણ ભૌગોલિક દૃષ્ટિએ હિમાલયના જ ભાગ ગણાય છે.

હિમાલયના પૂર્વ-પશ્ચિમ પાંચ ભાગ પડે છે:



હિમાલય-નિવાસી ભોટિયા બાળકો



કૈલાસ (૧૭૧૪મી.-૨૨૦૨૮ ફૂટ)



પુમોરીનું એક ઉત્તુંગ શિખર (૭૦૬૮મી. ૨૩૧૯૦')

(૧) કાશ્મીર-હિમાલય. કારાકોરમ, જમ્મૂ અને પુંછ વિસ્તારના પર્વતો તથા લડાખ અને પીર પંજાલના ઉચ્ચ પ્રદેશનો આ ભાગમાં સમાવેશ છે. અહીં ઊંચાં શિખરો, ઊંડી ખીણો અને અનેક હિમનદીઓ જોવા મળે છે. 'નંગાપર્વત' (૭,૭૮૫ મીટર), 'કે-૨' અથવા 'ગૉડવિન ઑસ્ટિન' (૮,૬૧૧ મી.) અને કારાકોરમ પર્વતોમાંનાં અન્ય ગગનચુંબી શિખરો આ ભાગમાં છે.

(૨) પંજાબ-હિમાલય પંજાબ અને હિમાચલ પ્રદેશમાં આવેલા પર્વતો. પંજાબને પરિપ્લાવિત કરતી બધી મોટી નદીઓ આ પર્વતોમાંથી નીકળે છે. 'પીર પંજાલ'નું સાડા ચાર હજાર મીટરથી યે વધુ ઊંચું શિખર આ ભાગમાં છે. 'ધવલધાર નું શિખર એથી યે ઊંચું છે. કુલૂના 'દેઓ તિબ્બા' અને 'ઇંદ્રાસન' નામનાં શિખરો તો ૫,૫૮૬ મીટરથી યે વધુ ઊંચાં છે.

(૩) કુમાઉં-હિમાલય. આજના ઉત્તર પ્રદેશ રાજ્યમાંનો પર્વત વિસ્તાર. આ ભાગમાંથી ગંગા-યમુના પ્રચંડ વેગે નીચે આવે છે. ૫,૫૮૬ મી. થી ૭,૩૧૫ મી. સુધીની ઊંચાઈનાં અનેક શિખરો અને સંખ્યાબંધ હિમનદીઓ આ પર્વતરાજિમાં છે. તેમાંનું સર્વોચ્ચ શિખર 'નંદાદેવી' ૭,૮૧૭ મી. ઊંચું છે.

(૪) નેપાલ-હિમાલય. આ વિભાગમાં ૭,૯૨૫ મીટરથી યે વધુ ઊંચાઈ ધરાવતાં અનેક શિખરો છે. 'ધવલગિરિ' (૮,૧૭૨ મી.), 'અન્નપૂર્ણા' (૮.૦૭૮ મી.), 'મનાસલુ' (૮,૧૫૬), 'ચો ઓયૂ' (૮,૧૫૩), 'ગૌરીશંકર' (૭,૧૪૫), 'એવરેસ્ટ' (૮,૮૪૮), 'મકાલુ' (૮,૪૮૧) અને 'કાંચનજંઘા' ૮,૫૯૮) વગેરે જેવાં ગગનચુંબી શિખરો સાથે અનેક હિમનદીઓવાળો આ ભાગ છે.

(૫) પૂર્વ-હિમાલય. આ ભાગ ઊંચાઈમાં ઓછો છે, પણ તેમાં ઘનઘોર જંગલો વિશેષ છે. 'બ્રહ્મપુત્ર' આ વિસ્તારની મુખ્ય નદી, તેમજ 'નામચા બરવા' (૭,૭૫૬) આ ભાગનું ઊંચામાં ઊંચું શિખર છે.

હિમાલયમાં ૧૪૬ જેટલાં શિખરોની મુખ્ય ગગનચુંબી શિખરોમાં ગણના થાય છે. એમાં લગભગ ૮,૫૩૪ મીટર, એટલે કે ૨૮,૦૦૦ ફૂટથી વધુ ઊંચાં ત્રણ, ૮,૨૨૭ મી. (૨૭,૦૦૦')થી વધુ ઊંચાં પાંચ, ૭,૯૨૫ મી. (૨૬,૦૦૦')થી વધુ ઊંચાં સોળ, ૭,૬૨૦ મી.(૨૫,૦૦૦')થી વધુ ઊંચાં ૪૮ અને ૭,૩૧૫ મી. (૨૪,૦૦૦')થી વધુ ઊંચાં ૭૪ શિખરો છે હાલ તિબેટની હદમાં ગણાતું કૈલાસ શિખર ૬,૭૧૪ મી. (૨૨,૦૨૮) ઊંચું છે. આ કૈલાસ પર્વતવૃંદમાં ઉત્તર ભારતની અનેક મોટી નદીઓનું ઉગમસ્થાન છે.

આ સાથે અનુક્રમે 'નંદાદેવી', 'કૈલાસ' અને પૂર્વ હિમાલયના 'પુમોરી' શિખર દર્શાવ્યાં છે. આ ત્રણે શિખરો ઉપર કાયમ બરફ છવાએલો રહે છે. આ ત્રણે છબિઓ પણ આ લેખમાળાના લેખકે લીધેલી છે.

છે. તેમાં નિશ્ચિત મને યાત્રી પહાડની પગદંડી પર પોતાની જ ઢબચાલથી ધીરેધીરે આગળ વધે છે. આવી પગદંડીની એક બાજુએ પહાડની તોતિંગ ભેખડ તો બીજી બાજુએ નીચે ઊંડી ખીણમાં કોઇ નદીનો પ્રચંડ પ્રવાહ ધસમસતો હોય છે. આસપાસના પહાડો પર અને નીચે નદીના બેઉ કાંઠે ચીડ અને દેવદાર, બાંજ અને બુરૂંસનાં ગાઢ જંગલો વિસ્તરેલાં છે. નીચેના ઢોળાવ ઉપર રંગબેરંગી ફૂલો, અને તેમના સૌંદર્યની સ્પર્ધા કરનારાં પતંગિયાં મંડરાતાં જોવા મળે છે. આસપાસનાં જંગલોમાં વિચરતાં પક્ષીઓના મીઠા ટહુકાર સાંભળતો અને ક્યારેક તો રંગમાં આવીને પોતે જ કોઈ કવિતાની પંક્તિ લલકારતો યાત્રી આવી પગદંડી પર આગળ વધે છે.

હૃષીકેશથી મોટરમાં બેસી એક જ દિવસમાં બદરીનાથ દોડી જનાર સહેલાણીને આવો આનંદ ક્યાંથી મળે કે ક્યાંથી સૂઝે?

આપણે તો પાકી સડકો અને મોટર જેવાં વાહનોની સગવડો થઈ તે પહેલાંના હિમાલયમાં અલકનંદા કે ગંડકી જેવી નદીઓના ઊછળતા-ધૂધવતા પ્રવાહને કાંઠેકાંઠે પગપાળા યાત્રા કરીશું. માર્ગમાં આવતાં પહાડી ગ્રામજનોનાં ઘરોમાં રાતવાસો કરીશું અને તેમની રહેણી-કરણી, રીત-રિવાજ તથા વેશ-આભૂષણોનો અભ્યાસ પણ કરતા જઈશું. આવતા અંકથી આપણે આ વિસ્તૃત પ્રવાસે ઊપડીશું.

અનુસંધાન] **હુસેન બબાલ** [પૃષ્ઠ ૨૧૯થી

અસત્ય ચાલતું જોઉં છું ત્યારે તેનો પ્રતિકાર કરવા મન તલપાપડ બને છે, પરંતુ પ્રતિકાર શક્તિના અભાવે મૌન સેવું છું. કશા ય ગભરાટ વગર સત્ય કહી શકતો નથી એટલી શક્તિ માટે હુસેન બબાલનું સ્મરણ થઈ આવે છે. મનમાં પ્રાર્થું છું કે પ્રભુ આવતે ભવે હુસેન બબાલ જેવી પ્રતિકાર શક્તિ આપજે મને. પણ ક્યાંકથી સાંભળ્યું છે કે પ્રભુ તો સાવ બહેરા છે. કહેવાય છે કે બહેરાપણું મૃત્યુ લગી સાથે હોય છે અને પ્રભુના જન્મ-અવતારની સુંદર કલ્પના કરનાર માનવી ઉત્સાહમાં ને ઉત્સાહમાં પ્રભુના મૃત્યુની વિભાવના જ વિસરી ગયો છે. માટે જ અજર-અમર-અખંડ-પ્રભુનું અદ્વિતીય બહેરાપણું વગેરે વગેરે આપણા માથે ઝીંકાયું છે. □

ચરિત્ર-નિબંધ

હુસેન બબાલ

'આનંદશર્મનૂ'

'હવે પાકી બબાલ થવાની.'

'કેમ?' મેં પૂછ્યું.

'આ લોન ખોટી અપાઈ છે.'

'તમારા માણસને જ અપાઈ છે ને?'

'ના, વ્યાસસાહેબના ચમચાને અપાઈ છે.'

'એ ખોટું છે.'

'તું શેનો હા પાડે?'

અમારી વાતચીત ચાલતી'તી ત્યાં ભીખો પ્રવેશ્યો અને એના પ્રવેશ સાથે જ એનો બુલંદ અવાજ રણક્યો :

'ઓ...હ...હ.... હુસેન બબાલ!'

હુસેન એની પાછળ એના ટેબલ પર ગયો. બન્ને વચ્ચે મોટેથી વાતચીત થઈ. કેવળ હુસેનને ગરમ કરવાની વૃત્તિ. થોડીક વારમાં હુસેન બબાલ બબડતો-બબડતો બહાર ચાલ્યો ગયો. મારી અને હુસેન બબાલની એ પ્રથમ ગોષ્ઠિ, પ્રથમ જ મેળાપ. એ મેળાપ પછી તો પાંગર્યો હતો, આજે તૂટી ગયો છે. ક્યારેક એને ચપ્પલ ઘસડતો જોઉં છું ત્યારે એની પેલી બબાલ કરવાની વૃત્તિ યાદ આવે છે. 'બબાલ' એનો પ્રિય શબ્દ હતો. એનો અર્થ થાય 'કશોક ઊહાપોહ.' સાર્થ જોડણીકોશમાં આવા શબ્દોના અર્થો હજુ દાખલ થયા નથી. બાકી આવા શબ્દોની વ્યંજના પૂરેપૂરી હોય છે. પરિસ્થિતિ મુજબ વ્યવહારમાંથી નિષ્પન્ન થયેલા શબ્દો છે આ બધા. કદાચ આમ જ ભાષા વિસ્તરતી હશે!

મૅટ્રિકની પરીક્ષા આપ્યા પછી જે લાંબું વૅકેશન ભોગવવા મળેલું તે દરમિયાન પ્રભા મિલમાં મજૂરની ક્રૅડિટ સોસાએટીમાં મને કામ મળેલું. આરંભે ત્રણ માસ પૂરતું હતું. પછીથી લંબાયું. પ્રતિમાસ પચાસ હજાર રૂપિયાનું ધિરાણ થતું હતું. પૈસા મેળવવાની મજૂરોની તાલાવેલી એવી કે ગમે તે રીતે ધિરાણ મેળવે. એ માટે લાંચ પણ આપે. મારા પૂર્વે સોમાકાકા નામના વૃદ્ધ આ કામ કરતા. એમણે ઘણાને લોન અપાવી હતી. એ પછી મારે ભાગે એ કામ આવ્યું. નવોનવો અભ્યાસ છોડેલો. નીતિ-પ્રામાણિકતાની ઉચ્ચ ભાવના મન પર સવાર હતી.

'સત્યના પ્રયોગો' અભ્યાસનું પુસ્તક હતું. મજૂરોની તાતી જરૂરિયાત સમજાતી, પરંતુ કશો રસ્તો કાઢી શકતો નહિ. સહુ કહેતા : 'સોમભાઈ તો ગમેતેમ કરીને લોનની ગોઠવણ કરી આપતા'તા. તમે કેમ નથી કરી શકતા?' હું મનમાં મૂંઝાતો. એવામાં એક દિવસ એક મજૂરે વાતનો ઘટસ્ફોટ કર્યો. નીતિ-પ્રામાણિકતાને આઘાત લાગ્યો. પણ કશું ન કરી શક્યો. હું મનમાં વલોવાયો તે ય ક્ષણિક. અનુભવીનું કથન હતું : 'એ તો એમ જ ચાલે.'

અમારી એ સોસાએટીનો હુસેન બબાલ પણ સભ્ય. કારોબારીની ચૂંટણીમાં ઊભો રહેતો, પણ કાયમ હારતો. નાની વાતને પણ ચગાવતો. આદત પડી ગયેલી એની એ. મોટી બૂમો પાડે. 'પૈસા ખવાય છે' એમ જોરથી બરાડે. કોઈક કારીગરને લઇને લોન લખાવવા આવે. નિયમોની વાત કાઢે. કાયદો બતાડે, સહુ ડરતા એનાથી. હતો તો એકલો, પરંતુ સહુનાં કામ કરતો. એથી કોઈનું પણ કામ ન પતે તો એ કારીગર હુસેન બબાલ પાસે પહોંચી જાય. એમ જ ટોળું જામેલું એની આજુબાજુ. ગમે તેવો મોટો સાહેબ હોય તો પણ એ મોઢે જ સુણાવી દે. જરાય ગભરાય નહિ. મિલના શેઠને પણ ખચકાયા વગર સામી છાતીએ પડકારે, 'અમારુ લોહી ચૂસીને તમે ગાડી ફેરવો છો' એમ કહેતો.

હુસેન બબાલના પગે કપાસી એટલે લંગડાતી ચાલે ચાલતો. પગના આગલા ભાગને જમીન પર ટેરવતો. પાની અડતી નહિ. સફેદ લેંઘો ને ટૂંકો ઝભ્ભો. બટન બીડે તો એ હુસેન બબાલ નહિ. માથાના વાળ કદી ઓળતો નહિ. પાંચ-પંદર દિવસે ભાગ્યે જ નહાય. પાકો મેલો. પણ માત્ર કાયા મેલી, મન તો શુદ્ધ-પરિશુદ્ધ. પાકો નિખાલસ, પાકો નીડર, અને આથી જ કદાચ પાકો માણસ, દયાનો માણસ. દુઃખ જોઇને પીગળતો. એમ જ પીગળતો ગયો. આજે અહીંતહીં હવાતિયાં મારે છે. મિલ બંધ પડી તે પહેલાં જ ઝાંપો એના માટે બંધ થઈ ગએલો. એની યે એક કથા છે. એણે ઘણાની કથા કરી. ઘણાની વ્યથા જોઈ. એમ જ એ પોતે કથા બની ગયો!

મિલમાં પ્રોવિડન્ટ ફંડ વિભાગના વહીવટ અર્થે કારીગરના ત્રણ પ્રતિનિધિઓ ચૂંટાતા. મજૂરોના એકત્રિત ફંડમાંથી લોન અપાતી. એ સત્તા ચૂંટાયેલા પ્રતિનિધિઓની રહેતી. હુસેન બબાલ એ ચૂંટણીમાં ઊભો રહ્યો. સહુના આશ્ચર્ય વચ્ચે ચૂંટાઈ ગયો. હુસેન બબાલનો રુઆબ ઓર વધી ગયો. બબાલ વધી ગઈ. ફૂલેકે ચડ્યો. મર્યાદા ચૂકતો ગયો. કામ પણ ન કરતો. એના વિરોધીઓએ છટકું ગોઠવીને એને મિલમાંથી બરતરફ કરાવ્યો. ઝાંપો એના માટે બંધ થઈ ગયો—સદા ય માટે. ઢીલોઢફ થઈ ગયેલો. પાસે પૈસા નહિ. માંડમાંડ ફંડ-ગ્રેજ્યુઈટી મેળવી. ગામમાં કટ-પીસની લારી કરી. ધંધો બરાબર ચાલ્યો નહિ. ખોટ ગઈ. હતું તે ય ગુમાવ્યું. ગરીબાઈ એની બની ગઈ. એ ગરીબાઇનો બની ગયો.

હુસેને જે કંઈ બબાલ કરી તેની ફળશ્રુતિ એના હિસ્સે તો માત્ર શૂન્ય બની ગઈ. એણે નેતૃત્વ કર્યું, પરંતુ તેનું નસીબ ક્યારે ય નેતા ન બની શક્યું. પાસે કશું ન રહ્યું. સહુનું કરવામાં પોતાનું કંઈ રહ્યું નહિ. પારકી ચિંતામાં એ ચિંતિત બની જતો. એની ચિંતા ક્યારે ય પરાયાની ન થઈ શકી. મિલમાં હતો ત્યારે કેન્ટિનમાં ચા પણ બીજાની પીતો. મારા પરિચયમાં આવ્યા પછી મને ક્યારેક કહેતો : 'તું પણ સોમાભાઈ જેવું શીખી જા.' એ મને શિખામણ આપતો. પરન્તુ એ ક્યારે ય એવો ન બની શક્યો. આથી જ સહુનો કામગરો તે એકલો બનતો ગયો. જે દિવસે એનો ઝાંપો બંધ થયો ત્યારે લંગડાતી ચાલે એ એકલો જ જતો હતો. હમેશાં જેની સાથે કોઈક હોય જ તે હુસેન બબાલ તે દિવસે સાવ એકલો. હું એને જતો જોઈ જ રહ્યો. મંદ પગલે એ ઝાંપો છોડીને ચાલ્યો ગયો. મનથી નિરાશ થઈ ગયેલો. એક નિખાલસ માણસ ખટપટનો ભોગ બનેલો. આજના આ યુગમાં ન જાણે કેટલાય માણસો આવી ખટપટના ભોગ બનતા હશે!

હુસેન બબાલે મિલ છોડી. પછી થોડાક સમયમાં અનિયમિત પગાર થવાના કારણે મિલ પણ બંધ પડી. વળી, સાતેક વર્ષ પછી પુનઃ ચાલુ થઈ. પરંતુ ત્યારે તો હું અન્યત્ર સ્થિર થઈ ગયેલો. મિલમાં ન ગયો છતાં ય અનેક કારીગરો સાથે સંબંધ રહ્યો. એ સૌમાં હુસેન બબાલનું સ્થાન મારા હૃદયમાં સહુથી મોખરે રહ્યું છે. હજી પણ ક્યારેક રસ્તા પર મળે છે ત્યારે તેનો અહોભાવ હું પામી શકું છું. પાકો દુઃખી છે છતાં ય મોં પરનું હાસ્ય સુકાયું નથી. એ જ ચાલ, એ જ રીતિ, એ જ દેખાવ, કશું ય બદલાયું નથી. માત્ર વાર્ધક્ય ડોકાયું છે. આમે ય વૃદ્ધાવસ્થા ને ગરીબાઇને ભારે મૈત્રી છે! એ મૈત્રીનું સુભગ દર્શન એટલે હુસેન બબાલ.

આજે ક્યારેક અન્યાય થતો જોઉં છું, કે


(અનુસંધાન પૃષ્ઠ ૨૧૮)

સૂરત
(અને રાંદેર)

ભારતની પશ્ચિમ-કંઠાર પરનું એક કાળે દેશભરનું જાહોજલાલ 'બંદર સુબારક', જેને આગ, લૂંટ કે તાપીનાં પૂર તથા અનેક ઐતિહાસિક પલટા પણ ભાંગી શક્યાં નહોતાં, તેને તાપીના કાંપે આજે ગુજરાતનું મધ્યમ કક્ષાનું બંદર બનાવી દીધું છે.

*

ડૉ. શિવપ્રસાદ રાજગોર



સમુદ્રથી લગભગ સાડા બાવીસ કિલોમીટર–ચૌદેક માઈલ દૂર તાપી નદીના દાક્ષણ કાંઠે સૂરત વસેલું છે. તાપીમાં કાંપ ભરાવાને કારણે આજે તો એના બંદરમાં મોટાં વહાણો કે સ્ટીમરો આવી શકતાં ન હોઈ મધ્યમ કક્ષાના બંદરમાં એની ગણના થાય છે, પણ એક કાળે દૂર દેશાવરો સાથે વેપાર ખેડતું તળ ગુજરાતનું આ પણ એક જાહોજલાલ બંદર હતું. આજે તાપીની દીવાદાંડીથી ચાર કિલોમીટર દૂર નવા બનાવેલા મગદલ્લા બંદરનો, આ તરફના દરિયાઇ વેપાર માટે ઉપયોગ થાય છે, જો કે મગદલ્લાનું લંગરસ્થાન પણ તેની જેટીથી તેર કિલોમીટર દૂર દરિયામાં છે, જ્યાંથી બજરા દ્વારા માલની હેરફેર થાય છે.

સૂરત બંદરનો ઇતિહાસ પણ લાંબો અને ભાતીગળ છે. પુરાણોમાં આ સ્થળનો સૂર્યપુર તરીકે ઉલ્લેખ થયો છે. પણ સૂરત બંદરના ઉદય પૂર્વે તેની સામે તાપીના જમણા કાંઠે વસેલા રાંદેરનું બંદર જાણીતું હતું. ઈ. ૧૦૩૦માં અલ બરૂનીએ તેનો 'રહેનહુર' નામે ઉલ્લેખ કર્યો છે. ૧૨૨૫ના અરસામાં રાંદેરમાં આરબ વેપારીઓ અને વહાણવટીઓની વસાહત હતી. તેમણે હાંકી કાઢેલા વેપારીઓ સૂરત આવીને વસ્યા હશે એમ મનાય છે. સોળમી સદીના આરંભમાં આવેલા બાર્બોસાએ અહીંના ધનાઢ્ય મુસલમાન વેપારીઓના બંગાળ, મલાક્કા, પેગુ, માર્તાબાન, સુમાત્રા અને છેક ચીન સુધીના વેપારનો ઉલ્લેખ કર્યો છે. તેઓ ઔષધિઓ, ચીની માટીનાં વાસણો, રેશમી કાપડ, કસ્તૂરી વગેરેનો વેપાર કરતા. ઈ. ૧૫૩૦માં પોર્ટુગીઝોએ કરેલા હુમલા પછી રાંદેરનું મહત્ત્વ ઘટી સૂરતનું બારું વિકાસ પામ્યું હતું.

મહમદ તઘલખ અને ગુજરાતના સૂબા ઝફરખાનના વખતના સૂરત વિષેના ઉલ્લેખો મળે છે. 'મિરાતે સિકંદરી' અને 'કહાનડે પ્રબંધ'-માં પણ સૂરત વિષે નોંધ છે. મલેક ગોપીએ સૂરત વસાવ્યાની એક માન્યતા છે, પણ તે સાચી નથી. તેના સમયમાં સૂરતનો વેપાર વધ્યો હતો તે ખરું. વળી, પોર્ટુગીઝો સાથે તેને સારાસારી હતી એથી એના સમયમાં તો નહિ, પરંતુ તે પછી ઈ. ૧૫૩૦, ૧૫૩૧ અને ૧૫૫૫માં પોર્ટુગીઝોએ સૂરત પર હુમલા કરેલા. આને કારણે જ ૧૫૪૬માં ખ્વાજા સફરે સૂરતનો કિલ્લો બંધાવેલો.

સન ૧૫૭૨–'૭૩માં સૂરત પર મુઘલ શાસન આવેલું. ઈબ્રાહિમ મિરઝાને હરાવ્યા બાદ ૧૭૨૫ સુધી મુઘલોનું સૂરત પર આધિપત્ય રહેલું. અને ત્યાર બાદ મુઘલાઈ નબળી પડતાં સૂરત ૧૭૫૯ સુધી ત્યાંના નવાબના સ્વતંત્ર શાસનમાં હતું.

જહાંગીર પાસેથી પરવાનગી મેળવી ૧૬૧૫માં અંગ્રેજોએ, અને ૧૬૨૦માં ડચ લોકોએ સૂરતમાં પોતાની કોઠીઓ નાખી હતી. એ કાળમાં સૂરત બંદરે ૫૦૦થી વધારે ટનનાં જહાજો પણ લાંગરી શકતાં હતાં. અંગ્રેજ, ડચ, ફ્રેન્ચ, આરબ, તુર્ક, આર્મેનિયન, યહૂદી વગેરે અનેક પરદેશી પ્રજાના વેપારીઓ ત્યારે સૂરતમાં વસ્યા હોઈ એ સૌના અવનવા પોશાકો અને રસમોથી સૂરતનું પ્રજાજીવન પચરંગી લાગતું. હજ કરવા જતા મુસલમાનો સૂરત બંદરેથી જતા, અને આથી સૂરત 'બાબુલ મક્કા' કહેવાતું. સંવત ૧૬૮૭માં આ પ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડેલો. કાપડના ઉત્પાદનમાં એથી મોટી ઓટ આવી ગએલી. શિવાજીએ અહીં ઉપરાઉપરી લૂંટો ચલાવી અને એ કારણે મુઘલોએ અહીંના નૌકાસૈન્યનું આધિપત્ય જંજિરાના સીદીને સોંપ્યું. પરંતુ એણે તો રક્ષણ કરવાને બદલે ઉપદ્રવ વધારી સૂરતના વેપારને વિશેષ નુકસાન કરેલું. અંતે ૧૭૫૯માં મરાઠાઓની સહાયથી સીદીને હટાવીને અંગ્રેજોએ સૂરત પોતાના હસ્તક લીધું હતું.

દરમિયાન મુઘલ અમલદારો અને નવાબની કનડગતને કારણે અંગ્રેજોએ સૂરતની કોઠીને ૧૬૮૭માં મુંબઈ ફેરવી. વળી, ઈસ્ટ ઇંડિયા કંપનીનું વર્ચસ્વ ખૂબ જ વધી ગયા પછી ૧૭૫૯માં ડચલોકો પણ સૂરત છોડી બટેવિયા તરફ ઢળી ગયા, અને પરિણામે સૂરતના ભોગે મુંબઈના વિકાસમાં વેગ પુરાયો.

બીજી બાજુ તેગબખ્તના સમય—ઈ. ૧૭૩૩થી '૪૬ દરમિયાન સૂરતમાં વહાણો બાંધવાનો ઉદ્યોગ ખૂબ વિકસ્યો હતો. નવાબ, મરાઠા અને અંગ્રેજો વચ્ચેના વારંવારના વિગ્રહોથી સૂરતનો વેપાર માર

આતો હતો, ઈ. ૧૭૯૦ના દુષ્કાળે સૂરતનો ઈરાન-અરબસ્તાન સાથેનો વેપાર પણ ખોરવાઈ ગયો હતો. ઈ. ૧૭૫૯માં સૂરતની બંદરી જકાતની આવક ૨,૬૫,૦૦૦ રૂપિયાની હતી તે ઘટીને ૧૭૯૮માં માત્ર ૩૫,૦૦૦ રૂપિયા જેટલી બની ગઈ. ભારતના કાપડની મોટી આયાતને લીધે સ્થાનિક કાપડને ધક્કા વાગતા હોઈ ઈંગ્લૅન્ડ અને યુરોપના દેશોએ હિંદુસ્તાનથી આવતા કાપડ ઉપર પ્રતિબંધો લાદવા માંડતાં પણ સૂરતના કાપડ-ઉદ્યોગ પર માઠી અસરો થઈ હતી. વળી, તાપી નદીમાં અવારનવાર આવતાં મોટાં પૂર, આગ, તથા મસ્કત, મોચા, એડન વગેરેના આરબ વેપારીઓએ દેવાળાં ફૂંકતાં પણ સૂરતના વેપારને મોટા ધક્કા લાગ્યા હતા.

સૂરતથી પરવાળાં, અંબર, કાચના મણકા, પિત્તળ અને લોખંડનો સામાન, અરીસા, રમકડાં, તાંબુ, રેશમ, ચા, ખાંડ, કાચનો સામાન, અને કાપડ વગેરેની યુરોપ અને આરબ દેશોમાં નિકાસ થતી અને બદલામાં ત્યાંથી ચાંદી-સોનું અહીં આવતું. કાશ્મીરની શાલો અહીંથી ચીન સુધી જતી. આ પ્રદેશનું રૂ બંગાળ અને મદ્રાસ તરફ જતું, જ્યારે અગ્નિ એશિયાના દેશોમાંથી અહીં તેજાના અને લોબાન વગેરેની આયાત થતી.

ઈ. ૧૮૦૨માં સૂરતનો નિકાસ વેપાર આઠ લાખ રૂપિયા જેટલો હોવાની નોંધ છે. ૧૮૧૫માં ૪૨ લાખ રૂપિયાના માલની આયાત અને ૫૨ લાખની નિકાસ થએલી. પણ મુંબઈ તરફ પણ ઘણો વેપાર ખેંચાઈ જતાં સૂરત અને સૌરાષ્ટ્રના વેપારીઓ પણ તે તરફ સ્થળાંતર કરવા લાગ્યા હતા. વળી, સુએઝની નહેર ખુલ્લી મુકાઈ અને રેલવે દ્વારા મુંબઈ અને પશ્ચિમ હિંદનાં સ્થળોનું જોડાણ થતાં ૧૮૫૭ પછી તો સુરતનો વેપાર ઘણો ઘટી ગયો. પછીથી મોટેભાગે સૂરતથી રૂની મુંબઇ નિકાસ થતી. અમેરિકાના આંતરવિગ્રહના કારણે આ રૂના ભાવમાં તેજી આવેલી. ૧૮૭૪મા સૂરતની આયાત-નિકાસ અનુક્રમે ૩૨,૯૦,૨૦૦ તથા ૨૪,૦૩,૩૯૦ રૂપિયાની નોંધાઈ છે. એ સમયમાં સરાસરી ૧૮ ટન વજન સુધીનાં ૧૫૩૩ વહાણો સૂરત બંદરે આવેલાં, જે બહુધા સૌરાષ્ટ્ર, તળ ગુજરાત, કોંકણ અને પોર્ટુગીઝ બંદરો તથા મુંબઈથી આવેલાં. કચ્છ-માંડવીથી માત્ર એક જ વહાણ આવેલું, જ્યારે કરાચીથી સાત અને કાલીકટથી દસ વહાણો આવેલાં. મતલબ કે આ સમયમાં સૂરતનો દૂરદેશાવરો સાથેનો વેપાર પડી ભાંગી એ માત્ર પશ્ચિમ હિંદનાં બંદરોમાં જ સીમિત બની ગયો હતો.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી સૂરતના જરી અને કાપડ-ઉદ્યોગનો વિકાસ વધ્યો હતો, અને રેલમાર્ગે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ તથા મહારાષ્ટ્રનાં મોટાં શહેરો સાથેનું જોડાણ થતાં ભૂમિમાર્ગે સૂરતનો વેપાર વધ્યો હતો. પરંતુ તે પછી ૧૯૩૦ના અરસાની વિશ્વવ્યાપી મંદીની માઠી અસર સૂરત પર પણ પડેલી. ઈ. ૧૯૩૨ અને ૧૯૩૭માં અનુક્રમે ૨૨,૭૧,૦૦૦ તથા ૨૯,૭૩,૦૦૦ રૂપિયાનો માલ સૂરત બંદરે આયાત થએલો, જ્યારે નિકાસનું પ્રમાણ એ બે વર્ષોમાં અનુક્રમે ૯,૯૨,૦૦૦ તથા ૧૦,૭૯,૦૦૦ રૂપિયાનું હતું. એ વખતે મુખ્યત્વે ખાંડ, સિમેન્ટ, લોખંડ અને પોલાદનો સામાન, ખજૂર, ઘી અને વિલાયતી નળિયાં અહીં આવેલાં; જ્યારે નિકાસમાં મુખ્યત્વે બળતણ માટેનું અને ઈમારતી લાકડું જ હતું.

સ્વાતંત્ર્ય પછી સુરત બંદરની આયાત-નિકાસ વધી હતી, પણ તેનું પ્રમાણ વિશેષ નહોતું. ઈ. ૧૯૫૦થી ૧૯૫૩ દરમિયાન અનુક્રમે ૧૧,૨૩૯; ૩૯,૦૮૭ અને ૧૭,૯૮૭ ટન માલની આયાત અને ૨,૯૨૮; ૩,૧૦૭ તથા ૬,૧૯૮ ટન માલની નિકાસ થએલી.


ઈ. ૧૯૬૦માં મધ્યમ કક્ષાનાં બંદરોના વિકાસ માટેની સમિતિએ સૂરત બંદરમાં થતા રહેલા કાંપના ભરાવાને કારણે અઢી મીટર ડ્રાફ્ટનાં વહાણો અને સ્ટીમરો આસાનીથી આવજા કરી શકે તે સારુ તાપી નદીના મુખ પાસે મગદલ્લા બંદર વિકસાવવાની ભલામણ કરી. સૂરતની બાજુમાં જ ઉધનાની ઔદ્યોગિક વસાહતોના વિકાસને લીધે સૂરતનો બંદરી ટ્રાફિક વધવાની તેમની ગણતરી હતી. તેમના અંદાજે એ ટ્રાફિક લગભગ બમણો, એટલે કે એક લાખ ટનનો થવાની શક્યતા દર્શાવાઈ હતી. આ સમિતિએ મગદલ્લા બંદરે જેટી બાંધવાની, ત્યાંને માટે ટગ ખરીદવાની અને વીજળી તથા યોગ્ય રસ્તાની સગવડ કરવાનું પણ સૂચન કરેલું, અને તે માટે બાર લાખ રૂપિયાનો ખર્ચ કરવા ભલામણ કરી હતી.


આ નવું બંદર તૈયાર થાય તે દરમિયાન થોડીઘણી વધઘટ સાથે સૂરત બંદરે નાળિયેર, ડુંગળી, અનાજ, મીઠું વગેરેની આયાત અને કપાસિયા, વાંસ, ખોળ, ચોખા વગેરેની નિકાસ થતી રહેલી. પરંતુ ક્રમશઃ તેમાં ઘટાડો થતો જઈ ૧૯૮૦–'૮૧થી તો સૂરતનો બંદરી વેપાર બંધ પડી ગયો છે.

બીજી તરફ ઈ. ૧૯૮૨–'૮૩માં મગદલ્લાને બારમાસી બંદર તરીકે વિકસાવવામાં આવ્યું. આ માટે ૧૨ કરોડથી વધુ રકમ સૂરત સુધી તાપીમાંથી કાંપ ઉલેચવામાં તથા મગદલ્લા માટે જેટી તથા બીજી સગવડો ઊભી કરવા પાછળ ખર્ચાઈ હતી. વળી, ૫૦૦ ટનના સ્વયં-સંચાલિત બજરાઓ દ્વારા જાફરાબાદથી ૬,૪૦,૦૦૦ ટન સિમેન્ટના ગઠ્ઠા લાવવાની યોજના પણ થઈ. તે પ્રમાણે ઈ. ૧૯૮૨–'૮૩ દરમિયાન નર્મદા યોજના માટે ૪૯,૯૭૫ ટન ગઠ્ઠા મગદલ્લા લાવવામાં આવેલા. તે પછીના વર્ષમાં પણ સાડા ત્રણ લાખ ટન ગઠ્ઠા ઉપરાંત, ૨૦–૨૫ હજાર ટન બીજા માલની પણ આ બંદરેથી આયાત-નિકાસ થઈ હતી. સૌરાષ્ટ્ર માટે મધ્યપ્રદેશનો કોલસો પણ આ બંદરેથી ચડાવવાની યોજના વિચારાઈ છે.

તાપીના જમણાકાંઠે જહાજવાડો ઊભો કરવા માટે હજીરાની પસંદગી થવાની શક્યતા છે. 'ઈફ્કો' અહીં ગૅસ-આધારિત ખાતરનું કારખાનું નાખવા વિચારે છે. 'તાપી હાઇ' વિસ્તારમાં ગૅસ અને ખનિજ તેલ મળી આવતાં તેને માટે હજીરાના બારાનો ઉપયોગ થઈ શકે તેમ છે. 'બૉમ્બે હાઇ'ની ઉત્તરે આવેલા આ તેલક્ષેત્રનું તેલ અહીંથી 'કોયલી રીફાઈનરી'ને મોકલી શકાય તેમ છે. વળી, પેટ્રોકૅમિકલ્સ અને ખાતરનાં કારખાનાં તથા જહાજવાડાને પરિણામે હજીરાના વિકાસની સારી શક્યતા જણાય છે.


સૂરત આસપાસનો વિસ્તાર કપાસ, શેરડી, જુવાર, ડાંગર, કેરી, ચીકુ અને કેળાં વગેરેના પાક માટે જાણીતો છે. ઉકાઈ અને કાકરાપારની સિંચાઈ યોજનાથી છ લાખ એકર જમીનને પાણી મળવાની શક્યતા હોઈ ખાંડનાં કારખાનાં તથા ફળ પ્રોસેસિંગનાં કારખાનાં વધવાની યે શક્યતા છે. જરી-ઉદ્યોગ ઉપરાંત, સૂરતમાં દેશની ત્રીજા ભાગની કૃત્રિમ રેસાની પાવરલૂમ્સ છે. વળી, હીરા ઘસવાનો ઉદ્યોગ પણ અહીં બહુ સારો વિકસ્યો છે. અહીંનું ચોમાસું પણ નિયમિત હોવા સાથે સિંચાઈની સગવડ વધવાથી શેરડી ને કપાસ જેવા રોકડિયો પાક પણ વધવાની શક્યતા છે. ઈ એક સમયની સૂરતની 'સોનાની મૂરત', 'ત્રાંબાની મૂરત' બની ગયા પછી ઔદ્યોગિક વિકાસને પરિણામે ફરી સમૃદ્ધિની ટોચે પહોંચી રહી છે. હજીરાનો જહાજવાડો તથા ખાતર અને પેટ્રોકૅમિકલ્સનાં કારખાનાં વિકસતાં સંભવ છે કે હજીરાને મૅજર પોર્ટ તરીકે વિકસાવવાની યે જરૂર પડે, અને સૂરતને તેનો પણ લાભ તો મળે જ. □





▽ સૂરતમાં સ્થપાએલી અંગ્રેજી કોઠીનું ઈ. ૧૬૩૮ના અરસાનું દૃશ્ય (નીચે), અને (ઉપર) એ કોઠીના પ્રવેશદ્વારનું પાછળના કાળમાં કરાએલું એક આલેખન. જમણી બાજુ સૂરતના જૂના કિલ્લાનો એક બુરજ. હિંદુસ્તાનમાં સ્થપાએલું પ્રથમ બ્રિટિશ હેડક્વાર્ટર આ કિલ્લામાં હતું.

સૂરતના ઇતિહાસ પર એક દૃષ્ટિપાત



યુરોપના દેશો સાથે બહુ વહેલા સંપર્કમાં આવનાર ભારતીય વ્યાપારકેન્દ્રો અને બંદરોમાં સૂરતનું સ્થાન આગલી હરોળમાં અને મહત્ત્વભર્યું રહ્યું છે. સદીઓ પૂર્વે પણ એ એક જાણીતું બંદર હતું. ટૉલેમી (ઈ. ૧૫૦)એ 'પુલીપોલા'ના ધીકતા વેપારનો જે ઉલ્લેખ કર્યો છે એ સંભવતઃ સૂરતના 'ફૂલપાડા' વિષે છે. તેરમી સદીમાં અણહીલવાડના ભીમદેવને હરાવીને આગળ વધેલો કુત્બુદ્દીન રાંદેર અને સૂરત સુધી પહોંચ્યો હતો. પોતાના રાજ્યના રક્ષણાર્થે અહીંનો હિંદુ રાજા મુસ્લિમ આક્રમણ વખતે સૂરતથી દૂર પૂર્વમાં કામરેજ નાસી ગએલો અને સુરત શહેર મુસલમાનોને આપી પોતાનું બાકીનું રાજ્ય બચાવેલું. ઈ. ૧૩૭૩માં મહમદ બિન તઘલખના સમયમાં ગુજરાતમાં બળવો થયો ત્યારે રાજાના સૈન્યે સૂરતને લૂંટ્યું. ૧૩૭૩માં ફિરોઝ તઘલખે ભીલ લોકોના હુમલાઓ સામે રક્ષણ માટે અહીં કોટ બંધાવેલો. પંદરમી સદીમાં અમદાવાદની સલ્તનતમાં સૂરત વિષે બહુ ઉલ્લેખ નથી, પણ સોળમી સદીના આરંભમાં ગોપી નામના એક હિંદુ વેપારીએ સૂરતમાં ઘણા સુધારા કરાવ્યાનું મનાય છે. સૂરતનું ગોપી તળાવ પણ તેમાંનું એક છે. જો કે આજે એ તળાવ રહ્યું નથી, પણ તે વિસ્તાર એ નામે ઓળખાય છે. ઈ. ૧૫૧૪માં બાર્બોસાએ એક મહત્ત્વના બંદર તરીકે સૂરતની નોંધ લીધી છે. ઈ. ૧૫૩૦ અને '૩૧માં પોર્ટુગીઝોએ સૂરતમાં લૂંટફાટ કરવા સાથે આગ પણ લગાડેલી. એ પછી અમદાવાદના સુલતાને અહીંનો કિલ્લો સમરાવીને વધુ મજબૂત બનાવરાવ્યો, જે કામ ૧૫૪૬માં પૂરું થએલું. ઈ. ૧૫૭૨માં અકબર સામે માથું ઊંચકનાર મિરઝાઓએ સૂરત હાથ કરેલું, પણ બીજા વર્ષે ખૂદ અકબરે ચડાઈ કરી સૂરત સ્વહસ્તક કર્યું. આ પછી ૧૬૦ વર્ષ સૂરત મુઘલો પાસે રહ્યું, અને અકબર, જહાંગીર તથા શાહજહાંના સમયમાં અહીં રાજકીય શાંતિ રહેતાં બંદર તરીકે તે બહુ સમૃદ્ધ બન્યું હતું. અકબરને મહેસૂલી આવક કરાવવામાં સૂરતનું સ્થાન પ્રથમ હતું.

ઈ. ૧૫૭૫ પછી સૂરત પાસેના દરિયા પર પોર્ટુગીઝોનું ઘણું વર્ચસ્વ હતું. ઈ. ૧૬૦૮માં જેઈમ્સ પહેલાના જહાંગીર પરના એક પત્ર સાથે અંગ્રેજો પહેલી વાર તાપીના મુખ પાસે લાંગર્યા ત્યારે સૂરતના મુઘલ સૂબાએ એમને પોતાનો માલ શહેરમાં લઈ આવવાની છૂટ આપી હતી. બીજે વર્ષે બીજું અંગ્રેજ વહાણ સૂરત પાસે જ ભાંગી પડ્યું ત્યારે તેમાંના અંગ્રેજોને સૂરતમાંથી હાંકી કાઢવા પોર્ટુગીઝોએ બહુ ખટપટો કરેલી. આથી અંગ્રેજ કપ્તાન અને તેના માણસો આગ્રા

ગએલા. ઈ. ૧૬૦૯માં ગુજરાતના છેલ્લા સુલતાનના પુત્રે મુઘલો પાસેથી સૂરત હાથ કરવા નિષ્ફળ પ્રયાસ કરેલો. બે વર્ષ પછી ત્રણ અંગ્રેજ વહાણો તાપીમાં પ્રવેશ્યાં, તેમને કંઠાર પરના પોતાના વર્ચસ્વને કારણે પોર્ટુગીઝોએ રોકતાં અંગ્રેજ એડમિરલ સર એચ. મિડલટનને નદી બહાર દરિયામાં લાંગરવું પડેલું. બંને પક્ષો વચ્ચે થોડી ચકમક પણ ઝરી અને અંતે અંગ્રેજો પાછા ખસી ગએલા. ૧૬૧૨માં ગુજરાતના સૂબા સાથે સંધિ કરી સૂરત, ખંભાત, અમદાવાદ અને ઘોઘામાં વેપાર કરવાની અંગ્રેજોએ છૂટ મેળવી. પોર્ટુગીઝો સાથે એમને લડવું પણ પડ્યું, પણ અંતે તેમાં સફળ થઈ તેમણે હિંદુસ્તાનમાં પોતાની પ્રથમ ફેક્ટરી–વખાર નાખી, અને થોડા સમય પછી આ માટે દિલ્હીથી પણ ફરમાન મેળવી લીધું. કંપનીનાં વહાણો ત્યારે સામાન્યતઃ તાપીના મુખમાં ઉત્તરે 'સુંવાળી'ના મુખ પાસે લંગર નાખતાં. આ સ્થાન જૂનાં લખાણોમાં 'સ્વાલી' કે 'સ્વાલી હોલ' તરીકે નોંધાએલું છે. જો કે મુઘલ અને પોર્ટુગીઝ ડખલગીરીને કારણે તેમની સ્થિરતા નિશ્ચિત થઈ નહોતી. પણ ઈ. ૧૬૧૫માં સર ટૉમસ રોએ આવીને અજમેરમાં જહાંગીરને મળી એમને માટે મહત્ત્વના એવા અધિકારો પ્રાપ્ત કરી લીધા. આ માટે એ જહાંગીર પાસે ત્રણ વર્ષ સુધી રોકાયો હતો. આ દરમિયાન વલંદાઓએ પણ સૂરતમાં વસવાટ કરી ત્યાં પોતાની કોઠી નાખવાની પરવાનગી મેળવી હતી.

ભૂતકાલીન પ્રવાસીઓએ આ નગરની આબાદી અને સમૃદ્ધિને વર્ણવી છે. તેનો વેપાર ધીકતો હતો અને અહીંના ઘરોની બાંધણી આગવી અને સુંદર હતી અંગ્રેજો અને ડચ લોકોના વસવાટ તથા ઔરંગઝેબના શાસનના દાયકાઓ તેની સમૃદ્ધિમાં વૃદ્ધિ કરનાર નીવડ્યા હતા. નાણાંની છોળને લીધે શહેરની જાહોજલાલી ખીલી ઊઠી હતી. બહારથી આવનાર માટે અહીં સરાઈ–ધર્મશાળામાં ઊતરવા માટે સ્થાન મેળવવું મુશ્કેલ બની રહેતું.

લાહોર, દિલ્હી, આગ્રા અને દક્ષિણમાંથી ગોલકોંડા જેટલે દૂરથી અહીં વણઝારોની સતત અવરજવર રહેતી. કોંકણ–મલબાર કાંઠાનાં વહાણો અહીં આવતાં-જતાં રહેતાં. અરબસ્તાન, ઈરાની અખાત, સીલોન ને છેક સુમાત્રાના વેપારીઓ પણ અહીં આવતા-જતા. અહીંથી રેશમી અને સૂતરાઉ કાપડ સતત પરદેશ જતું રહેતું, અને એ જ રીતે દૂર દેશાવરોની અનેક અવનવી ચીજો અહીં આવતી. પરદેશીઓ અન્યત્ર વેપાર અર્થે અહીંનો માલ પણ લઈ જતા અને એના બદલામાં દૂર પૂર્વના દેશોમાંથી તેજાના વગેરે મેળવતા. ડચ લોકોનું તો હિંદુસ્તાનમાં સૂરત એ મુખ્ય મથક હતું અને આગળ જતાં ફ્રેંચોએ પણ પોતાની નાની વસાહત અહીં રાખી હતી.

ઔરંગઝેબના સમયમાં મરાઠાઓએ અવારનવાર સૂરત પર હુમલા કરેલા, છતાં અહીંના વેપારને એથી ખાસ કંઈ આંચ આવી નહોતી. કાંપ ભરાવાને કારણે ખંભાત બંદર ભાંગવા માંડતાં અને મસ્કતના આરબોએ ૧૬૭૦માં દીવ પર કબજો જમાવતાં એ તરફનો દરિયાઈ વેપાર પણ સૂરત તરફ ઢળ્યો હતો. ખંભાત ભાંગતાં મુઘલ શહેનશાહતનું સૂરત જ મુખ્ય બંદર હતું. હજ કરવા જવા માટે સૂરત 'મક્કાનું પ્રવેશદ્વાર' કે 'બંદર મુબારક' બની રહેલું. હજારો હાજીઓ અહીં હેજાજ શરીફથી આવતાજતા. સૂરત જાણે 'છોટું હેજાજ' જ બની રહેલું. ઔરંગઝેબની ધાર્મિકતાથી તેમાં બળ પુરાએલું. સામે કાંઠે રાંદેર પણ એટલું આબાદ હતું. અમરોલીથી ડૂમસ અને હાલના હજીરા સુધી દેશદેશના ખારવાઓ ઊભરાતા. જો કે મરાઠા તાકાતના વધવા સાથે તેમાં સહેજ ઓટ દેખાતી થઈ હતી. ૧૬૬૪માં શિવાજીએ એકાએક ચડી આવી વિના વિરોધ ત્રણ દિવસ સુધી સૂરતમાં લૂંટ ચલાવી લાખોનો માલ તથા રોકડ હસ્તગત કરી હતી. આ સફળતા પછી ૧૬૬૯માં એણે ફરી એવી જ લૂંટ ચલાવેલી. એ પછી તો લગભગ દર વર્ષે મરાઠાઓ અહીં ચડી આવતા, પણ છતાં ૧૭મી સદીનાં પાછલાં વર્ષોમાં સૂરત સમૃદ્ધિની ટોચે પહોંચ્યું હતું. લગભગ બે લાખની અહીંની વસ્તી હતી અને અહીંની બે મસ્જિદો તથા લોકોનાં ઘર અને વ્યવહારમાં એમની સમૃદ્ધિ વરતાતી હતી. પરંતુ ઔરંગઝેબના શાસનનાં પાછલાં વર્ષોમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની માટે સૂરતનું મહત્ત્વ ઘટવા લાગ્યું હતું મુઘલાઈની પડતી અને મુંબઈ બંદરનું વધતું જતું મહત્ત્વ તેમાં મુખ્ય કારણ રૂપ હતાં. ૧૬૮૭માં તો કંપનીનું મુખ્ય મથક સૂરતથી ખસેડાઇને મુંબઈ લઈ જવાયું. આ સમયમાં સૂરતમાં વલંદાઓનો વેપાર ધીકતો બની ગએલો.

ઔરંગઝેબના મૃત્યુ પછી મુઘલાઈની અવદશામાં મરાઠાઓ છેક સૂરતના કિલ્લા સુધી પોતાની આણ વર્તાવતા થઈ ગયા. અહીંના મુઘલ સૂબાએ પછી તો માત્ર શહેરના રક્ષણાર્થે જ સતત મથ્યા રહેવું પડતું. અંતે ૧૭૩૩માં અહીંના સૂબા તેગબખ્તખાને પોતાની સ્વતંત્રતા જાહેર કરી, અને તે પછીનાં ૨૭ વર્ષ સૂરત એ નવી નવાબીમાં રહ્યું. એમાંનાં પહેલાં તેર વર્ષ તો તેગબખ્તે સૂરત પર અતૂટ વર્ચસ્વ જાળવી રાખ્યું, પણ ૧૭૪૬માં એના મૃત્યુ પછી સત્તા માટે જે ખટપટો ચાલવા માંડી તેમાં અંગ્રેજો અને વલંદાઓએ પણ ભાગ ભજવવા માંડ્યો. પશ્ચિમ હિંદ પર ત્યારે મરાઠાઓની વ્યાપક સત્તા હોઈ તેમને સાધી અંગ્રેજો સૂરત પર આક્રમણ કરી આસાનીથી સૂરતમાં સર્વેસર્વા બની બેઠા. તે પછી નવાબી તો છેક ઈ. ૧૮૦૦ સુધી રહેલી પણ એ માત્ર દેખાવ પૂરતી જ હતી. સૂરતનો નવાબ અંગ્રેજો પર જ અવલંબિત હતો. આ અંગ્રેજી અમલમાં સૂરતનો વેપાર ફરી ખીલ્યો, અને ચીનમાં કપાસની મોટી માંગ ઊભી થતાં તેમાં બળ પુરાયું હતું. પરંતુ સદીની આખર સુધીમાં મધ્ય અને પશ્ચિમ હિંદુસ્તાનની રાજકીય સ્થિતિ કથળેલી બની જતાં તથા યુરોપમાં વાર વાર લડાઇઓ થવાથી સૂરતની સમૃદ્ધિમાં ઓટ દેખાવા લાગી હતી. આમાં ઈ. ૧૭૮૨માં આવેલા મોટા વાવાઝોડાએ અને ૧૭૯૦માં પડેલા દુકાળે પણ સૂરતના વેપારને મુંબઈ તરફ ધકેલવામાં ભાગ ભજવ્યો.

ઈ. ૧૭૯૯માં તો નામના જ બની રહેલા નવાબનું પણ મૃત્યુ થયું. તેના વારસદાર સાથે થએલી શરતો પ્રમાણે સૂરતનો વહીવટ પૂર્ણતઃ અંગ્રેજોને હાથ ગયો. નવો નવાબ 'નવાબ' કહેવાવા સાથે માત્ર નિશ્ચિત વર્ષાસનનો જ અધિકારી રહ્યો. ઈ. ૧૮૦૦ની ૧૪ મે સુધી 'ચીફ ફૉર ધી અફેર્સ ઑવ ધ બ્રિટિશ નેશન ઍન્ડ ગવર્નર ઑવ મુઘલ કૅસલ ઍન્ડ ફ્લીટ ઑવ સૂરત'ના હાથમાં જે વહીવટ હતો તે ૧૫ મેથી અંગ્રેજ અમલદાર મિ. ઈ. ગૅલી અને જડ્જ-મૅજિસ્ટ્રેટ મિ. ઍલેક્ઝાંડર રામસેના હાથમાં મુકાયો. આ નવા વહીવટદારો મુંબઈના અંગ્રેજ ગવર્નરને જવાબદાર હતા.

આ વ્યવસ્થાથી સૂરત અને રાંદેર અંગ્રેજોને હસ્તક આવ્યાં. ૧૮૪૨માં તો નવાબી પણ ભૂંસાઈ ગઈ અને સૂરત અને એ આખો જિલ્લો પૂર્ણતઃ અંગ્રેજી શાસનનો ભાગ બની ગયાં.

અઢારમી સદીમાં સૂરત હિંદુસ્તાનનું સૌથી વધુ આબાદ અને સમૃદ્ધ શહેર ગણાતું. એક નોંધ પ્રમાણે તેની વસ્તી ત્યારે આઠ લાખની હોવાનું કથન અતિશયોક્તિ ભર્યું જરૂર હશે પણ તેના પરથી તેનો સાચો અંદાજ કળી શકાય છે. પછી સૂરતનો વેપાર મુંબઈ તરફ ઢળી જતાં ત્યાંની વસ્તીમાં ઓટ આવી ગઈ હતી. ઈ. ૧૮૧૧નો અધિકૃત આંકડો ૨,૫૦,૦૦૦નો હતો તે ૧૮૧૬માં ૧,૨૪,૪૦૬ અને ૧૮૪૭માં જ્યારે સૂરતની જાહોજલાલીમાં ઘણી ઓટ આવી ગએલી ત્યારે માત્ર

૮૮,૦૦૦નો રહ્યો હતો. એ પછી ફરી તેમાં જુવાળ આવી ૧૮૫૦માં સુરતની વસ્તી ૮૯,૫૦૫, ઈ. ૧૮૭૨માં ૧,૦૭,૮૫૫, ઈ. ૧૮૮૧માં ૧,૦૯,૮૪૪તથા ૧૮૯૧માં ૧,૦૯,૨૨૯ અને ૧૯૦૧માં ૧,૧૭,૩૦૬ની થઈ હતી. સંખ્યાની દૃષ્ટિએ એમાં હિંદુઓ સૌથી વધારે હતા. તે પછી અનુક્રમે મુસલમાન, પારસી અને જૈનોની વસ્તી મુખ્ય હતી, આમાંના પારસીઓ તથા ઉચ્ચ વર્ણના હિંદુઓ પૈસેટકે સંપન્ન હતા. જ્યારે મુસ્લિમોમાં વોરાઓને બાદ કરતાં બાકીના પછાત સ્થિતિમાં હતા. પણ સૂરતનો મોજિલો અને આડંબરી સ્વભાવ તો ઉચ્ચ-નીચ બધા વર્ગમાં એક સરખો જ રહ્યો છે. બીજાં શહેરોની સરખામણીમાં અહીંનાં કુલેકાં ને જમણ કંઈ અનોખાં જ ગણાતાં, અને આજે યે એ ખ્યાતિ ટકી રહી છે. સૂરતનો જન્માષ્ટમીનો મેળો હજી યે, જામનગરને બાદ કરતાં ગુજરાતભરમાં જાણીતો છે. અહીંના પારસી અને વોરા એમનાં ઉચ્ચ જીવનધોરણ અને પરોણાગત માટે જાણીતા છે. અહીંનાં મકાનો અને અન્ય ઇમારતોમાં, જેમ ભૂતકાળમાં તેમ આજે યે એમની આગવી બાંધણી અને એના શોભન માટે જાણીતાં છે. એક સમયની ભવ્ય જાહોજલાલીમાંની ઊતરી આવેલી અહીંની પ્રજાની આગવી લાક્ષણિકતાઓ સૂરતની ચડતીપડતીના કાળમાં એકધારી ટકી રહી છે.

તાપીના વળાંક ઉપર વસેલા સૂરતનો નદીકાંઠે અનિયમિત આકારે બંધાએલો કિલ્લો તો હવે નથી રહ્યો, પણ એના કેટલાક અંશો જોવા મળે છે. અંગ્રેજોની હકૂમતમાં લશ્કરી મથક તરીકે તે વપરાતો, અને અહીંથી સૈન્ય પાછું ખેંચાઈ ગયા પછી તેનો ઉપયોગ જાહેર દફતરો માટે થવા માંડેલો. આ કિલ્લાને મધ્યમાં રાખી તાપીને કાંઠેકાંઠે સૂરત ધનુષ્યાકારે વિકસ્યું. જેમ પહેલાં તેમ આજે યે તાપીના સામે કાંઠેથી સૂરતનું દૃશ્ય ભવ્ય લાગે છે. એ કાંઠે વસેલું ને ભૂતકાળમાં સૂરત કરતાં યે સમૃદ્ધ રાંદેર આજે તો સૂરતના પરા જેવું બની ગયું છે. સૂરતની ગીચ વસ્તી, સાંકડા રસ્તા ને તેની બંને બાજુએ સમૃદ્ધિ પ્રદર્શિત કરતાં મકાનો નવા ફેરફારો સાથે હજીયે અસલ નગરરચનાનો ખયાલ આપે છે. એક બાજુ વરાછા અને બીજી તરફ ડૂમસના માર્ગો પર સૂરતનાં નવાં પરાં વિકસતાં જાય છે. ગુજરાતભરમાં જાણીતી સૂરતની આગવી બોલી સાથે આજે તો, હીરા ઘસવાના ઉદ્યોગના વિકાસ પછી અહીં ટોળાંબંધ ઊતરી આવેલા 'કાઠિયાવાડી'ઓની બોલી પણ એટલા જ પ્રમાણમાં સાંભળવા મળે છે. પરંતુ આજીવિકા માટે અહીં આવતા જ રહેતા એ સૌરાષ્ટ્રીઓ પોતાની બોલીમાં સૂરતના વિશિષ્ટ શબ્દ-પ્રયોગો અને એની આગવી લઢણના ઉમેરણને પણ અપનાવવા સાથે બાકી લગભગ ઘણીખરી રીતે 'સૂરતી' બનવા લાગ્યા છે. પૈસાની છતનો પ્રભાવ તેમાં તુરત નજરે ચઢી આવે છે.

ઈ. ૧૮૩૭ના એપ્રિલ માસમાં સૂરતમાં ભયંકર આગ લાગેલી. ત્રણ દિવસમાં તેમાં ૯૩૭૩ મકાનો ખાક થઈ ગએલાં. આસપાસ દૂરદૂર સુધીના વિસ્તારોમાં એ ફેલાએલી. અને જે નુકસાન જોવા મળેલું તે પરથી સહેજે ૪૫ લાખ રૂપિયાની માલમિલ્કત નાશ પામી હોવાનો અંદાજ છે. વળી, એ જ વર્ષે તાપીમાં યે તે પહેલાં ક્યારેય ન આવ્યું એવું ભારે પૂર આવેલું. માહલો સુધી ફરી વળેલાં તેનાં પાણીએ પણ લગભગ ૨૭ લાખનું નુકસાન કરેલું. આગ પછીની આ બીજી આફતે તો સૂરતીઓને બિલકુલ અસહાય બનાવી દીધેલા. આના પરિણામે પણ મોટા ભાગના હિંદુ અને પારસી વેપારીઓ સૂરત છોડી મુંબઈ જઈ વસવાને પ્રેરાએલા. પણ ૧૮૪૦ પછી સૂરત પુનઃ બેઠું થવા લાગ્યું અને વેપાર વધતાં પ્રજાજીવનમાં સ્થિરતા આવી. ૧૮૫૮માં રેલમાર્ગની સગવડ મળતાં સૂરત પુનઃ સમૃદ્ધિના પંથે વળ્યું. અમેરિકન આંતર-વિગ્રહ દરમિયાન વધેલા ભાવોને કારણે ફરી એ પૈસેટકે સમૃદ્ધ બની ગયું. ૧૮૬૫-'૬૬માં મુંબઈમાં જે મંદી આવેલી તેની અસર લગભગ સમગ્ર પશ્ચિમ હિંદ પર દેખાઈ હતી, પણ સૂરતને તેથી ખાસ કંઈ આંચ આવી નહોતી. ઈ. ૧૮૮૩માં ફરી તાપીના પૂરે સૂરતમાં વીસેક લાખનું નુકસાન કર્યું. ૧૮૮૯માં ફરી સૂરતમાં મોટી આગ લાગેલી, પણ સૂરત એવાં નુકસાનો ખમી લે તેટલું ખમતીધર હતું. તાપ્તી વેલી રેલમાર્ગનું જોડાણ મળતાં સૂરતના ઊજળા ભવિષ્યની ખાતરી સ્થપાઈ ગઈ.

બબ્બે વાર ફિરંગીઓએ આગથી તારાજ કર્યું, શિવાજીએ ભરપેટ લૂંટયું અને અનેક વાર તાપીએ ડુબાડયું છતાં દરેક ઘા પછી એ ફરી સમૃદ્ધ બનતું ગયું. કારણ તેને પડખે જ રત્નાકર હિલોળતો હતો. દરિયાવટે એને સમૃદ્ધિ બક્ષી હતી. આગ, લૂંટ અને ડૂબ જે ન કરી શકી તે, એની દરિયાવટને ભાંગવાનું કામ તાપીના કાંપે કર્યું. બંદર તરીકે એની જાહોજલાલી આથમી ગઈ. પણ બીજી બાજુ અહીંની ખમીરવંતી અને પરિશ્રમશીલ પ્રજાએ પલટાતા સંજોગો પ્રમાણે તેનો લાભ લઈ આજે એક મોટા ઔદ્યોગિક શહેર તરીકે સૂરતની નામના વધારીને એની મૂરત પરના સોનાના ઓપને એમણે ઝાંખો પડવા દીધો નથી.

—સં.

(ગયા અંકમાં પ્રકટ થએલા લઘુચના ચાર ફોટોગ્રાફ્સ શ્રી નરોત્તમ વાળંદના સૌજન્યથી પ્રકટ કર્યા છે.)

લઘુકથા

નામ-ઠામ

પ્રફુલ્લ રાવલ

બસ પૂર ઝડપે ગતિ કરી રહી હતી. બપોરનો સમય હતો. બાજુમાં બેઠેલી વ્યક્તિ ઝોકું ખાતી હતી. અવારનવાર એનું માથું મારા ખભે અડકતું. હું સંકોચાતો. પણ એમ જ ચાલતું રહ્યું. એકાએક બ્રેક લાગી બસ થંભી ગઈ. આંચકો લાગ્યો અને એ જાગી ગઈ. સ્પર્શ પાકો થયો. હું સહેજ હસ્યો. વળી બસે ગતિ આરંભી. મેં થેલામાંથી ચોપડી કાઢી. વાંચવાનું શરૂ કર્યું. મારો જ તાજેતરમાં પ્રસિદ્ધ થયેલો વાર્તાસંગ્રહ હતો. એની નજર તેના પર પડી. થોડી વાર રહીને બોલી :

'કેવી લાગી આ વાર્તાઓ ?'

'સારી'.

'એટલે ?'

'રસ પડે તેવી.'

'એમ નહિ. વાર્તાવિશ્વ સર્જકનું હોય તેવું નથી લાગતું ?'

'દરેક સર્જકને એમ જ હોય.'

'આ સર્જક તો બિચારો ક્યાંક દુભાયો લાગે છે.'

'તમને કઈ રીતે ખબર પડી ?'

'લગભગ બધી જ વાર્તાઓમાં સ્ત્રીની બેવફાઈની વાત આવે છે.'

'એમાં તમારે શું ?'

'મને આ સર્જક ગમે છે.'

'એમ !'

'હા.' એનું મોં મલક્યું. હું તો મૌન જ રહ્યો. વળી બસ ઊભી રહી. મેં પ્રસ્તાવના નીચેનું સર્જકનું સરનામું બતાવ્યું. એ કહે : 'મેં એને એક પત્ર લખ્યો છે.'

ઘેર આવી પત્ર વાંચ્યો. ગમતી વાત હતી. પણ ક્યાંય એનું નામ નહોતું – ઠામ નહોતું.


(૭૩૧-'૭૧)

શતરંજ અને બ્રિજ

—સુરેશ મોદી

આ પહેલાં વજીરનો ભોગ આપીને ઊંટ તેમજ ઘોડાથી મ્હાત કરી બતાવતું એક કૉમ્બિનેશન આપણે જોયું હતું. એવું એક બીજું કૉમ્બિનેશન પણ જોઇએ.

Pokrovsky



Alexandrov

કાળાએ રમવાનું.

1...,Q×B ch! 2P×Q

અહીં વજીરનો ભોગ ન સ્વિકારે તો પણ કાળો સહેલાઇથી જીતી શકે છે. દા. ત. 2 K–N1, N–R6 mate; અને 2 P–B3, B×P ch; 3R×B, Q×R ch; 4K–N1, N–R6 mate.

2..., B–B6 ch; 3 K–N1.

હવે મ્હાત માટે યોગ્ય પરિસ્થિતિ ઊભી થઈ છે.

3...,BN–R6 mate.

ઇ. ૧૯૩૯માં રમાએલી એક રમતમાંથી લીધેલું આ કૉમ્બિનેશન તો સરળ છે. પણ હવે પછી આ પ્રકારના જરા વધુ મુશ્કેલ કૉમ્બિનેશન્સ, આપણે આગળ પર જોઈશું. □

ગયે વખતે આપણે એક ગ્રાન્ડ સ્લૅમવાળો કોયડો જોયો. આ વખતે લિટલ સ્લૅમવાળો કોયડો જોઇએ :

કૉલ : દક્ષિણનો 6નો ટ્રમ્પ્સ. ઊતર: પશ્ચિમ HJ ઊતરે છે

કોયડો : ઉત્તર-દક્ષિણે બાર હાથ મેળવી કૉલ પૂરો કરવાનો.

દક્ષિણ લાલના રાજાથી પહેલો હાથ મેળવીને પછી કાળીના એક્કાનો હાથ લે છે. તેના ઉપર પશ્ચિમ જે પાનું ફેંકે તેના પર આગળની રમતનો આધાર છે:

૧) જો પશ્ચિમ કાળીના એક્કા પર કાળીનો ચોકકો ફેંકે તો દક્ષિણ હલકી કુલ્લીથી ઉત્તરને હાથ આપે. કુલ્લીના ત્રણ અને લાલના એક્કાનો હાથ લઈને કુલ્લીનું ચોથું પાનું ઉત્તર-દક્ષિણના અઠ્ઠાનો હાથ આપે. તેના પર પશ્ચિમ કાળીના રાજાનો હાથ લઈને, અને કાળી ફેંકે તો કાળીના રાજાનો હાથ લેતાં પહેલાં જ, પશ્ચિમને કાળીમાં હાથ આપી દે. તેને ચોકટ ઊતરવાની ફરજ પડે એટલે ઉત્તરની રાણીનો વધારાનો હાથ થાય અને કુલ્લીના બાકીનાં પાનાંના હાથ પણ મળે.

	S — H A S A 3 2 D Q 3 C A K Q S 5 4 3	
S Q J 4 H J 10 D K 7 6 5 4 C J 10 9	ઉત્તર પશ્ચિમ પૂર્વ દક્ષિણ	S 10 9 8 7 6 H Q 9 8 7 6 D J 10 9 C —
	S A K 5 3 2 H K D A 8 2 C 8 7 6 2	

દક્ષિણે જો કાળીના એક્કા પછી તુરત રાજાનો હાથ લીધો હોત તો ચોથી કુલ્લી પર પશ્ચિમ કાળીની રાણી ફેંકીને તે બાતમાં હાથ લેવાનું રાખી શકત!

૨) પશ્ચિમ કાળીના એક્કા પર બારે પાનું ફેંકે તો, દક્ષિણ કુલ્લીના બારે પાનાથી ઉત્તરને ઊતર આપે. રાજા-રાણી પર બીજાં બારે પાનાં નાખી દુરી હાથમાં રાખે જેથી ઉત્તર કુલ્લીના છ હાથ સીધા લઈ શકે. કુલ્લીનાં છેલ્લાં બે પાનાં પર તે કાળી રમે. દક્ષિણના ચોકટના અઠ્ઠાનો વધારાનો હાથ થતો અટકાવવા ત્રણ ચોકટ, અને ઉત્તરના લાલના હાથ થતા અટકાવવા બે લાલનાં પાનાં પૂર્વએ રાખવાં રહ્યાં. આથી તેની પાસે એક પણ કાળીનું પાનું રહેતું નથી. પશ્ચિમનાં છેલ્લાં પાંચ પાનાંમાં બે કાળી, એક લાલ અને બે ચોકટ રહે. ઉત્તર હવે લાલના એક્કાનો હાથ લઇ હલકી ચોકટ ઊતરે. તેમાં કુલ્લીના એક્કાનો હાથ લઈ પશ્ચિમને રાજાનો હાથ આપી દે. તે કાળી ઊતરે એટલે Q અને 4 ઉપર દક્ષિણના K અને Sના બે હાથ થાય. પશ્ચિમ આનાથી બચવા ચોકટના એક્કા ઉપર રાજા ફેંકી દે, તો દક્ષિણ કાળીના રાજાનો હાથ લઇને ચોકટ ઊતરે અને ઉત્તરની રાણીથી બારમો હાથ મેળવી શકે.

Squeeze અને Throw-inનો સુંદર ઉપયોગ કરતો આ કોયડો Hugh Darwenનો રચેલો છે. □

ભાભી [અનુ. પૃ. ૨૨૬થી] કોર્ટના પાંજરામાં બે પાટિયાની વચ્ચેની ફાટમાં મોઢું નાખીને જવાબ આપવો પડે એવડી મને એમણે પોતાની સામેના ટેબલ ઉપર બેસાડેલી. જેવો સવાલ થયો એવો જ મેં જવાબ આપ્યો: 'ભાભી હોય એને ભાભી જ કહેવાયને? ભલેને એ મારાં સગાં ભાભી નહોતાં પણ વહાલાં કેટલાં હતાં?' મારાથી બાળસહજ આક્રોશ પ્રકટ થઇ ગયો.

આજે હવે સમજણ ઘડાયા પછી વિચાર આવે છે કે ન્યાયાધીશ જેવી ભણેલીગણેલી ને બુદ્ધિમાન ગણાતી, તથા સત્તા વડે શાણપણનું પ્રમાણ પામેલી વ્યક્તિ, ભલે સત્ય કઢાવવા અનેક પ્રશ્નો કરે, મૂંઝવી મારે, પરંતુ એક નાનકડા બાળકમાં નાતજાતના ભેદભાવના વિચારો શા માટે રોપતી હશે? અત્યારે એમનો એ પ્રશ્ન એટલો બિનજરૂરી લાગે છે કે એ ન પૂછ્યો હોત તો યે એમણે સત્ય માહિતી મેળવવામાં કોઇ કચાશ રાખી છે તેમ તો ન જ ગણાત.

વાડાબંધીમાં જ જીવવાનો માણસનો જન્મજાત સ્વભાવ હશે? 'સાથી' તરીકે વાડીમાં કામ કરતા સાથીદારો સાથે માલિક અને હિંદુ-મુસ્લિમના ભેદ આરોપવાની અજાણતાં થએલી એ ચેષ્ટા આગળ જતાં કેવી મોટી દીવાલ ઊભી કરી શકે? અને તો પછી નોકરને માટે 'સાથી' શબ્દ વાપરીને માણસ શા માટે આત્મવંચના કરતો હશે? □

ભાભી

—હિમા યાજ્ઞિક—

જીવનમાં કેટલાક એવા પ્રસંગો બને છે કે જેની છાપ માનસ પરથી કદી ભૂંસાતી નથી. અને તેના પરિણામે તે પ્રસંગાનુસાર આપણામાં ભય, ચિંતા, લોભ વગેરે જેવા સ્થાયી ભાવ ઘર કરી બેસે છે. આજે પણ મને ઇલેકટ્રિકને લગતી દરેક વસ્તુને અડતાં એક વખત તો ભય લાગે જ, પછી ભલે બીજી જ ક્ષણે સ્વસ્થ થઈ કાર્યરત બની જઉં. બાળકોના અનેક સતપતિયાવેડામાં લાઈટની સ્વિચ ખોલબંધ કરવાનાં અટકચાળાં ક્ષણભર મને ભય પમાડે જ, અને એથી ક્યારેક ગુસ્સો પણ આવે. બાળકોનાં અનેક તોફાનો વેઠી લેવા છતાં, મારાં કે અન્ય કોઇનાં યે બાળકોની સ્વિચબોર્ડ સાથેની રમત હું કદી સાંખી શકતી નથી. તેનું કારણ મારા બાળપણમાં બનેલો એક પ્રસંગ છે.

'એ દેખાય ઝુબૈદાભાભી' એમ બોલતાં સહેજે અચકાવાય નહિ એટલી તાદશતા ભરી છે એ ઘટનામાં. અમારી વાડીમાં 'સાથી' તરીકે એક યુગલ કામ કરતું. એમાંની સ્ત્રી તે ઝુબૈદાભાભી.

ઝુબૈદાભાભી પરણીને અમારી વાડીએ આવ્યાં ત્યારે મારી ઉંમર પાંચેક વર્ષની. ફૂટડી ભાભી જાણે હું જ શોધી લાવી હોઉં એટલો મને આનંદ ને ઉત્સાહ. મારી હરોળનું ઘરમાં ત્યારે કોઈ નહિ એટલે મને તો મજાનો નવોનવો સાથ મળી ગયો, અને નવાસવા વાતાવરણમાં પિયરના રમતિયાળ સ્વભાવને વ્યક્ત કરવાનું મારા વડે ઝુબૈદાભાભીને બહાનું મળી ગયું, એટલે એમને ય હું વહાલી લાગતી. મતલબ, અમારી જોડી જામી ગઈ.

'હસમુખ ચહેરો, ઉત્સાહનો ફુવારો, અને કંઇ ને કંઈ ગણગણતાં-ગણગણતાં આખો દિવસ પોતાનાં કામમાં મશગૂલ રહેવાનો સ્વભાવ, રમતિયાળ શૈલી અને વાત્સલ્યભર્યું વર્તન. આ એમનું વ્યક્તિત્વ તો આજે સમજાય છે, બાકી બાળપણમાં તો 'બસ, 'બહુ ગમી જાય તેવાં' એટલા શબ્દોમાં જ તેમને વર્ણવી શકતી.

ઊતરતું ચોમાસુ હતું. કડાકાભડાકા સાથે વરસાદ તૂટી પડેલો. વાવંટોળમાં વાડીમાંના વીજળીના થાંભલા યે હચમચી ગએલા અને કેટલાંક વૃક્ષોની મોટી ડાળીઓ યે તૂટી પડેલી. રાત તો અમે સૌએ અમારા કાચી માટીના ઓરડામાં પેસી જઇને કાઢી. આપણે તો માના ખોળામાં માથું મૂકી જગત આખાની શાંતિ માથે ઓઢીને ઊંઘી ગએલાં.

સવારે ઊઠી કે તુરત પિતાજીએ મને બોલાવી. જલદીજલદી તૈયાર થવાનું કહી હાથમાં એક ચિઠ્ઠી પકડાવી. વાડીથી ઠીકઠીક દૂર આવેલા પાવરહાઉસમાં જઈ તેના સાહેબને મારે એ ચિઠ્ઠી તુરત પહોંચાડવાની હતી. આવતાંજતાં વાર લાગે તેમ હતી એટલે એ કામના બદલામાં નિશાળે જવામાંથી છુટ્ટીનો પુરસ્કાર પણ મળી ગયો. શાળાથી સદાય કંટાળતાં બાળકને આથી વધુ બીજી કઈ લાંચ હોય?

આપણે તો ઝટપટ ઊપડયા. ચિઠ્ઠી પહોંચાડી. પિતાજી પ્રત્યેનું પેલા સાહેબનું માન મારા ભાગે યે થોડું ઘણું આવ્યું એટલે આપણે ફુલાઇને ફાળકો. માનમરતબો તો મોટાંને જ હોય એમ સમજી વડીલનું રૂપ ધારણ કરતાં આપણે પણ કહી દીધું', 'જોજો તાર જલદી સરખા કરી જજો. પછી કોઈ અડકી જાય ને મરી જાય તો મારે માથે નહિ.'

માથા પરથી જવાબદારી ખંખેરી નાખવાની અને ગુનામાંથી છટકવાની આ બાળસહજ ઉક્તિ સાંભળી સૌ હસી પડ્યા અને વિજયસ્મિત ફરકાવતા આ વડીલ ઘેર પાછા ફર્યાં. વિગતવાર બધો અહેવાલ વડીલોને કહી સંભળાવ્યો, પણ શાબાશી મળવાને બદલે ઠપકો મળ્યો, 'મોટાં સાથે આમ બોલાય?' અને પછી વિવેક શીખવાની શિખામણ સાંભળવી પડી તે વધારામાં. આમાંથી છૂટવા માટે વાડીમાં કંઈ કામ ખોળી કાઢીને નાસી જવું એ જ એક સલામત માર્ગ હતો.

અમારા ગામમાં ત્યારે આખો દિવસ વીજળી મળતી નહિ. બપોરે એકથી બે વાગ્યા સુધી લાઈટ આવે. કારણ એક વાગ્યે પ્રસારિત થતા સમાચાર દેશને ખૂણેખૂણે પ્રસરવા જોઇએને? આપણા માટે તો આપણે અત્યંત જાગ્રત પ્રજા હોવાની આ એકમાત્ર સાબિતી છે.

બપોર થયા. પિતાજી રેડિયો પર સમાચાર મૂકીને જમવા બેઠા. આપણે તો સવારે ઠપકો ને શિખામણ સાંભળ્યા બાદ ઘરમાં આપણા લાયક શાંતિ થાય પછી જ ગૃહપ્રવેશ કરવાનો નિર્ધાર કરેલો એટલે ઘરની બહાર વાડીમાં જ હતા. ત્યાં દૂરથી ઝુબૈદાભાભીને ઝટપટ આવતાં જોયાં. ઘરની સામે જ પડામાં રજકો વાવેલો, ને એની પાળેપાળે મૂળાની હાર ઉગાડેલી. બપોરના રોટલા-શાક ને છાશના ભોજન સાથે સ્વાદ વધારવા ઝુબૈદાભાભી એમાંથી મૂળા લેવા આવ્યાં હતાં. મૂળા ખેંચવા વાંકા વળતાં મેં એમને દીઠાં ન દીઠાં ને આંખનું મટકું મારું ત્યાં તો એ રજકાની આડશમાં ગાયબ!

આશ્ચર્ય ને ગભરાટની મિશ્ર લાગણી સાથે હું ઘરમાં મા પાસે દોડી ગઈ, પૂરી વાત કરું ન કરું ત્યાં તો દોડાદોડ મચી ગઈ.

બનેલું એવું કે ઝુબૈદાભાભીના પતિ જમવા બેઠેલા. એમને માટે મૂળા લેવા ભાભી આવ્યાં. મેં એમને રજકા પાછળ પડતાં જોયાં ને હું ઘરમાં દોડી. પેલી બાજુ વાર લાગતાં ભાણેથી ઊઠી ભાઈ ભાભી પાછળ આવેલા. નજીક પહોંચીને જુએ તો લાલચટક ઓઢણીની વચ્ચે ભાભીનો ગુલાબી ચહેરો કાળોમેશ થઈ ગએલો. રાતે પવનના સપાટાથી લબડી પડેલો વીજળીનો તાર મૂળાની સાથે ભાભીના હાથમાં પકડાઈ ગયો, ને મૃત્યુએ ભાભીને પકડી લીધાં.

ચોપાસ વિષાદ છવાઈ ગયો. ગઇ રાતના વાવાઝોડાની ભયાનકતા મને અત્યારે સમજાઈ. વીજળી વેરણ થઇ. ઝુબૈદાભાભી – મારાં ઝુબૈદાભાભીને એ આંચકી ગઈ.

વિષાદભરી એ ઘટનાનો હવે ઉત્તરાર્ધ શરૂ થયો. પોલીસ તપાસ આરંભાઇ. કાયદાની જડતા હૃદયના ભાવોને સમજવાની ચેતના ક્યાંથી લાવે? મૃત્યુનું કારણ શોધવામાં એને સફળતા મળતી હશે, પણ મૃત્યુને જીતવાની તાકાત તો કોઈનામાં નથી, તો કાયદામાં તો ક્યાંથી હોય? પણ આપણે ગમે તે માનતા હોઇએ કે ઇચ્છતા હોઈએ, કાયદાને માન તો આપવું જ રહ્યું. કેસ ચાલ્યો. કોર્ટમાં મારે જ મુખ્યત્વે ભાગ ભજવવાનો હતો. ઝુબૈદાભાભીની આસપાસ હું ફર્યાં કરતી એટલે મને જ ખબર હોઈ શકે કે એમને ગૃહકલેશ હતો કે નહિ, એમને મન કંઈ દુ:ખ હતું કે નહિ? આપઘાતની શંકા પણ પોલીસને ભૂતાવળ જેમ વળગેલી હોય છે.

એકની એક વાત ઊલટાવી-સૂલટાવીને મને વારંવાર પુછાવા માંડી. મારા જેવી બાળક પાસેથી બુદ્ધિશાળી વકીલો આ કેસ આપઘાતનો હોઈ શકે કે નહિ તે જાણવા મથી રહ્યા હતા. પણ કાવાદાવાથી અજાણ બાળક આસાનીથી સત્ય પ્રકટ કરી દે છે. મારે તો કંઇ છુપાવવાનું જ ક્યાં હતું? ઊલટસૂલટ બધા પ્રશ્નોના મારા ઉત્તરો એકસરખા જ હતા. પણ આ બનાવ પછી મારા બાળમાનસમાં એક શ્રદ્ધા બેસી ગઇ કે સત્યને વળગી રહેવું અત્યંત મૂંઝવણભર્યું હોવા છતાં અંતે તો વિજય આપનારું જ છે. પરિણામ સ્પષ્ટ હતું કે સત્યનો જ વિજય થયો હતો.

મૅજિસ્ટ્રેટના અનેક પ્રશ્નોમાંનો એક પ્રશ્ન આ પણ હતો, 'તમે તે બહેનને ભાભી કેમ કહેતાં હતાં? એ તો મુસ્લિમ હતાં અને વળી તમારી વાડીમાં નોકર તરીકે કામ કરતાં હતાં.' (અનુ. પૃ. ૨૨૫)

કલાવાર્તા

તોંતેર વર્ષનાં કલાર્થી

કલાનું ધ્યેય આનંદ છે. પોતે ચીતરે તેનો આનંદ પોતાને અને જો તે કલાત્મક હોય તો તેનો આનંદ ભાવકને પણ થાય છે. વિદ્યાબેન તોંતેર વર્ષે ચીતરે છે એ જ પૂરતું છે. સતત ચીતરતાં રહેવાથી તેમની રેખામાં જોમ છે, અને રચનાશક્તિ પણ આવતી જાય છે. તેમની પીંછી બંધાએલી નથી. તેઓ મુક્ત હાથે ચીતરે છે. સદ્‌ગત કલાકાર રસિકલાલ પરીખના જીવનભરના સાન્નિધ્યને પરિણામે એમનામાં ચિત્રરચનાની સૂઝ પણ છે, એટલે એમનાં કેટલાંક ચિત્રો તો તેમની બાલસહજ સરળતા અને સાદગીને કારણે પણ ગમી જાય છે. કેટલાંક શોભનાત્મક લઢણવાળાં ચિત્રો વધુ સારાં બન્યાં છે. એમાં યથાદર્શન નથી, પણ દર્શન છે. અહીં એમના જ શબ્દોમાં એમનો અભિગમ જોઇએ :

એમના સહવાસમાં આવ્યા પહેલાં તો ચિત્રનું નામ પણ નહિ સાંભળેલું. લગ્ન પછી યે ત્રણેક વર્ષ એમણે કલાનો અભ્યાસ કરી ડિપ્લોમા મેળવ્યો. પછી સી. એન. વિદ્યાવિહારમાં નોકરી મળી, અને એક નાનકડા રૂમમાં અમારો ગૃહસંસાર શરૂ થયો. પૂ. રવિભાઈએ એ જ અરસામાં ચિત્રશાળા સ્થાપી. સવારના સાત વાગ્યે એ ત્યાં સેવા માટે જાય, અગિયાર વાગ્યે આવે. એક દિવસ એમને મોડું થયું મને ચિંતા થઈ કે હજી કેમ નથી આવ્યા. નજીક જ ચિત્રશાળા હતી, હું ત્યાં ગઇ. તે વખતે એ ચિત્ર કરતા હતા. ત્યારથી જ મને યે લગની લાગી. કો'ક કો'ક









દિવસ ચિત્રશાળામાં જઉં યે ખરી. સ્કેલ દોરીને પૂ. રવિભાઈનાં, સોમાભાઈનાં, કનુભાઈનાં ચિત્રોની કૉપી પણ કરું. ઘરનું કામકાજ વહેલું-વહેલું કરી નાખું ને એમની સાથે સ્કેચિંગ કરવાયે દોડું. મને આવડે નહિ, પણ જોવાનું ગમે. સી. એન. વિદ્યાલયમાં રહેવા ગયાં ને વળાંક આવ્યો, વહેણ બદલાઇ ગયાં.

બાળકોને ઉછેરવામાં અને ભણાવવામાં ઘણાં વર્ષો વહી ગયાં. એ દરમિયાન સીવણ-ગૂંથણ અને પેચવર્કના પરદાનું કામ થતું રહ્યું.



પછી જ્યારે ઈ. ૧૯૮૦માં એમણે મોતિયાનું ઑપરેશન કરાવ્યું ત્યારે ત્યાં (અનુ. પૃ. ૨૩૨)





વિદ્યાબેનનાં ચિત્રો અને સ્કેચો








ઇસ્લામી સુલેખન અને તુગરા

–સ્વ. શશિકાન્ત જરદાસ

ઈરાનના તબરેઝ શહેરમાં ઈ. ૧૭૮૦માં એક ભારે ધરતીકંપ થએલો. શહેરનાં અનેક મકાનો હચમચી ઊઠયાં અને ઘણાં તૂટી પડતાં તેના કાટમાળ તળે સંખ્યાબંધ લોકો દટાઈ મર્યા. આ રીતે દટાએલાં શબો અને જો કોઈ બચ્યું હોય તો તેને બહાર કાઢવાની કામગીરી ચાલતી હતી. તેમાં એક અવાવરુ ખંડેરની નીચે એક ભોંયરું નજરે ચડયું. અંદર ઊતરી જોતાં ત્યાં કોઈ હોવાનો ભાસ થયો. વધુ તપાસ કરતાં એક અંધારા ખંડમાં એક અતિ વૃદ્ધ આદમી, ધરતીકંપની હોનારતથી તદ્દન અલિપ્ત, શાંતિ અને પ્રસન્નતાથી બેઠેલો દેખાયો. મીણબત્તીના અજવાળે એ કંઈ લખી રહ્યો હતો.


નજીક જઇને લોકોએ જોયું તો એ એકાગ્ર ચિત્તે અત્યંત કાળજીથી એક અક્ષર ઘૂંટી રહ્યો હતો. બહારથી કોઈ અંદર આવ્યાનું પણ તેને ભાન હોય તેમ લાગ્યું નહિ. તેના કાનમાં ઘાંટો પાડીને જ્યારે તેને બહાર નીકળી જઈને જીવ બચાવવાનું કહેવામાં આવ્યું ત્યારે એ વૃદ્ધ આદમીએ જવાબ આપ્યો કે, 'હું કાતિબ છું. હજારો વાર ઘૂંટવાને અંતે આ એક અક્ષરને સંપૂર્ણ સુંદર ઘાટ આપી શક્યો છું, અને તે મારે મન સારાય શહેર કરતાં વધુ કિંમતી છે.'


ઍન્ટની વેલ્ચ નામના અરબીના એક પ્રમાણભૂત વિદ્વાને આ પ્રસંગ ટાંક્યો છે. ઈસ્લામી – ખાસ કરીને અરબી-ફારસી લલિત કળાઓમાં સુલેખનનું સ્થાન ઘણું મહત્ત્વનું અને એટલું જ અનોખું છે. એક વિશિષ્ટ કલા તરીકે જ તેની ઉપાસના થઈ છે અને તેમાં તેઓએ જે સિદ્ધિ દાખવી છે તે દુનિયાભરમાં અજોડ રહી છે. 'ખુશનવીસી', 'કિતાબત' કે 'ખત્તાતી' નામે તે ઓળખાય છે. અંગ્રેજીમાં તેને 'કૅલિગ્રાફી' કહે છે. એક આગવી કલા તરીકે તેનો વિકાસ થવા પાછળ જીવંત વસ્તુઓનું આલેખન કરવા માટેનો ઈસ્લામનો નિષેધ એ મુખ્ય કારણ છે. અને એથી મધ્ય એશિયાના મુસ્લિમ કલાકારોએ પોતાની પ્રતિભાને ભૌમિતિક અને ફૂલપત્તીઓનાં શોભન-આલેખનો તરફ વાળી અને એ જ રીતે લેખનને તેઓએ સુ-લેખન જ નહિ, આલંકારિક લેખન પણ બનાવ્યું, વિકસાવ્યું અને તેમાં અદ્વિતીય સિદ્ધિ હાંસિલ કરી. હસ્તલિખિત ગ્રંથોમાં જ નહિ, અનેક નાનીમોટી ચીજ-વસ્તુઓ, ઇમારતો, સ્મારકો, રોજા-દરગાહો, વાવ-કૂવાઓ, મસ્જિદ-મીનારાઓ, ઘુમ્મટો, પ્રાસાદો, કોટકિલ્લાઓ વગેરે બાંધકામોમાં યે સુંદર રીતે શોભન તરીકે તેમણે સુલેખનની કળાને પ્રયોજી.




◁ ઈસ્લામી સુલેખનમાંથી કાળાનુક્રમે 'તુગરા' નામે જે આગવો જ આલંકારિક પ્રકાર વિકાસ પામ્યો તેમાં ભૌમિતિક આકારોનાં લેખનો ઉપરાંત પક્ષી, પ્રાણી, ફૂલપાન કે ફળ વગેરેના આકારો સાથે અહીં દર્શાવેલી 'પરી' જેવી આકૃતિઓમાં પણ વિવિધ સૂત્રો, સંતપુરુષોનાં શુભ નામ, કાવ્યની તૂક ઇત્યાદિનું અણુ અટપટું છતાં મનોરમ ચાતુરીભર્યું લેખન કરવામાં આવે છે. આપણે ત્યાં થએલાં 'નારીકુંજર' કે 'નારીઅશ્વ' વગેરેનાં આલેખનો કરતાં 'તુગરા'ની રચના ઘણી અટપટી અને ચાતુરીભરી હોય છે. આ 'પરી'ના આકારમાં સૂત્રાક્ષરોના વળાંકોનો જે ઉપયોગ કર્યો છે તેની ચાતુર્ય-પરાકાષ્ઠા પરીની પીઠ પરના છત્ર, માથાના તાજ અને આંખ-નાક તથા હોઠ સુધી પહોંચી છે. આમાંની એકેએક રેખા કોઇને કોઈ અક્ષરના મરોડના જ ભાગ છે.










મથાળે પ્રથમ : 'અશ્શુક્રો લિલ્લાહે', એટલે કે 'ઉપકાર કેવળ અલ્લાહનો છે.' આ વાક્યના અક્ષરોની ઊભી રેખાઓને આલંકારિક ઘાટ આપીને બનાવેલું સંયોજન. તેની બાજુમાં, 'હે ખુદા, તારા સિવાય જગતમાં બીજી કોઈ શક્તિ નથી, તું મહાનમાં મહાન છે' એ મતલબના લખાણને મસ્જિદના આકારમાં લખેલું છે. બીજી હારમાં ડાબી બાજુ અષ્ટકોણ આકારે અતિ અલંકૃત અને એથી દુર્બોધ એવું અક્ષર-સંયોજન છે. ઈરાકમાં એક સમયના વિખ્યાત કૂફા નામના શહેરમાંથી પ્રસાર પામેલી અને એથી 'કૂફી' નામે ઓળખાતી લિપિમાં લખાએલા આ ત્રણ 'તુગરા' છે. બહુધા ઊભી, આડી અને તીરછી રેખાઓવાળા મૂળાક્ષરો ધરાવતી કૂફી લિપિ રોજિંદા વ્યવહારમાં લખવી સુગમ ન હોઈ અલંકૃત લખાણના ક્ષેત્રમાં જ તેનું વર્ચસ્વ સીમિત બનતું ગયું. પણ તેની અલંકારબદ્ધતાએ ઈસ્વી સનના ૧૧ ને ૧૨મા સૈકામાં અવનવા અને અદ્ભુત એવા ભૌમિતિક તેમજ ફૂલવેલપત્તીની અવનવી ગૂંથણીના અનેકવિધ આકારો ધારણ કર્યા, અને તેમાં ભૌમિતિક અક્ષરોવાળી, એકબીજામાં ગૂંથાઈ-વીંટાઇને બનેલા અક્ષર આકારોવાળી વિલક્ષણ કલાત્મક આકૃતિઓ રચાઇ. કાળાંતરે લખવામાં સુગમ પડે તેવા વળાંકો તથા અક્ષરની ઓળખ માટે તેની ઉપરનીચેની બિંદીઓ અને 'ઝબર', 'ઝેર', 'પેશ' જેવી સંજ્ઞાઓનું ઉમેરણ થઈ તેમાંથી અરબી લિપિનો વિકાસ થયો. આ લિપિમાં પણ ચતુર લેખનકારોએ પોતાની કલાસૂઝને એક એવી પરાકાષ્ઠાએ પહોંચાડી જે અદ્વિતીય છે. ઉપર બીજી હારમાં જમણી બાજુ ભૌમિતિક વળાંકોવાળા અક્ષરોના 'તુગરા'નો એક નમૂનો, જેમાં પવિત્ર નામો લખેલાં છે.

વળી, કિતાબતની આ કળામાં અનેક નિયમો, વિવિધ લઢણો, પરંપરાઓ ને અન્ય વૈવિધ્યનું પણ એટલું બધું પ્રમાણ વિકસ્યું કે તેને એક શાસ્ત્ર જ કહી શકાય. અરબી લિપિના વિકાસ અંગે પ્રામાણિત કે ક્રમબદ્ધ માહિતી પ્રાપ્ય નથી પણ કૂફા નગરમાંથી પ્રસરેલી એથી 'કૂફી' નામે ઓળખાતી લિપિમાંથી ઊતરી આવેલી અરબી અને તેમાંથી ફારસી તથા મુઘલકાળ દરમિયાન ભારતમાં વિકસેલી ઉર્દૂ લિપિમાં સર્વત્ર આ લેખનકળાનો પ્રભાવ પ્રસર્યો. આમાં કૂફી લિપિમાં કાતિબો અને ખત્તાતોએ દાખવેલી કલાચાતુરી કદાચ સર્વમાં શ્રેષ્ઠ છે. વળી, શિક્ષણમાં ધાર્મિક શિક્ષણનું – 'કુર્આન શરીફ'નું જ્ઞાન અનિવાર્ય હોઈ તેના ઉપલક્ષમાં પણ લેખનપ્રવૃત્તિનું સ્થાન કેટલું વ્યાપક અને મહત્ત્વનું બને એ સમજી શકાય છે. આ માટે, એ કાળે મુદ્રણની તો શોધ થએલી નહોતી એટલે કુર્આનની હસ્તપ્રતોની મોટી સંખ્યામાં માગ રહેતી. પોતાના આ ધર્મપુસ્તકને લહિયાઓ આદરની ભાવનાથી પ્રેરાઇને શણગારવા પ્રેરાય એ પણ સ્વાભાવિક છે. વળી, અમીર-ઉમરાવો અને રાજાઓ તરફથી પણ સુલેખનકારોને સારું ઉત્તેજન મળતું.


ઈસ્લામની આ સુલેખન-કળામાંથી કાળાનુક્રમે 'તુગરા' નામે એક આગવો જ આલંકારિક પ્રકાર વિકાસ પામ્યો, જેમાં પક્ષી, પ્રાણી, પરી ઈત્યાદિ જેવા વિધવિધ આકારોમાં ધર્મસૂત્રો, ઈમામનાં નામો, કાવ્યની તૂકો વગેરેનું અટપટું છતાં મનોરમ ચાતુરીભર્યું લેખન કરવામાં આવે છે. ઈસ્લામી ગૃહશોભનમાં શોભન-આલેખનો સાથેના તુગરાનો ઉપયોગ સદીઓથી શુકનવંતા મનાતો હોઈ આજે યે સારા પ્રમાણમાં જોવા મળે છે.





△ નાજુક ફૂલવેલના વળાંક લેતા તંતુઓ જેવી આ અરબી અક્ષર-રચના મોરોક્કોની મૂરિશ કળાનો નમૂનો છે. એમાં લખ્યું છે, 'અલ્લાહ જલ્લે જલાલ હુ.' મતલબ 'અલ્લાહ, તારો મહિમા અપરંપાર છે.' (જમણી બાજુ અનુક્રમે) (૧) સત્તરમી સદીની એક ઈરાની કબર પરની 'તક્તીઅ' તેમાં કોરેલા લખાણનો અર્થ છે, 'ટાઢ અને તડકાથી રક્ષિત તેઓ સુખશય્યામાં આરામ કરશે.' (૨) ઈશ્વરનો મહિમા વર્ણવતો સવાસો વર્ષ પૂર્વેનો કિસ્તી આકારનો એક તુગરો. (૩) દાણા ચણતા પક્ષી આકારનો તુગરો. કૂફી અક્ષરોના જેવી દુર્બોધતા આમાં નથી. પ્રથમ ઉદાહરણમાં તો માત્ર એક નિશ્ચિત આકારની સીમામાં લખાણની કલાત્મક ગોઠવણુ જ છે. બીજામાં અક્ષરના છેડાઓને લાંબા સુંદર વળાંકો આપીને કિસ્તીનો આકાર જ નહિ, તેમાં બેઠેલા માણસો અને હલેસાંઓનો પણ સરસ આભાસ આપ્યો છે. ત્રીજામાં અરબી અક્ષરોના વળાંકોનો ચાતુરીપૂર્ણ પ્રયોગ છે. (નીચે) 'યા મહમદ'. અલંકૃત અક્ષરાલેખન.







ઈસ્લામી સુલેખન-કળામાં તેનાં બધાં આલંકારિક રૂપોમાં સૌથી વધુ અટપટું ને જટિલ રૂપ આ 'તુગરા'નું જ છે. ઈસ્લામી અસરવાળા દરેક દેશમાં ને ઘણા સમયથી તેનું ચલણ છે. એક રીતે એ લિપિશૈલીનું નહિ, પણ મર્યાદિત પ્રમાણના સુલેખનનું એક આલંકારિક રૂપ છે. મૂળ તો રાજકીય આદેશો ને ફરમાનો વગેરેને પ્રમાણિત કરવા રાજાના નામ વગેરેની મુદ્રા લગાડવામાં આવતી, જેમાં આપણે સાધારણત: નામ વગેરે લખીએ તેમ છૂટા અક્ષરોમાં નહિ. પણ એકબીજા ઉપર લખેલા કે એકબીજામાં ગૂંથેલા અક્ષરો, જે 'મૉનાગ્રામ તરીકે ઓળખાય છે, તેવા રૂપમાં રહેતા, અરબી ભાષામાં આવા પ્રમાણિત આદેશોને 'તુગરા' કહે છે. જે શબ્દ આગળ જતાં એવા આદેશ-ફરમાનો પર લગાડાતી નામાક્ષરોની મુદ્રા માટે, અન કાળાંતરે આ પ્રકારની બધી રચના માટે પ્રચલિત બન્યો.







△ ઊલટસૂલટ લખાણ (તુગરાએ મઅકૂસ)

બાપટની આકૃતિમાં 'નાદે અલી'નું સુભાષિત. ઉપર વચ્ચે 'દુલદુલ' અશ્વના આકારમાં, તથા નીચે વિવિધ પ્રાણીઓના આકારના તુગરા. જીવંત પ્રાણીના આલેખનના નિષેધને કારણે તેની ગરજ સારે તે રીતે સર્જેલા કલાત્મક રેખારૂપો.







કૂફી લિપિની એક મોટી તકલીફ છે. તેમાં નુક્તા-બિંદીઓ જેવી સંજ્ઞાઓ નથી. પરિણામે અરબી-ફારસીની જેમ સમાન આકારના પણ નુક્તા-બિંદીઓના આધારે એકબીજાથી અલગ ઓળખાતા અક્ષરોને કૂફી લિપિમાં ઉકેલવા બહુ જ મુશ્કેલ પડે છે. આ કામ બહુ ભારે અનુભવ માગી લે તેવું હોઈ સામાન્ય માણસ તો કૂફી વાંચી શકતો નથી. પણ દેખાવમાં આ લિપિની આગવી પ્રતિભા એ કાળના લહિયાઓએ ઉપજાવી છે.

કૂફી પછી વિકસેલી અરબી લિપિમાં તો અક્ષરાલેખનમાં જલાલી, જલી, દીવાની, સુલુસ, રૂકઈ, નસ્તાલિક, નસ્ખ, બદીચ, રેહાની વગેરે અનેક શૈલી વિકસી છે. અનેક રીતે, એટલે કે કિતાબોમાં, ઈમારતો પર, વિવિધ ચીજવસ્તુઓ પર તે યોજાઈ છે. બગદાદ, કાઇરો, હેરાત, ઇરાન, સમરકંદ-બુખારા અને સ્પેઇનમાં ગ્રેનેડા-કોર્ડોબા જેવાં શહેરો,







△ ઉપર પક્ષીના આકારમાં તથા બાજુમાં નાસપતીના આકારમાં 'બિસ્મિલ્લાહ હિર ર્હમાન હિરરહીમ', એટલે કે 'શરૂ કરું છું અલ્લાહના નામથી જે ઘણો દયાળુ અને મહેરબાન છે.' (જમણી બાજુ છેડે) એ જ રીતે નાસપતીના આકારમાં જેઓ 'મુહમ્મદ (સઅ)ની સાથે છે તેઓ અધર્મીઓ સામે બળવાન છે' એ મતલબનું લખાણ લખી બનાવેલી આકૃતિ. ▷





તથા આપણી તરફ દિલ્હી, આગ્રા, લાહોર, લખનૌ વગેરે જેવાં ઈસ્લામી અસર તળે આવેલાં અનેક સ્થળોમાં આના સુંદર નમૂનાઓ આજે પણ જોવા મળે છે. આ કામ કરનારાઓને કેટલું સારું ઉત્તેજન મળતું હતું એ વિષે દિલ્હીના સુખ્યાત ખત્તાત સૈયદ અહમદ જણાવે છે કે શાહજહાને આ માટે છેક ઈરાનથી અબ્દુલ હક શિરાઝી નામના એક નિષ્ણાતને બોલાવ્યો હતો, અને આજના હિસાબે માસિક લગભગ પોણા બે લાખ રૂપિયાના પગારે બાર વર્ષ સુધી અહીં રાખ્યો હતો.

મુદ્રણની શોધ પછી કિતાબની કળાને મરણતોલ ઘસારો લાગ્યો. અરબી લિપિના પણ ટાઇપો બન્યા, જેથી દરેકે દરેક અક્ષર અલગ બનતાં લિપિના જાણે નિર્જીવ ટુકડા પડી ગયા. અસલ લિપિમાં એક-બીજા સાથે જોડાઇ જતા અક્ષરોની લખાવટમાં જે એક પ્રકારનું મધુરું સાતત્ય અને પ્રવાહિતા જોવા મળતી તે નાશ પામી. ટાઇપોની સહાયથી થતું છાપકામ સસ્તું અને સુગમ બનતાં તેનો વપરાશ વધતો જઈ કાતિબો અને ખત્તાતોની રોજી અને કળા બંને લુપ્ત થવા લાગી.

પરંતુ લુપ્ત થતી આ કળાને પ્રોત્સાહન આપવું જોઇએ એવી ભાવનાથી ભારત સરકારે કાતિબો માટે શિષ્યવૃત્તિઓ આપવાનો જે નિર્ણય કર્યો છે એ આવકાર્ય અને પ્રશંસનીય છે. સૈયદ અહમદ આ વિષયનું એક પ્રમાણભુત પુસ્તક તૈયાર કરતા હતા એવું જાણવા મળ્યું છે. આજ સુધીમાં આ વિષયનું એક જ પુસ્તક ઉપલબ્ધ જણાયું છે જે ઇ. ૧૮૭૩માં લખનૌના નવલકિશોર પ્રેસમાં છપાયું હતું. એ પુસ્તકનું નામ 'અરઝંગે ચીન' (ચીનની ચિત્રવિથિકા) અને તેના લેખક મુનશી દેવપ્રસાદ બદાયૂની છે. તેમાં એમણે આ કલા વિષે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખવા સાથે સુંદર તુગરાઓ, આયતો, સૂત્રો, સુભાષિતો, પ્રતીકો વગેરેના સંખ્યાબંધ નમૂનાઓ આપ્યા છે. આ વિષય પર ડૉ. ઝિયાઉદ્દીન દેસાઇએ 'કુમાર'માં અગાઉ 'ઇસ્લામી લેખનકળા' વિષે બહુ જ માહિતીપૂર્ણ લેખ લખ્યાનું યાદ છે. તુગરાના અગાઉ 'કુમારે' આપેલા તથા કેટલાક નવા નમૂનાઓ આ સાથે દર્શાવ્યા છે ત રસપ્રદ બની રહેશે. □

અનુસંધાન] કલાવાર્તા [પૃષ્ઠ ૨૨૭થી

દવાખાનામાં જ મને ફરી વિચાર આવ્યો કે કંઇક કરું. ચિત્રમાં ઊંડેઊંડે રસ તો હતો જ. સ્કેચબુક મગાવીને શરૂ કરી દીધું.

અવાર-નવાર દર્શન કરવા જઉં છું. એક વાર મંદિરનાં પગથિયાં ચઢતાં વિચાર આવ્યો કે સ્કેચબુક લાવી હોત તો સારું થાત. બીજે દિવસે દર્શનાર્થે ગઈ, જરા ક્ષોભ તો થયો, છતાં સ્કેચિંગ કરવા બેસી ગઇ. મંદિરમાં આવનાર-જનાર બૈરાંઓ પૂછે ય ખરાં, 'માજી આ ઉંમરે શું કરો છો ? શું એમાં આનંદ આવે છે?' છોકરાંઓનું ટોળું વળે. એમાંથી ચિત્ર થઈ ગયું', પહેલાં તો ઘરના આંગણામાં જ કરતી હતી. ફૂલ-ફળનાં. શાકભાજીના છોડ જે વાવ્યા હોય તે આલેખવા માંડું. એક ને એક થયાં કરે એટલે ક્યારેક ઘર સામે ઊંટ બેઠાં હોય ત્યાં જઇને તેમને ચીતરું. ઘરમાં નાનાં છોકરાં રમતાં હોય, બેઠાં હોય, હોડી તરાવતાં હોય ત્યારે સ્કેચ કરવા બેસું. આમાંથી સ્કેચ કરવાની હિંમત વધતી ગઈ, અને ફાવટ પણ આવતી ગઈ. મારી દીકરી ઊર્મિ પણ પ્રેરણા આપે. મારે માટે સ્કેચબુક, રંગો બધું લઈ આવે. હા, દોરવણી ન આપે, કહે, 'જાતે જ કરો. તમને જે મન થાય તે કરો.'

આમ છએક વર્ષથી નવરાશને સમયે ચિત્ર કરવા બેસું. હા, સ્કેચ ન શીખી હોત તો ન થાત. હમણાંહમણાં તો એવું થાય છે કે સ્કેચ કર્યા વિના ગમે જ નહિ. આ બધું ક્યાં સુધી ટકશે તે તો ઈશ્વરના હાથમાં છે. ઉંમર પણ તોંતેર વર્ષની થઇ છે. આંખે મોતિયો આવ્યો છે. પણ આરોગ્ય સારું રહે ત્યાં સુધી તો ચિત્રો કર્યા જ કરું એવી ઇચ્છા ખરી.'

બામ, આ ઉમરે વિદ્યાબેન કુદરતમાં, માણસમાં કે વસ્તુમાં રસ લેવાની વૃત્તિ રાખે એ કંઈ ઓછું છે ? — નટુભાઈ પરીખ

અનુસંધાન] પુનરાગમન [પૃષ્ઠ ૨૧૫થી

'પરંતુ આપણે અત્યારે પાછા ફરીશું તો ત્યાં આપણું સ્વાગત થવાનું નથી. આપણા ભણી ભય, સંશય, ઈર્ષા અને દ્વેષ એમ ચારચાર દૃષ્ટિએ જોવામાં આવશે. આ લોકોનો સંહાર કરીને પૃથ્વી પર કબજો મેળવવો આપણા માટે સરળ છે. પણ મેં હમણાં જ જણાવ્યું તે કારણોસર હું એવી સલાહ આપી શકતો નથી. આપણું જીવન ગમે તેટલું યાંત્રિક હોવા છતાં હજુ આપણે યંત્રો જેવા લાગણીશૂન્ય બન્યા નથી.

'એટલે હું એવો તોડ સૂચવું છું કે આપણે આપણું પાછા ફરવાનું થોડા કાળ માટે મુલતવી રાખીએ. દર સો વર્ષે આપણે પૃથ્વીનું દર્શન કરવા માટે અત્યારની જેવી જ સ્વયંસેવકોની જોડી મોકલીએ. અને મને ખાતરી છે કે બીજી થોડી સદીઓ પછી અહીંની માનવજાત આપણા જેટલી જ વિકસિત બનશે. એવે વખતે તેમનામાં અને આપણામાં નહિ જેવો ફરક થયો હશે. અને તેથી આપણું પુનરાગમન સુખેથી થઈ શકશે.'

કરટકનું બોલવું પૂરું થતાં કમ્પ્યુટર બોલ્યું, 'તમે સૂચવેલા ઉપાય તમારા પોતપોતાના સ્વભાવને અનુરૂપ એવા છે. હવે આપણે તેના પર ચર્ચા કરીએ. દમનક, તારે શું કહેવાનું છે?'

દમનક બોલ્યો, 'કરટકનાં વિધાનો અને તેણે સૂચવેલા તોડ સામે મારે કેટલાક વાંધા છે. તે હું એક પછી એક કહું. વાંધો પહેલો. કરટક પોતે જ કબૂલ રાખે છે તેમ આત્મરક્ષણની વૃત્તિ નૈસર્ગિક છે. એટલે આપણે પૃથ્વી ત્યજીને આવ્યા તેમાં ભીરુતા નથી. ઊલટું, વીરતાના પાગલ આદર્શ ભેજામાં રાખીને આપણે પૃથ્વી પર રહ્યા હોત તો મોટાભાગે કોઈ જ બચ્યું ન હોત. મારી યોજનાની પાછળ દુષ્ટપણું રહેલું નથી. 'જે બધી રીતે યોગ્ય હોય તે જ બચે છે' એ પણ નિસર્ગનો નિયમ જ છે ને!'

'કબૂલ છે', કરટક બોલ્યો, 'પરંતુ આપણામાંના થોડા લોકો પાછળ રોકાયા હોત અને તેઓએ આપણી યંત્રવિદ્યાના જોરે હિમયુગનો મુકાબલો કર્યો હોત તો એ એક ગૌરવપ્રદ વાત થઈ હોત. મેં પોતે પાછળ રહેવાની તૈયારી બતાવી હતી, પણ મને કોઇનો ય ટેકો મળ્યો ન હતો. બધા લોકોનાં દૃષ્ટિકોણ તારા જેવાં જ હતાં. અત્યારે પાછા જવા અંગે મારે આટલું જ કહેવાનું છે કે આપણી સંસ્કૃતિમાં વિનાકારણ જીવહત્યા કરવામાં આવતી નથી. જે કામ જીવહત્યા સિવાય થઈ શકે તેનાં થોડુંક વધારે કષ્ટ વેઠવું પડે તો ભલે, પણ તેવો વિકલ્પનો માર્ગ જ પસંદ કરવો એ આપણો હમેશનો આદર્શ રહ્યો છે. એ અનુસાર જ મેં આ તોડ સૂચવ્યો છે.'

'પરંતુ દર સો વર્ષે પૃથ્વીનું નિરીક્ષણ કરવામાં તો અમસ્તો સમય જશે. આપણને જોઇએ છે તેવી પરિસ્થિતિ પૃથ્વી પર થવામાં તો કેટલીય સદીઓ લાગશે. અને ધારો કે પૃથ્વી પરના લોકોએ પોતાનાં જ શસ્ત્રો વડે બધો વિનાશ કર્યો તો?' દમનકે કહ્યું.

'જ્યાં આપણે પચ્ચાસ હજાર વર્ષ થોભ્યા જ છીએ ત્યાં થોડા વધારે સૈકા રોકાવામાં હરકત શી છે? અને જો પૃથ્વી પરના માનવો પોતાનો જ સંહાર કરશે તો તો તારો ઉદ્દેશ આપોઆપ સધાઈ જશે. એ લોકો અગર પૃથ્વીની ભાંગફોડ કરશે તો પણ તે ફરી વાર વસવાટ યોગ્ય કરવાનું સામર્થ્ય આપણા વિજ્ઞાન પાસે છે.' કરટક બોલ્યો.

'તું કાયમ આશાવાદી જ હોય છે!' દમનક હસીને બોલ્યો. 'અને એ પણ તું શા પરથી કહે છે કે પૃથ્વી પરનો માણસ આપણા જેટલો વિકસિત થશે તો આપણું સ્વાગત કરશે?'

'કારણ કે તે પરિસ્થિતિએ પહોંચ્યા પછી તેઓમાં એક જાતનો આત્મવિશ્વાસ નિર્માણ થશે. તેઓનો દૃષ્ટિકોણ આપણી જેમ વ્યાપક અને પરિપકવ બન્યો હશે. આપણે તેમના જ બાંધવ છીએ અને મિત્રબુદ્ધિથી આવ્યા છીએ તેવું તેઓને મનાવવાનું સહેજે શક્ય બનશે.'

તેઓની ચર્ચા ઠીકઠીક સમય સુધી ચાલતી રહી. છેવટે સમાપન કરતાં કમ્પ્યુટર બોલ્યું, 'મેં તમારાં મંતવ્યોની અને મતભેદોની નોંધ લીધી છે. નિર્ણય લેવાનું કામ મારું નથી. હું બધી જ માહિતી આપણા મુખ્ય કમ્પ્યુટરને મોકલીશ. એ એક દૂરના અવકાશયાનમાં છે. તેના નિર્ણય અનુસાર આપણે વર્તવાનું રહેશે. એનો નિર્ણય આવતાં સાત દિવસ લાગશે.'

એ સાત દિવસ કરટક અને દમનકને સાત વર્ષ જેવાં લાગ્યાં. અંતરીક્ષયાનની અંદર તેમનો રોજિંદો વ્યવહાર ચાલતો હતો, પણ તેમની નજર તો મુખ્ય કમ્પ્યુટરના નિર્ણય ભણી જ મંડાએલી હતી. કરટક ખૂબ વિચારમગ્ન રહેતો હતો. દમનકે બે ત્રણ વાર પૂછ્યું પણ તેણે તો 'ખાસ કશું નથી' એમ કહીને વાત ટાળી હતી.

આખરે કમ્પ્યુટર તરફથી તેડું આવ્યું. મુખ્ય કમ્પ્યુટર તરફથી નિર્ણય આવી ગયો હતો. કરટક અને દમનક આતુરતાથી સાંભળવા લાગ્યા. કમ્પ્યુટર બોલ્યું, 'કરટકનો મત માન્ય કરવામાં આવ્યો છે. દર સો વર્ષે જુદાજુદા સ્વયંસેવકોની ટુકડીઓ મોકલવામાં આવશે. સુયોગ્ય સમય થાય નહીં ત્યાં સુધી પૃથ્વી ઉપર પાછા ફરવાનો નિર્ણય લેવામાં આવવાનો નથી.'

'અભિનંદન! કરટક, તારા મત મુજબ થયું. ચાલ, હવે થીજવા જઇએ.'

પણ કરટક પોતાની જગ્યાએથી ખસ્યો નહિ.

'થોભો.' કમ્પ્યુટરમાંથી અવાજ આવ્યો. 'મુખ્ય કમ્પ્યુટરે તમારી કામગીરી બદલ પ્રસન્નતા વ્યક્ત કરી છે અને તમારી બન્નેની એકએક ઇચ્છા મારા ગજા પ્રમાણે પૂરી કરવાની મને સૂચના પાઠવી છે. દમનક, તારી શી ઇચ્છા છે?'

'અત્યારે મારે કાંઈ જોઈતું નથી. પરંતુ પૃથ્વી ઉપર પાછા ફરીએ ત્યારે હું આ વરદાનનો ઉપયોગ કરું તો ચાલે કે?' દમનકે પૂછ્યું.

'ચાલે! હું એ પ્રમાણે નોંધી રાખું છું. કરટક, તારે શું જોઇએ છે?'

'મારી એક વિનતિ છે.' કમ્પ્યુટરને ઉદ્દેશીને કરટક બોલ્યો, 'મને અત્યારે જ પૃથ્વી પર મોકલી આપો.'

'અરે ઘેલા, તું જ તો આટલી વારથી ધીરજ રાખવાની વાતો કરતો હતો.' કમ્પ્યુટરનો જવાબ આવે તે પહેલાં જ દમનક આશ્ચર્યથી બૂમ પાડી ઊઠ્યો.

કમ્પ્યુટરે સંભાળપૂર્વક વિચાર કરીને કહ્યું, 'હા, દમનક કહે છે તે બરોબર છે. તારો તે અંગેનો ખુલાસો સાંભળવો જોઈએ.'

'મેં હાલ કરેલી વિનતિ ફક્ત મારા પોતા પૂરતી હતી. આપણા સહુ બાંધવોએ મેં આગળ કહ્યું તેમ, કેટલાક સૈકાઓ પછી જ આવવું. મેં અત્યારે જ જવાની ઇચ્છા દર્શાવી છે કારણ કે મારે પૃથ્વી પરની હાલની માનવવસ્તીમાં જઇને રહેવું છે.'

'પણ તેઓ તો આપણા કરતાં કેટલા બધા પછાત છે!' દમનક બોલ્યો.

'કબૂલ. વૈજ્ઞાનિક કક્ષાએ જોઈએ તો આપણે તેઓના કરતાં કેટલાયે આગળ છીએ. તેમની સમક્ષ હોય તેવી અનેક સમસ્યાઓ આપણે ઉકેલી નાખી છે; તે લોકોને ભીડવનાર એવાં અનેક સંકટો આપણે આપણા જીવનમાંથી હાંકી કાઢયાં છે, એ બધી વાત મને કબૂલ છે. અને તો પણ મને તેઓની જીવન-પદ્ધતિ તરફ આટલું આકર્ષણ કેમ થાય છે?'

'કારણ કે તારી વિચાર કરવાની શક્તિ હવે ખલાસ થવા આવી હશે.' દમનક બોલ્યો.

'ના.' કમ્પ્યુટરે તેને રોક્યો. 'મને ખાતરી છે કે તારી આ વિનતિ પાછળ ક્યાંક ખાસ કારણ રહેલું છે.'

'હા, પરંતુ તે તમને ગળે ઊતરશે કે નહિ તેની મને શંકા છે. તે છતાં હું પ્રયત્ન કરી જોઉં.' કરટક બોલ્યો, 'પહેલાં એક ઉદાહરણ આપું. વિશ્વમાં નિર્જીવ વસ્તુઓ બાબત એક નિયમ દેખી શકાય છે. તે વસ્તુઓની એકા-બીજા સાથે થનારી પ્રક્રિયા, તે વસ્તુઓની રચનામાં થનારા ફેરફાર, આ બધું એક નિશ્ચિત દિશામાં બનતું હોય છે. પહેલાં તેમાં વિવિધતા હોય, રચનાનાં જાતભાતનાં રૂપો હોય—પરંતુ ક્રમેક્રમે તે ઓછાં થતાં જાય, અને છેવટે સમતુલનાના એક પરમોચ્ચ બિંદુ આગળ એ વસ્તુ સ્થિર થઈ જાય. એવી પરિસ્થિતિમાં તેનો વ્યવહાર મંદ બને, તેમાં થતા ફેરફારો બંધ થાય, તેની નવીનતા નહિવત્ બને—'

'પૃથ્વી પરના માણસો તેને થર્મોડાયેનેમિક ઇક્વીલિબ્રિયમ કહે છે. એ વિષયમાં તેઓનું જ્ઞાન હજુ સાવ જ અલ્પ છે.' દમનક બોલ્યો. 'તે લોકો આ છેવટની પરિસ્થિતિને 'હીટ ડેથ' એવું નામ પણ આપે છે.'

'બરાબર. 'હીટ ડેથ' માંના 'ડેથ' એટલે કે મૃત્યુ શબ્દમાં મારે જે કહેવું છે તેનો બધો સાર ભરેલો છે.' કરટક આગળ કહેવા લાગ્યો. 'આપણા ઇતિહાસ તથા પૃથ્વી પરના માનવોના ઇતિહાસનો મેં જે અભ્યાસ કર્યો તે પરથી મને દેખાય છે કે માનવોની જીવનપદ્ધતિ પણ આવા જ એક માર્ગે જઈ રહી છે. અવિકસિત દશામાં મનુષ્ય કુદરતની નજીક હોય છે. પ્રગતિનાં સોપાનો ચડતો જાય તેમતેમ કુદરતથી દૂર જાય છે. તેના જીવનમાં વિવિધતા જતી રહીને યાંત્રિકતા પ્રવેશવા લાગે છે.

'અત્યારે પૃથ્વી પર વપરાય છે તે કાળગણના મુજબ ત્યાં વીસમી સદી ચાલે છે. ગઈ સદીમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં ઝડપથી પ્રગતિ થઈ અને પૃથ્વીના જુદાજુદા ભાગો વચ્ચે સહજ સંપર્ક સ્થપાવા લાગ્યા છે. જુદાજુદા ઠેકાણે રહેનારા માણસોને એકબીજાની પરિસ્થિતિમાં રહેલા તફાવત નજરે ચઢે છે. ધનવાન-નિર્ધન, શિક્ષિત-અશિક્ષિત, એવા ભેદભાવો છે, અને તેની જાણ થવાથી સંઘર્ષો થવા લાગ્યા છે. પરંતુ છેવટે તો એ બધાનું પર્યાવસાન સર્વત્ર સમાનતા સ્થાપન થવામાં જ થશે એમાં શંકા નથી.

'આપણે પણ આ જ રસ્તે ગયા છીએ. વિજ્ઞાનની મદદથી આપણે એવી સમાનતા સ્થાપિત કરી હતી. અનેક સુખસગવડો પ્રાપ્ત કરી, રોગચાળા દૂર કર્યા, આયુષ્યમર્યાદા વધારી. પરંતુ એ બધી ઉત્તમ જણાતી વાતોમાં આપણે એક મહત્ત્વનો પાયો ગુમાવી બેઠા. તે હતો કુદરત સાથેનો સંબંધ. તે સંબંધ તોડીને આપણે યંત્રોએ દીધેલું સઘળું અપનાવી લીધું, યંત્રોની સાથોસાથ આવ્યું યાંત્રિક જીવન. પહેલાંના જેવી વિવિધતા ગઇ, એકધારાપણું આવ્યું. નિર્જીવ વસ્તુઓની જેમ આપણે પણ સમતુલનના પરમોચ્ચ બિંદુ તરફ ઝપાટાભેર જઈ રહ્યા છીએ. 'હીટ ડેથ'ની પરિસ્થિતિથી ઝાઝા દૂર નથી.'

'આવું ભાન તને ક્યારે થયું?' કમ્પ્યુટરે પૂછ્યું.

'આ ભાન મને પહેલેથી જ—નાનપણથી હતું. જીવનનું એકધારાપણું મને બરાબર ખયાલમાં હતું. પરંતુ મને એની તદ્દન સ્પષ્ટ જાણ પૃથ્વી પર પાછા ગયા પછી થઈ. પૃથ્વી પરનો હાલનો રહેવાસી માણસ હજુ પ્રગતિના પરમોચ્ચ બિંદુથી પુષ્કળ દૂર છે. તળાવમાં પથરો નાખીએ કે તેમાં લહેરો પેદા થાય, તે ધીમેધીમે શમતી જાય અને છેવટે પાણીની સપાટી સ્થિર થઈ જાય. આ થયું પ્રગતિનું પરમોચ્ચ બિંદુ! આવા બિંદુની નજીક પહોંચેલા હોવાથી આપણે અતિશય શમવા આવેલી લહેરી જેવું જીવન જીવીએ છીએ. અત્યારે પૃથ્વી પર વસનાર માનવીઓના જીવનમાં ચંચળ લહેરીઓ વધારે પ્રમાણમાં વરતાય છે.' કરટક બોલ્યો.

'તુ કવિ જેવું બોલે છે!' દમનકે હસીને કહ્યું, 'આ લહરીઓની ચંચળતા ઘટાડવા માટે જ અત્યારનો માનવ મથી રહ્યો છે?'

'મારી છેલ્લી સફરનો એક અનુભવ ટાંકું છું.' કરટક આગળ બોલ્યો, 'હું કેટલાક દેશોમાં ગયો હતો. જ્યાં દિવસે સતત ગરમી પડે છે. થોડા દિવસ વરસાદ વગરના ગએલા એટલે તાપમાં શેકાએલા માણસો આતુરતાથી વરસાદની વાટ જોતા હતા. જ્યારે તેનાથી ઊલટું બીજા કેટલાક દેશોમાં આકાશ કાયમ વાદળછાયું રહે છે. એવે સ્થળે ક્યારેક ક્યારેક સૂર્ય ડોકું કાઢે એટલે એનું કેવું મોટું સ્વાગત થતું મેં જોયું છે! દુ:ખનો કે કષ્ટનો અનુભવ લીધા સિવાય આરામનું મહત્ત્વ સમજાતું નથી. આપણા વૈજ્ઞાનિકોએ યંત્રોની મદદથી તડકો અને વરસાદ બેઉ પર નિયંત્રણ કર્યું. નિશ્ચિત સમયે તડકો અને નિશ્ચિત સમયે વરસાદ – તે પણ યોગ્ય પ્રમાણમાં જ—આપણી વસાહત પર ભલે પડતા હોય-પણ આ યાંત્રિક નિયંત્રણને કારણે આપણે કદી પણ એ કુદરતી બક્ષીસો તરફ આશ્ચર્ય કે આદરથી તો જોયું જ નથી.

'મારે પૃથ્વી પર પાછા જઇને જીવનની એ વિવિધતાનો અનુભવ લેવો છે. મને કેટલીયે વાર થાય છે કે આપણો જન્મ પાંચ-સાત સદીઓ પહેલાં થયો હોત તો કેવું સારું થાત? અત્યારે અનાયાસે મને આ તક મળી છે તો એનો લાભ લેવાની મને પરવાનગી આપવામાં આવે.'

કરટકનું બોલવું પૂરું થયા પછી થોડીવાર સ્તબ્ધતા છવાઈ ગઈ. તેનો ભંગ કરતાં કમ્પ્યુટર બોલ્યું, 'તમારા બેઉની જવાબદારી મારા પર છે. તને પૃથ્વી પર પાછો જવા દેવામાં મને હરકત નથી, પરંતુ કેટલાંક પરિણામોની તને જાણ કરી દેવી એ મારી ફરજ છે.'

'પહેલું તો એ કે પૃથ્વી પર તું અતિવિકસિત માનવ તરીકે નહિ રહી શકે. તારો જ્ઞાનભંડાર અને તારી વિચારક્ષમતા પૃથ્વી પરના માણસ કરતાં પુષ્કળ ઊંચા દરજ્જાની છે. તે મારે ઓછી કરવી પડશે. નહિ તો તે લોકો તને ગાંડામાં ગણી કાઢશે. તેમની વચ્ચે શોભે એવા હોશિયાર વૈજ્ઞાનિક તરીકે હું તને પૃથ્વી પર મોકલીશ. પરંતુ તે માટે તારે પોતાના ભેજાની મોટા ભાગની જ્ઞાનસામગ્રી પર પાણી ફેરવવું પડશે. બીજી અગત્યની વાત એ કે ત્યાંના રોગો બીમારીઓનો સામનો કરવા જેટલું તારું શરીર બળવાન નથી. તે તો હું જોે કે ઔષધોથી એવું કરી આપીશ, પણ તારું આયુષ્ય મર્યાદિત થઈ જશે. હું તને ત્રીસ વર્ષના તરુણ તરીકે મોકલીશ. પરંતુ ધ્યાન રાખ કે તે પછી સો વર્ષ સુધી અમારામાંનું કોઈ ત્યાં ફરકવાનું નથી અને સો વર્ષ પછી તું હયાત હશે નહિ. તે વખતે મત બદલવાનો મોકો મળવાનો નથી.'

'આ બધી બાબતોનો મેં પહેલેથી જ વિચાર કરી રાખેલો છે. મારો મત દૃઢ થયો છે. મારા ઉપર કરવાના ઔષધપ્રયોગો તાબડતોબ કરવામાં આવે'. કરટક બોલ્યો. 'દમનક, તું જ મારો એક માત્ર મિત્ર છે, તારા વિયોગનો વિચાર મને ડંખે છે. પરંતુ મારો નિશ્ચય અફર છે.'

મેડિકલ રૂમની લાલ બત્તી ઉઘાડ-બંધ થવા લાગી. પોતાને શારીરિક અને માનસિક ઉપચાર પતાવી લેવા અંદર જવાની એ સૂચના કરટકે ઓળખી. તેણે હાથ આગળ કર્યો.

'ગુડબાય દમનક! સુખેથી રહેજો.'

દમનકે કષ્ટપૂર્વક હાથ મિલાવ્યો. તરત જ મ્હોં ફેરવીને કરટક ઝટપટ પગ ઉપાડતો મેડિકલ રૂમમાં ચાલ્યો ગયો. તેની પીઠ દરવાજા પછવાડે ગઈ. દરવાજા બંધ થયા. કેટલીયે વાર સુધી દમનક તે તરફ જોતો ઊભો રહ્યો. □

[મૂળ મરાઠીમાં લખાએલી 'યક્ષાંચી દેણગી' (મૌજ પ્રકાશન-મુંબઇ) નામના વાર્તાસંગ્રહમાંની 'પુનરાગમન' વાર્તાનો અનુવાદ. આ માટે પરવાનગી આપવા બદલ પ્રો. જયંત નારળીકર અને મૌજ પ્રકાશનનો હું આભારી છું. -અનુવાદક]